بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

રબ્બે ઝિદ્‌ની ઈલ્મા વર્ઝુકની ફહ્‌મા. — رَبِّ زِدۡنِیۡ عِلۡمًا وَارۡزُقۡنِیۡ فَهۡمًا

**અર્થ : અય મારા રબ ! મારું ઈલ્મ વધાર અને મને સમજદારીની રોઝી અતા કર.**


**સરપરસ્ત**



પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ(મદે.) અને હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદે.)



અખિલ ગુજરાત શીઆ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક

શીઆ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

# જાફરી આવાઝ

વર્ષ : ૩૨ ❖ અંક : ૧૧ ❖ ૧૦, ઓગસ્ટ–૨૦૧૩
૨, શવ્વાલ, હિ.સન–૧૪૩૪ ❖ સળંગ અંક : ૩૮૪

**આદ્ય તંત્રી : મર્હૂમ 'દીપક' દાંત્રેલિયા**

**માનદ તંત્રી**

કાસમભાઈ વિજાપુરા (મોબા. : ૯૪૨૬૫ ૪૧૪૭૨)

સહતંત્રી : માસૂમ મહેરપુરી
મો.૯૬૮૭૬૭૯૫૧૩
વ્યવસ્થાપક : ઈબ્રાહીમ ડી. વાઘ
✆ ૨૨૭૨૯૬ મો.૯૪૨૮૬૪૬૪૭૬
સહ વ્યવ. : અકબરઅલી એ. મસી
મો.૯૮૨૫૪૯૭૧૭૮
અનવરઅલી એચ. મતિયા
મશાયખ કમ્પ્યૂટર : જાફરી આવાઝ ૯૯૨૫૭૩૦૧૦૭

**સલાહ અને માર્ગદર્શન**

મોલ્વી હાસમભાઈ વલીભાઈ ગાંધી(સિધ્ધપુર)

**મુખપૃષ્ઠ સજાવટ**

શબ્બીરઅલી ગુલામમહંમદ રેવાસીયા(જેઠીપુરા)

**કાર્યાલયનું સરનામું**

'જાફરી આવાઝ'(માસિક)
મુ.પો. ઈલોલ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા
પીન-૩૮૩ ૨૨૦. ફોન : ૦૨૭૭૨-૨૨૭૨૯૬

Website : www.jafariaawaz.com
Email : jafariaawaz@gmail.com

વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-
(મોહર્રમ માસથી જ ગ્રાહક થવાય છે.)


## લેખ સૂચિ


| | |
|---|---|
| ઊઘડતે પાને | ૦૧ |
| કુરઆન શિક્ષણ | ૦૫ |
| અહાદીસ | ૦૭ |
| સુપરમેન ઈન ઈસ્લામ : હઝરત ઈમામ જાફર સાદિક (અ.) | ૧૧ |
| ગડમથલ | ૧૪ |
| મશાયખવાણી | ૧૫ |
| નહજુલ અસરાર | ૧૯ |
| અલી હૈ સામને મેરે | ૨૨ |
| કુરઆને મજીદના સૂરાઓનો પરિચય | ૨૫ |
| બાબુલ હવાએઝ અબ્બાસ અલમદાર (અ.) | ૨૮ |
| ખુત્બો : બીમારોના ખબરઅંતર પૂછવા | ૩૧ |
| અલ ઈર્શાદ | ૩૫ |
| મીર અનીસના મરસિયા | ૩૮ |
| સર્વશ્રેષ્ઠ સ્મરણ | ૪૧ |
| શેખ સાઅદીની શાયરીનો રસાસ્વાદ | ૪૩ |
| ચમકતા સિતારા | ૪૫ |
| બ્લોગ | ૪૯ |
| જ્ઞાનગોષ્ઠિ | ૫૧ |
| આપણા ઘરની વાતો | ૫૫ |
| 'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન | ૫૯ |
| જાફરી પંચાંગ | ૬૩ |


## ઊઘડતે પાને...

આપણા પાંચમા ઈમામ.

હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.).

કુલૈની કિતાબ કાફીમાં હકમ બિન ઉત્બાથી નકલ કરે છે કે તે કહે છે કે હું ઈમામ મોહંમદ બાકિર (અ.)ની ખિદમતમાં હતો અને આપનું ઘર લોકોથી ભરેલું હતું, એવામાં અચાનક એક ઘરડો માણસ કે જે પોતાની લાકડીના ટેકે ચાલી

રહ્યો હતો, તે ત્યાં આવ્યો અને ઓરડાના દરવાજા પાસે ઊભો થઈ ગયો. પછી ઈમામ મોહંમદ બાકિર (અ.) તરફ મોઢું કરીને કહેવા લાગ્યો,

اَلسَّلَامُ عَلَيْكَ يَابْنَ رَسُوْلَ اللّٰهِ وَرَحْمَةُ اللّٰهِ وَبَرَكَاتُهٗ

*(અય રસૂલ (સ.)ના ફરઝંદ ! આપના ઉપર સલામ થાય અને અલ્લાહની રહેમતો અને બરકતો થાય.)*

ત્યાર પછી તે ચૂપ થઈ ગયો અને જવાબની રાહ જોવા લાગ્યો. ઈમામ (અ.)એ પણ એવી જ રીતે તેને જવાબ આપ્યો. ત્યાર પછી પેલા ઘરડા માણસે પોતાનું મોઢું મજલિસ તરફ કર્યું અને તેમને સલામ કરી અને ચૂપ થઈ ગયો. એટલે સુધી કે બધાએ તેની સલામનો જવાબ આપ્યો. પછી ઈમામ બાકિર (અ.)ની તરફ મોઢું કરીને અરજ કરી,

"યબ્ન રસૂલિલ્લાહ ! મને આપની પાસે જગ્યા એનાયત ફરમાવો. અલ્લાહ મને આપના ઉપર કુરબાન કરે, ખુદાની કસમ હું આપને દોસ્ત રાખું છું અને જે પણ આપને દોસ્ત રાખે તેને પણ દોસ્ત રાખું છું. બેશક મારી આ દોસ્તી અને મોહબ્બત દુનિયાના લોભ લાલચ ખાતર નથી. બેશક હું આપના દુશ્મનો સાથે દુશ્મની રાખું છું અને તેમના તરફ બેઝારી અને નફરત પ્રગટ કરું છું. બેશક આ બેઝારી અને નફરત એ ઈન્તેકામ અને નફરતના કારણે નથી કે જે તેના અને મારા વચ્ચે હોય. ખુદાની કસમ, આપના હલાલને હલાલ અને હરામને હરામ સમજું છું. અને આપના અમ્ર તેમજ હુકૂમતે કરીમાની વાટ જોનારો છું. શું હું ઉમેદ રાખું અને આપને મારી બાબતમાં કોઈ ઉમેદ છે ? ખુદા મને આપના ઉપર કુરબાન ફરમાવે."

ઈમામ બાકિર (અ.)એ ફરમાવ્યું,

"મારી તરફ આવો, મારી તરફ આવો."

અને તેને પોતાની પાસે બેસાડી દીધો અને ત્યાર પછી ફરમાવ્યું,

"અય વૃધ્ધ માણસ ! એક માણસ મારા વાલિદ અલી ઈબ્નુલ હુસૈન (અ.)ની ખિદમતમાં આવ્યો હતો અને આપ (અ.)ને આવો જ સવાલ પૂછ્યો હતો તો મારા વાલિદે તેને આવું ફરમાવ્યું :

"અગર તું આવી જ હાલતમાં દુનિયાથી કૂચ કરી ગયો તો રસૂલલ્લાહ (સ.) અને ઈમામ અલી (અ.), ઈમામ હસન મુજતબા (અ.), ઈમામ હુસૈન (અ.) અને અલી બિનુલ હુસૈન (અ.)ની પાસે વારિદ થઈશ અને તારું દિલ ઠંડું થશે, તારું દિલ ખુશ અને તારી આંખો રોશન થશે. જ્યારે તારો જીવ તારા ગળા સુધી પહોંચશે તો ફરિશ્તાઓ પોતાની પાંખો ખોલી દઈને ગુલદસ્તો લઈને તારું સ્વાગત કરવા આવશે."

"અને અગર તું જીવતો રહ્યો તો એવું બધું જ જોઈશ કે તારી આંખોની રોશનીના કારણે હોય. જન્નતમાં તું અમારી સાથે સૌથી ઊંચા

સ્થળોમાં હોઈશ.''

તે ઘરડો માણસ ઈમામ (અ.)ની વાતો સાંભળીને એટલો બધો ખુશ થઈ ગયો હતો કે તે કહેવા લાગ્યો,

''અય અબૂ જાફર ! આપે શું ફરમાવ્યું છે?''

ઈમામ (અ.)એ પહેલાં કહ્યું તેનો મતલબ ફરીથી બયાન ફરમાવ્યો.

ઘરડા માણસે નવાઈ પામીને કહ્યું,

''અલ્લાહુ અકબર ! અય અબૂ જાફર ! જો હું મરી જઈશ તો રસૂલે ખુદા (સ.), ઈમામ અલી (અ.), ઈમામ હસન (અ.), ઈમામ હુસૈન (અ.) અને ઈમામ અલી બિનુલ હુસૈન (અ.)ની પાસે જઈશ.'' અને તે ભાવાર્થને દોહરાવ્યો કે જે ઈમામ (અ.)એ ફરમાવ્યો હતો.

ત્યાર પછી તે ઘરડા માણસે રડવાનો અવાજ બુલંદ કર્યો અને રડવાને કારણે તેનો શ્વાસ બંધ થઈ ગયો અને તે રડતો રડતો જમીન ઉપર પડી ગયો. ત્યાં બેઠેલા લોકો પણ તે ઘરડા માણસની હાલતને જોઈને રડવા લાગ્યા.

હઝરત ઈમામ બાકિર (અ.)એ પોતાની મુબારક આંગળીઓથી તે ઘરડા માણસની આંખોથી આંસુ સાફ કર્યાં. તે ઘરડા માણસે પોતાનું માથું ઊંચું ઉઠાવ્યું અને ઈમામ બાકિર (અ.)ને અરજ કરી,

''યબ્ન રસૂલિલ્લાહ ! આપનો મુબારક હાથ મને આપો જેથી હું તેના બોસા લઉં. ખુદા મને આપના ઉપર ફિદા કરે.''

તે વખતે તેણે ઈમામ (અ.)નો હાથ પકડીને ચૂમ્યો અને પોતાની આંખો પર અને ચહેરા ઉપર મૂક્યો. ત્યાર પછી તેણે પોતાનું ખમીસ ઉપર ઉઠાવ્યું, પોતાનું પેટ અને છાતી ખુલ્લી કરીને ઈમામ (અ.)નો હાથ ત્યાં મૂકી દીધો. ત્યાર પછી તે પોતાની જગ્યાએથી ઊભો થયો અને સલામ અને ખુદા હાફિઝ કહ્યું, ઈમામ બાકિર (અ.) તેને તેના પાછળના ભાગથી જોઈ રહ્યા હતા અને તે જઈ રહ્યો હતો. ત્યાર પછી આપ (અ.)એ મજલિસમાં બેઠેલો લોકો તરફ મોઢું કરીને ફરમાવ્યું,

مَنْ اَحَبَّ اَنْ يَّنْظُرَ اِلٰى رَجُلٍ مِنْ اَهْلِ الْجَنَّةِ
فَلْيَنْظُرْ اِلٰى هٰذَا

*(જે કોઈ એવું ઈચ્છતો હોય કે જન્નતી માણસને જોવો છે તો તે આને જોઈ લે.)*

હકીમ બિન ઉત્બા કહે છે,

''અમે આવું માતમ કરતી હોય અને રડતી હોય તેના જેવી બીજી કોઈ મજલિસ નથી જોઈ.''

(અલ કાફી, પેજ–૮૬,૮૭, હદીસ–૩૦, અલ વાફી, ૫/૭૯૯, હદીસ–૩, બિહારુલ અન્વાર, ૪૬/૩૬૧, હદીસ–૩)

અલી બિન ઈબ્રાહીમ કુમી કુરઆનની આ આયત –

تَبٰرَكَ اسْمُ رَبِّكَ ذِى الْجَلٰلِ وَ الْاِكْرَامِ ﴿٧٨﴾

(સૂરએ રહેમાન, આયત–૭૮)

ની તફસીરમાં ઈમામ મોહંમદ બાકિર

(અ.)થી નકલ કરે છે કે આપ (અ.)એ ફરમાવ્યું,

نَحْنُ جَلاَلُ اللّٰهِ وَكَرَامَتُ الَّتِى اَكْرَمُ اللّٰهِ اَلْعِبَادَ بِطَاعَتِنَا

(અમે અલ્લાહની જલાલત અને કરામતના એવા મઝહર (પ્રગટ થવાનાં સ્થાન) છીએ કે બંદાઓ અમારી ઈતાઅત અને ફરમાબરદારીના કારણે ખુદાની કરામત અને બુઝુર્ગવારી સુધી પહોંચે છે.)

(તફસીરે કુમી, ૨/૩૪૬, બિહારુલ અન્વાર, ૨૪/૧૯૬, હદીસ–૨૦, તફસીરે બુર્હાન, ૪/૨૭૨, હદીસ–૧)

મોવલ્લિફ ફરમાવે છે કે આ રિવાયતનું સમર્થન ઈમામ બાકિર (અ.)ની એક બીજી રિવાયત પણ કરે છે. ઈમામ (અ.) ફરમાવે છે –

"જો કોઈ ઈમામની સામે તકબીર કહે એટલે કે 'અલ્લાહુ અકબર' પછી આવું કહે :

لَا اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ

*(અલ્લાહ સિવાય બીજો કોઈ માઅબૂદ નથી, તે એક અને લાશરીક છે.)*

તો ખુદા તઆલા તેના માટે રિઝવાને અકબર વાજિબ કરી દે છે. (રિઝવાને અકબરથી મુરાદ જન્નત, રિઝવાન અથવા ખુદાની ખુશનૂદી છે.) અને જે આવી રીતે તૌફીક પ્રાપ્ત કરી લે. તો ખુદા પોતાના ઉપર લાઝિમ કરી દે છે કે તેને અને પોતાના ખલીલ ઈબ્રાહીમ (અ.), પોતાના હબીબ મોહંમદ (સ.) અને પોતાના બાકીના રસૂલોને દારૂલ જલાલમાં ભેગા કરે.

રાવી સઅદ બિન તરીફ કહે છે :

"મેં હઝરતને સવાલ કર્યો કે દારૂલ જલાલ શું છે ?"

તો ઈમામ (અ.)એ ફરમાવ્યું,

'દાર'થી મુરાદ અમે છીએ અને આ મતલ તરફ ખુદાનું આ ફરમાન ઈશારો કરે છે :

تِلْكَ الدَّارُ الْاٰخِرَةُ نَجْعَلُهَا لِلَّذِيْنَ لَا يُرِيْدُوْنَ عُلُوًّا فِى الْاَرْضِ وَلَا فَسَادًا ۭ وَالْعَاقِبَةُ لِلْمُتَّقِيْنَ ﴿٨٣﴾

(સૂરએ કસસ, આયત–૮૩)

(આ આખેરતનું ઘર અમોએ એ લોકો માટે બનાવ્યું છે કે જે જમીનમાં ચઢિયાતાપણાનો અને ફસાદનો ઈરાદો ધરાવતા નથી, અને નેક આકેબત પરહેઝગારો માટે છે.)

હઝરતે ફરમાવ્યું,

આકેબતથી મુરાદ આ આયતમાં અમે છીએ અને અમારી મવદ્દત અને દોસ્તી મખ્સૂસ છે અહલે તકવાની સાથે. ખુદા તબારક વ તઆલા ફરમાવે છે :

تَبٰرَكَ اسْمُ رَبِّكَ ذِى الْجَلٰلِ وَ الْاِكْرَامِ ﴿٧٨﴾

(સૂરએ રહમાન, આયત–૭૮)

*(મુબારક છે તારા પરવરદિગારનું નામ કે જે ઈજ્જતવાળુ અને ઈકરામ (સન્માન)વાળુ છે.)*

હઝરત (અ.)એ ફરમાવ્યું,

"અમે ખુદાની કરામત અને ઈજ્જત તેમજ જલાલતના હકદાર બનીએ છીએ."

(બસાઈરુલ દર્જાત–૩૧૨, હદીસ–૧૨, બિહારુલ અન્વાર, ૨૪/૩૦૯૭, હદીસ–૧૧૬, તફસીરે બુર્હાન, ૪–૨૯૮, હદીસ–૨)

# કુરઆન શિક્ષણ

અઝ
આકાએ નામદાર
પીર સૈયદ મોહંમદ
મુશાહિદહુસૈન
જાફરી(મદ્દે.)

## નબીઓ અને ઈમામો વિષેની આયતો

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

وَ اَصۡبَحَ فُؤَادُ اُمِّ مُوۡسٰی فٰرِغًا ؕ اِنۡ كَادَتۡ لَتُبۡدِیۡ بِهٖ لَوۡ لَاۤ اَنۡ رَّبَطۡنَا عَلٰی قَلۡبِهَا لِتَكُوۡنَ مِنَ الۡمُؤۡمِنِيۡنَ ﴿۱۰﴾

❂ અને મૂસાની માનું મન અધીરું બની ગયું; જો અમોએ તેના મનને (અમારા વાયદા પર) વિશ્વાસ રાખવા માટે દ્રઢ બનાવી દીધું ન હોત તો પાસે જ હતું કે તેણી તેના વિષેનો ભેદ જરૂર જ ઉઘાડી નાખત.

**(પારો–૨૦, સૂરએ કસસ, આયત–૧૦)**

---

وَ حَرَّمۡنَا عَلَيۡهِ الۡمَرَاضِعَ مِنۡ قَبۡلُ فَقَالَتۡ هَلۡ اَدُلُّكُمۡ عَلٰۤی اَهۡلِ بَيۡتٍ يَّكۡفُلُوۡنَهٗ لَكُمۡ وَ هُمۡ لَهٗ نٰصِحُوۡنَ ﴿۱۲﴾

❂ અને અમોએ તે (મૂસા) પર બીજી દૂધ પાનારીઓ પ્રથમથી જ હરામ કરી દીધી હતી, જેથી (મૂસાની બહેને ત્યાં જઈને) કહ્યું કે શું હું તમને એવાં ઘરવાળાં દેખાડું કે જે તમારી ખાતર આ બાળકનું જતન કરે અને તેઓ તેના શુભેચ્છક પણ હોય ?

**(પારો–૨૦, સૂરએ કસસ, આયત–૧૨)**

---

فَرَدَدۡنٰهُ اِلٰۤی اُمِّهٖ كَیۡ تَقَرَّ عَيۡنُهَا وَ لَا تَحۡزَنَ وَ لِتَعۡلَمَ اَنَّ وَعۡدَ اللّٰهِ حَقٌّ وَّ لٰكِنَّ اَكۡثَرَهُمۡ لَا يَعۡلَمُوۡنَ ﴿۱۳﴾

❂ આ (યુક્તિ)થી અમોએ તે (મૂસા) ને તેની મા પાસે પાછો ફેરવી દીધો કે જેથી તેણીની આંખો ટાઢી થાય અને તેણી દિલગીર ન થાય અને તેણી આ વાત પણ જાણી લે કે અલ્લાહનો વાયદો બેશક સાચો હોય છે; પરંતુ ઘણા ખરા લોકો જાણતા નથી.

**(પારો–૨૦, સૂરએ કસસ, આયત–૧૩)**

وَلَمَّا بَلَغَ اَشُدَّهٗ وَاسْتَوٰۤى اٰتَيْنٰهُ حُكْمًا
وَّعِلْمًا ؕ وَكَذٰلِكَ نَجْزِى الْمُحْسِنِيْنَ ﴿١٤﴾

❂ અને જ્યારે તે (મૂસા) પોતાની સંપૂર્ણ શકિત (યુવાવસ્થા)એ પહોંચ્યો અને સારી પેઠે હાથ પગ કાઢયા ત્યારે અમોએ તેને સદબુધ્ધિ અને જ્ઞાન અર્પણ કર્યાં; અને અમે સદાચારીઓને એવી રીતે બદલો આપ્યા કરીએ છીએ.

**(પારો–૨૦, સૂરએ કસસ, આયત–૧૪)**

---

وَلَمَّا تَوَجَّهَ تِلْقَآءَ مَدْيَنَ قَالَ عَسٰى
رَبِّىْۤ اَنْ يَّهْدِيَنِىْ سَوَآءَ السَّبِيْلِ ﴿٢٢﴾

❂ જ્યારે તે મદયન તરફ ચાલવા લાગ્યો ત્યારે (માર્ગ માલૂમ ન હોવાથી સ્વગત) કહેવા લાગ્યો કે મને આશા છે કે મારો પરવરદિગાર મને સીધો માર્ગ દેખાડી દેશે.

**(પારો–૨૦, સૂરએ કસસ, આયત–૨૨)**

---

وَلَمَّا وَرَدَ مَآءَ مَدْيَنَ وَجَدَ عَلَيْهِ اُمَّةً
مِّنَ النَّاسِ يَسْقُوْنَ ۫ وَوَجَدَ مِنْ دُوْنِهِمُ
امْرَاَتَيْنِ تَذُوْدٰنِ ۚ قَالَ مَا خَطْبُكُمَا ؕ
قَالَتَا لَا نَسْقِىْ حَتّٰى يُصْدِرَ الرِّعَآءُ ٚ وَ
اَبُوْنَا شَيْخٌ كَبِيْرٌ ﴿٢٣﴾

❂ અને જ્યારે મદયનના પાણી (કૂવા) પર પહોંચ્યો તો ત્યાં લોકોના એક ટોળાને (પોતાના પશુઓને) પાણી પાતા જોયા અને તેનાથી થોડેક છેટે પોતાનાં (ઘેટાં–બકરાં)ને અટકાવતી બે સ્ત્રીઓ દેખી, (જેથી) તેણે પૂછયું કે તમારો શું મતલબ છે ? તે બન્નેએ કહ્યું કે જ્યાં સુધી આ ગોવાળો (પોતાના પશુ હવાડા પરથી) ખસેડી લેશે નહીં ત્યાં સુધી અમે (અમારા પશુઓને પાણી) પાઈ શકતી નથી અને અમારો બાપ ઘણો વૃધ્ધ છે (માટે અમે વધુ ખોટી પણ થઈ શકતી નથી).

**(પારો–૨૦, સૂરએ કસસ, આયત–૨૩)**

**જાફરી આવાઝનું કુરિઅર સરનામું** મશાયખ કમ્પ્યૂટર, જાફરી આવાઝ (માસિક), આરઝૂ કોમ્પલેક્ષ, બીજે માળે, એલ. આઈ.સી. ઓફિસની બાજુમાં, ન્યાય મંદિર, હિંમતનગર. મો.૯૯૨૫૭૩૦૧૦૭



# અહાદીસ

અનુવાદક : જનાબ સૈયદ ઓવેસઅહેમદ ઝેડ. જાફરી

કિતાબ
**ઈર્શાદાતે રસૂલ(સ.)**

## ૨૪ નમાઝ વિષે

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

...فَاَقِيْمُوا الصَّلٰوةَ ۚ اِنَّ الصَّلٰوةَ كَانَتْ

عَلَى الْمُؤْمِنِيْنَ كِتٰبًا مَّوْقُوْتًا ﴿١٠٣﴾

*(પધ્ધતિ અનુસાર) નમાઝ પઢતા રહો કારણ કે નમાઝ તો ઈમાનદારો ઉપર સમય નક્કી કરીને ફર્ઝ કરવામાં આવી છે.)*

(સૂરએ નિસા, આયત–૧૦૩)

(ગતાંકનું ચાલું)

(૩૫૩) જે માણસ નમાઝ છોડી દે અને તેના સવાબની આશા ન રાખે અને તેને ત્યાગ કરવાના અઝાબથી ભયભીત ન થાય તો મને તેની દરકાર નથી કે તે યહૂદી, મજૂસી અથવા ઈસાઈની મોતે મરે. (જામેઉલ અખ્બાર, સફા–૮૭)

(૩૫૪) એ દરેક બંદો કે જે નમાઝને તેના સમય અનુસાર પઢતો રહે અથવા તો નમાઝના હકને પારખીને તેને બીજા કામોથી વધારે મહત્વનો ગણે તેના અને અલ્લાહ વચ્ચે કરાર કાયમ રહેશે, પરંતુ જ્યારે તે તેને બિનમહત્વની ગણીને તેનો ત્યાગ કરે અને બીજા કામોને નમાઝ કરતાં વધારે મહત્વનાં ગણે તો અલ્લાહ તેનાથી કરેલા કરારને રદ કરી દે છે અને તે વખતે તેનો અંજામ અલ્લાહની મરજી અનુસાર થશે, તે ઈચ્છે તો તેના પર અઝાબ કરે અથવા જો તે ઈચ્છે તો મગ્ફેરત કરે.

(તરાએફુલ હિકમ, જિલ્દ–૨, સફા–૪૫૩)

(૩૫૫) સૌથી મોટો ચોર એ છે કે જે નમાઝમાં ચોરી કરે છે. આપને પૂછવામાં આવ્યું, “હે રસૂલલ્લાહ ! નમાઝમાં ચોરી કેવી રીતે કરી શકે ?” આપે જવાબમાં ફરમાવ્યું, “રુકૂઅ અને સજ્દાઓને યોગ્ય રીતે બજાવી ન લાવવા.”

(તરાએફુલ હિકમ, જિલ્દ–૨, સફા–૪૫૩)

(૩૫૬) હે લોકો ! તમારો પરવરદિગાર કહે છે કે પાંચ વખતની નમાઝો વાજિબ છે, જે કોઈ તેમનું રક્ષણ કરે અને તેમના સમય ઉપર તેમને બજાવી લાવે તો કયામતના દિવસે તેના માટે મારી પાસે એક કરાર હશે કે જેના અનુસાર હું તેને જન્નતમાં દાખલ કરીશ. અને જે વ્યકિત તેમને તેમના સમય પર નહીં પઢે તો તેનો ફેંસલો મારા હાથમાં છે. હું ઈચ્છું તો અઝાબ કરું અથવા ઈચ્છું તો મગ્ફેરત કરું. (વસાએલુશ્શીઆ, કિતાબુસ્સલવાત)

(૩૫૭) નમાઝ દીનનો સ્થંભ છે તેથી જેણે તેને

જાણી જોઈને ત્યજી દીધી તેણે પોતાના દીનનો નાશ કર્યો અને જેણે નમાઝના સમયોને વેડફી નાખ્યા તે 'વેલ'માં દાખલ થશે અને વેલ જહન્નમની એક ખીણનું નામ છે. જેમકે અલ્લાહે ફરમાવ્યું છે કે, "વેલ એ નમાઝીઓ માટે છે જે તેમની નમાઝ પ્રત્યે બેદરકારી દાખવે છે."

(જામેઉલ અખ્બાર, સફા–૮૬)

(૩૫૮) નમાઝ મોમિનનું નૂર છે.

(ઈસ્નાઅશરીયા, સફા–૯૬૮)

(૩૫૯) નમાઝ દરેક પરહેઝગાર માટે અલ્લાહની નજદીકીનું કારણ છે. (ઈસ્નાઅશરીયા)

(૩૬૦) દીનમાં નમાઝની હેસિયત એવી છે કે જેવી શરીર ઉપર માથાની હોય છે.

ઈસ્નાઅશરીયા, સફા–૯૬૮)

(૩૬૧) દુનિયામાં દુઆએ કુનૂતને લંબાણથી પઢનારા કયામતના દિવસે હિસાબના સમયે આરામમાં હશે. (અમાલી અલ સદૂક, મજલિસ–૭૬, હદીસ–૭)

(૩૬૨) રસૂલ (સ.)થી પૂછવામાં આવ્યું,

"કયો અમલ શ્રેષ્ઠ છે ?"

આપે જવાબમાં ફરમાવ્યું,

"શરૂઆતના સમયમાં નમાઝ પઢવી."

(સફીનતુલ બિહાર, જિલ્દ–૨, સફા–૪૩)

(૩૬૩) નમાઝ દીનનો સ્થંભ છે અને તેમાં દસ વિશેષતાઓ છે : તે ચહેરાની શોભા, દિલ માટે નૂર, શરીર માટે રાહત, કબરમાં મદદગાર, રહેમત નાઝિલ થવાની જગ્યા, આકાશનો દીવો, ત્રાજવામાં વજનદાર, પરવરદિગારની ખુશનૂદીનું કારણ, જન્નતની કિંમત અને આગ માટે પડદો છે. જેણે તેને અપનાવી તેણે દીનને કાયમ રાખ્યો અને જેણે તેને ત્યજી દીધી તો તેણે દીનનો નાશ કર્યો તેમ ગણાશે. (ઈસ્નાઅશરીયા, બાબ દહમ, ફસલ–૨, સફા–૩૨૭)

(૩૬૪) અલ્લાહે નમાઝને મારી આંખોની ઠંડક બનાવી અને નમાઝ મારા માટે એટલી બધી પ્રિય બનાવી જેમકે એક ભૂખ્યો માણસ ખાવાને પ્રિય ગણે છે, અને તરસ્યો પાણીને પ્રિય ગણે છે. પરંતુ જ્યારે ભૂખ્યો ખાવાનું ખાઈ લે છે અને તરસ્યો પાણી પી લે છે તો તેઓ ધરાઈ જાય છે, પરંતુ હું નમાઝથી કદી પણ ધરાતો નથી.

(બિહારુલ અન્વાર, જિલ્દ–૭૭, સફા–૭૭)

(૩૬૫) પુરુષો અને સ્ત્રીઓમાંથી જે નમાઝનું અપમાન કરશે અને તેને તુચ્છ ગણશે અલ્લાહ તેમને પંદર તકલીફોમાં ગિરફતાર કરશે. તેમાંથી છ દુનિયામાં, ત્રણ મોત વખતે, ત્રણ કબરમાં અને ત્રણ કયામતમાં હશે.

જે મુસીબતો કે જે દુનિયામાં વેઠવી પડશે તે આ પ્રમાણે છે : અલ્લાહ તેના આયુષ્યમાંથી બરકત લઈ લેશે, અલ્લાહ તેની રોજીમાંથી બરકત લઈ લેશે, અલ્લાહ તેના ચહેરા ઉપરથી નેકીની નિશાનીઓ મિટાવી દેશે, જે

પણ અમલ તે કરશે તેનો કોઈ બદલો આપશે નહીં, તેની દુઆ આકાશો તરફ નહીં ઉઠાવવામાં આવે. અને નેક લોકોને દુઆ કરવામાં જે રસ પડે છે તેનો અનુભવ તે નહીં કરી શકે.

વળી જે મુસીબતો મોત વખતે વેઠવી પડશે તે આ પ્રમાણે છે : પહેલી મુસીબત એ પડશે કે તે બેઈજ્જતીનું મોત મરશે. બીજી મુસીબત એ પડશે કે તે ભૂખ્યો મરશે અને ત્રીજી મુસીબત એ પડશે કે તે તરસ્યો મરશે પછી ભલેને તેને કેટલું ય પાણી પાવામાં આવે.

અને જે મુસીબતો કબરમાં પડશે તે આ પ્રમાણે છે : પહેલી મુસીબત એ છે કે અલ્લાહ તે બંદા પર એક ફરિશ્તો નીમશે કે જે તેને કબરમાં પરેશાન કરશે. બીજી મુસીબત એ પડશે કે તેની કબર તેના માટે સાંકડી હશે અને ત્રીજી મુસીબત એ પડશે કે તેની કબર તેના માટે અંધારી હશે.

વળી કયામતના દિવસે પડનારી મુસીબત આ પ્રમાણે છે : જેવો તે બંદો કબરમાંથી બહાર આવશે કે તરત જ અલ્લાહ એક ફરિશ્તાને નીમશે કે જે તેને ઊંધો કરીને ઘસડશે અને લોકો તેને જોઈ રહ્યા હશે, બીજી એ કે તેનાથી હિસાબ લેવામાં કડકાઈ કરવામાં આવશે અને ત્રીજી એ કે અલ્લાહ તેને રહેમની નજરે જોશે નહીં અને તેને આરામ આપશે નહીં, પરંતુ દર્દનાક અઝાબમાં નાખવામાં આવશે.

(તરાએફુલ હિકમ, જિલ્દ–૨, સફા–૪૫૦)

(૩૬૬) જ્યારે નમાઝનો સમય આવે છે તો એક ફરિશ્તો લોકોને સાદ કરીને કહે છે, "ઊઠો, જે આગને તમે તમારા ઉપર સળગાવી છે તે નમાઝ વડે હોલવી નાખો." (અમાલી અલ સદૂક, મજલિસ–૭૫, હદીસ–૩)

(૩૬૭) એક નમાઝ પઢયા પછી બીજી નમાઝની રાહ જોવી જન્નતના ખજાનામાંથી એક ખજાનો છે. (અમાલી અલ સદૂક, મજલિસ–૭૫, હદીસ–૩)

(૩૬૮) જે લોકોની હાજરીમાં નમાઝ સારી રીતે પઢે અને એકાંતમાં બેદરકારી કરે તો તે વ્યકિત પરવરદિગારનું અપમાન કરે છે. (વસાએલુશ્શીઆ, કિતાબુસ્સલવાત)

(૩૬૯) જેની નમાઝ તેને બૂરાઈઓથી અને અશ્લીલ કામોથી ન રોકે તેવી નમાઝ અલ્લાહથી દૂરી સિવાય કોઈ બાબતમાં વધારો કરતી નથી.

(ઈસ્નાઅશરીયા, સફા–૧૨)

(૩૭૦) મારી મસ્જિદમાં એક નમાઝ પઢવી બીજી મસ્જિદોમાં એક હજાર નમાઝ પઢવા બરાબર છે સિવાય કે મસ્જિદુલ હરામ. કારણ કે મસ્જિદુલ હરામમાં એક નમાઝ પઢવી મારી મસ્જિદમાં એક હજાર રકાત નમાઝ બરાબર છે.

(વસાએલુશ્શીઆ, કિતાબુસ્સલાત)

(૩૭૧) નમાઝ દીનની વાજિબાતમાંથી છે અને તેમાં જ પરવરદિગારની ખુશનૂદી છે, નમાઝ જ નબીઓનો તરીકો છે. નમાઝી ફરિશ્તાઓનો પ્રિય ગણાય છે. નમાઝ જ ઈમાન છે અને માઅરેફતનું નૂર છે, રોઝીમાં બરકત અને શરીરની રાહત છે, શયતાન માટે અનિચ્છનીય છે, કાફિરની સામે હથિયાર છે અને દુઆની અને આમાલની કબૂલિયત છે. મોમિનની આખેરત માટે દુનિયાથી તેનું ભાથું છે, તેના અને મલકુલ મોત વચ્ચે શફાઅત કરનાર છે, કબરમાં તેની મદદગાર છે અને તેના નીચેનું ભોંયતળિયું છે, મુનકિર અને નકીરને જવાબ આપનાર છે, કોઈ વ્યકિતની નમાઝ કયામતના દિવસે તેના માથાનો તાજ, તેના ચહેરાનું નૂર અને તેના શરીરનો પહેરવેશ છે અને આગની વચ્ચે પડદો છે, અલ્લાહ અને બંદાની વચ્ચે મોહબ્બત છે. જહન્નમથી મુકિત અને પુલે સિરાતથી પસાર થવાનું માધ્યમ છે. જન્નતની ચાવી છે અને હૂરો માટે મહશર છે અને જન્નતની કિંમત પણ નમાઝ જ છે. નમાઝના માધ્યમથી એક બંદો ઉચ્ચ દરજ્જા સુધી પહોંચી શકે છે કારણ કે નમાઝ તસ્બીહ, તકબીર, અલ્લાહ જોડે ભળી જવાનું માધ્યમ અને પ્રસ્તાવના છે. અલ્લાહથી વાર્તાલાપ પણ છે અને અલ્લાહથી દુઆ પણ છે.

(ખિસાલ શેખ સદૂક, અબ્વાબુલ અશરૈન)

(૩૭૨) કોઈ પણ બંદાની દીનદારીની નિશાની નમાઝના કયામમાં જેમ બને તેમ વધારેમાં વધારે હિફાઝત કરવી તે છે.

(ઈસ્નાઅશરીયા, સફા–૧૩)

(૩૭૩) મેં મારી ઉમ્મતના એક માણસને સપનામાં એ સ્થિતિમાં જોયો કે તેની ફરતાં અઝાબના ફરિશ્તાઓ ઘેરો ઘાલીને ઊભા છે અને તે દરમિયાન તેની નમાઝ આવી ગઈ અને તેણે તેમને અઝાબ કરવાથી રોકયા.

(રૌઝતુલ વાએઝીન, સફા–૩૧૭)


ભોરણીયા સાદિકઅલી આર.
મો.૯૯૨૪૪૧૮૨૪૩

બાલીસણા ઝાકિરહુસૈન જી.
મો.૯૪૨૯૫૨૯૪૧૦
૯૪૨૮૮૪૯૪૭૭

(રસુલપુર-ખેરાલુવાળા)

**ન્યુ ચિરાગ ઈલેકટ્રીક**

**(સેલ્સ & સર્વિસ)**

અમારે ત્યાં LED મુવીંગ ડીસપ્લે, LED ક્લોક, હોટલ-દુકાનને લગતાં એક્રેલીક & LED બોર્ડ તેમજ હોટલ, ઈમામવાડા, ઝરીહ મુબારક કે દરગાહના માપ પ્રમાણે LED સીરીઝ, LED પટ્ટા, LED બોર્ડ તેમજ LEDને લગતું દરેક પ્રકારનું કામ હોલસેલ તેમજ રીટેઈલ ભાવે કરી આપવામાં આવશે.

**LED સ્પેશ્યાલિસ્ટ**

**બસ સ્ટેન્ડની બાજુમાં, રીગલ શોપીંગ સેન્ટર, વડનગર.**

# Superman In Islam

# સુપરમેન ઈન ઈસ્લામ

## ❋ હઝરત ઈમામ જાફર સાદિક(અ.) ❋

**અનુવાદક : હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ (મદ્દે.)**

### યુનાની ફિલોસોફર

(ગતાંકનું ચાલું)

જાબિરે કહ્યું, હું ધારી લઉં છું કે આપ કોઈ એવા માણસ સાથે વાતચીત કરી રહ્યા છો કે જે મુસલમાન નથી તો પછી અલ્લાહ તઆલાએ માણસનું સર્જન કર્યું તેનું આપ શું કારણ બતાવશો?

ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું, મારું ઈમાન છે કે અલ્લાહ તઆલા તરફથી માણસનું સર્જન અને સરવાળે જે કંઈ અસ્તિત્વમાં આવ્યું છે તે બધું અલ્લાહ તઆલાના કરમના કારણે છે અને અલ્લાહ તઆલાએ આ દુનિયાની બધી મખ્લૂકને એટલા માટે બનાવી છે કે તે ઈચ્છે છે કે બધી મખ્લૂક પોતાની જાતને ઓળખી લે. હું પોતે ઈમાનવાળો છું. મને યકીન છે કે કોઈ પણ એવી મખ્લૂક નથી કે જે પોતાની જાતને ઓળખતી ન હોય પછી તે કોઈ ખનીજ પદાર્થમાંથી જ કેમ ન હોય. મારી દૃષ્ટિએ આ કાઇનાતના સર્જન પાછળનું કારણ અલ્લાહ તઆલાના કરમ સિવાય કંઈ જ નથી કારણ કે અલ્લાહ એવો બેનિયાઝ છે કે તેને ન તો ભૌતિક રીતે કે ન તો રૂહાની રીતે દુનિયાને અસ્તિત્વમાં લાવવાની જરૂર હતી.

પ્રાચીન યુનાની લોકો કહેતા હતા કે તેમના ખુદા એકાંતનો અનુભવ કરતા હતા માટે તેમણે કાઇનાતનું સર્જન કર્યું કે જેથી એકલા ન રહે. પરંતુ યુનાની ખુદાઓ અલ્લાહ ન હતા અને જો તેઓ ખરેખર ખુદા હોત તો તેમને એકાંતનો અનુભવ ન થાત કે જેથી તેમને કાઇનાતનું સર્જન કરવાની જરૂર પડત કારણ કે જેને કોઈ પણ વસ્તુની જરૂર પડે તે ખુદા ન હોઈ શકે.

જાબિરે પૂછ્યું, જો આપ કોઈ એવા માણસ સાથે વાતચીત કરી રહ્યા હો કે જે આ વાતને સ્વીકારે નહીં કે અલ્લાહ તઆલાએ માણસને અને આખી કાઇનાતને પોતાના કરમથી સર્જિત કરી છે કે જેથી બધી મખ્લૂક પોતાની જાતને ઓળખે તો પછી તેવા માણસ માટે કાઇનાતના અસ્તિત્વમાં આવવા પાછળ આપ શું કારણ બતાવશો ?

ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું, જો તે મારી વાત નહીં સ્વીકારે તો હું દુનિયાના અસ્તિત્વમાં આવવાની વાતને કોઈ અન્ય રીતે નહીં સમજાવું અને તેને કહીશ કે તું માને કે ન માને હું આ જ માનું છું.

જાબિરે પૂછ્યું કે આપ ફરમાવો છો કે અલ્લાહ તઆલાએ પોતાના કરમ વડે આખી કાઇનાતનું સર્જન કર્યું છે કે જેમાં માણસનું સર્જન પણ શામેલ છે તો શું આ વાત આપ મઝહબી અકીદાની દૃષ્ટિએ કરો છો કે પછી તેને એક હકીકત માનો છો ?

ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું, જાબિર ! શું તમે મને એવો માણસ માની રહ્યા છો કે જો હું કોઈ વાતને હકીકત ન માનું તો પણ તેના ઉપર ઈમાન લઈ આવું ? જાબિરે કહ્યું, મારા

કહેવાનો આશય એ છે કે શું આપનો અકીદો એવો છે કે અલ્લાહ તઆલાએ પોતાના કરમ વડે કાઈનાતનું સર્જન કર્યું છે કે પછી હકીકત પણ એ જ છે ? દુનિયાનું સર્જન તે અલ્લાહની ઈચ્છા છે અને અલ્લાહની ઈચ્છા વિષે આપણે તેના બંદાઓ કદાચ કંઈક જુદું માનતા હોઈએ અને અલ્લાહ તઆલા પોતે કંઈક જુદું માની રહ્યો હોય. આપણે પોતાની માનવીય બુધ્ધિ વડે અલ્લાહની ઈચ્છાઓનાં કારણો દર્શાવીએ છીએ અને અલ્લાહ તઆલાના કારખાના સુધી આપણી પહોંચ નથી કે જેથી આપણે જાણી શકીએ કે જે કંઈ આપણી બુધ્ધિ કહે છે તે અલ્લાહના કારખાનાની હિકમત પ્રમાણે છે કે નથી.

ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું, તમે શું કહેવા માગો છો તેની મને ખબર છે. તમે એવું કહો છો કે મારો અકીદો એવો છે કે અલ્લાહ તઆલાએ પોતાના કરમ વડે કાઈનાતનું સર્જન કર્યું છે અને આ વાત હું મારા ઈમાન વડે કહી રહ્યો છું. પરંતુ શક્ય છે કે કાઈનાતના સર્જન પાછળનું કારણ અલ્લાહ તઆલાના કારખાનામાં કંઈક જુદું હોય. જાબિરે કહ્યું, હા મારો આશય આ જ છે. ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું, આ સંદર્ભમાં હું તમને અથવા તો કોઈને પણ કોઈ પણ વાત કહી શકતો નથી કારણ કે હું માણસ છું અને માણસને સર્જનના કારણોથી વાકેફ થવા માટે તેની અલ્લાહ તઆલાના કારખાના સુધી પહોંચ નથી.

જાબિરે પૂછ્યું, શું આપે સર્જન વિષે જે દૃષ્ટિકોણ વ્યક્ત કર્યો છે તેના સિવાય કોઈ અન્ય દૃષ્ટિકોણ પ્રસ્તુત કરી શકો છો ખરા ?

ઈમામ જાફર સાદિક (અ.)એ નકારાત્મક જવાબ આપ્યો અને ફરમાવ્યું કે હું જે વસ્તુ ઉપર ઈમાન ધરાવું છું તેનો ઈન્કાર કરી શકતો નથી. આ મારું ઈમાન છે અને તેમાં મને કોઈ શંકા નથી. જો તમારા કહેવા પ્રમાણે કાઈનાત અને માણસના સર્જન પાછળ કોઈ અન્ય કારણ હોય તો પછી તે કારણ અલ્લાહના રહસ્યોમાંથી હશે એટલે મને તેની કોઈ જાણકારી નથી.

જાબિરે પૂછ્યું, મોત વિષે આપનો દૃષ્ટિકોણ શું છે ? ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું, મોતનો ભાવાર્થ સદંતર નાશ પામવું નથી, પરંતુ તેનો ભાવાર્થ પરિસ્થિતિનું પરિવર્તન છે અને ફક્ત એક જ હસ્તી કાઈનાતમાં પરિવર્તન કરતી નથી અને તે અલ્લાહ છે. પોતાના સિવાય તે બધી વસ્તુઓની પરિસ્થિતિમાં પરિવર્તન લાવે છે.

જાબિરે પૂછ્યું, શું આપ મોતને પીડાદાયક માનો છો ? ઈમામ જાફર સાદિક (અ.)એ જવાબ આપ્યો, અય જાબિર ! ના, મોત પીડાદાયક નથી. જાબિરે પૂછ્યું, તો પછી માણસ શા માટે બીમારી વગેરેના કારણે પીડા અનુભવે છે અને ઈજા અને મારના કારણે તેને પીડા કેમ થાય છે ?

ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું, આ બધી પીડા જીવન સાથે સંબંધ ધરાવે છે અને માણસ જે સમય સુધી જીવિત રહે છે ત્યાં સુધી બીમારી અથવા ઈજાના કારણે તેને તકલીફ થાય છે અને જે સમયે તેની રૂહ તેના શરીરથી જુદી થઈ જાય છે અને મોત આવી પહોંચે છે ત્યારે માણસ મોતની પીડાનો અનુભવ કરતો નથી.

## તારાઓ વિષે જાબિરના પ્રશ્નો

જાબિરે ઈમામ જાફર સાદિક (અ.)ને પૂછ્યું, આ પ્રકાશિત તારાઓ કે જે સતત હલનચલન કરતા રહે છે અને તેમાંથી કેટલાકને આપણે એક નિશ્ચિત અંતર સુધી જોઈએ છીએ એ શું છે ? અને શા માટે તેઓ એક દિવસ માટે પણ રોકાતા નથી ?

ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું,

આસમાનનો દરેક તારો એક દુનિયા છે અને એ બધા તારાઓના સમૂહથી એક આકાશગંગા બને છે. તારાઓ સતત હલનચલન એટલા માટે કરે છે કે તેઓ પડી ન જાય અને કાઈનાતનું શિસ્ત ખતમ ન થઈ જાય.

આ હલનચલન એ જ હલનચલન છે કે જેના વડે જીવન પેદા થાય છે અથવા તો એ કે આ હલનચલન પોતે જ જીવન છે. જ્યારે હલનચલન રોકાઈ જાય છે તો જીવન સમાપ્ત થઈ જાય છે. પરંતુ અલ્લાહ તઆલાએ આવી રીતે પ્રબંધ કર્યો છે કે હલનચલન કોઈ પણ સમયે રોકાતું નથી. તે હંમેશાં ચાલતું રહે છે અને જીવનનું ચાલતા રહેવું પણ બધી મખ્લૂકના ફાયદામાં છે. જીવન અલ્લાહ તઆલાના કરમથી જ ચાલતું રહે છે.

અલ્લાહ તઆલા બેનિયાઝ છે, તેને જરૂર નથી કે કાઈનાતમાં સતત હલનચલન થતું રહે અને જીવન ચાલતું રહે. હલનચલન અને તેના પરિણામ સ્વરૂપે પેદા થતું જીવન એક નેઅમત છે કે જે અલ્લાહ તઆલાએ બધી મખ્લૂકને બક્ષી છે અને જ્યાં સુધી અલ્લાહ તઆલાએ નક્કી કર્યું છે ત્યાં સુધી હલનચલન અને જીવન ચાલતાં રહેશે.

જાબિરે પૂછ્યું, અવકાશમાં તારાઓનું સ્વરૂપ કેવું છે ? ઈમામ જાફર સાદિક (અ.)એ જવાબ આપ્યો, આસમાનના કેટલાક તારા ઘન પદાર્થ છે અને કેટલાક પ્રવાહી પદાર્થ છે. આસમાની તારાઓનો એક ભાગ વરાળના કારણે પેદા થાય છે. જાબિર બિન હૈયાને આશ્ચર્ય વ્યક્ત કરતાં પૂછ્યું, આ વાત કેવી રીતે સ્વીકારી શકાય કે આસમાનના તારાઓ વરાળથી બનેલા હોય ? શું આ શક્ય છે કે વરાળ એટલી બધી ચમકતી હોય કે જેથી રાત્રે આ તારાઓ ચમકતા દેખાય છે ?


ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું, બધા તારાઓ વરાળથી પેદા થતા નથી પરંતુ જે તારાઓ વરાળથી પેદા થાય છે તે ગરમ છે અને તેમનું વધારે તાપમાન તેમની ચમકનું કારણ બને છે. હું માનું છું કે સૂરજ પણ વરાળથી બનેલો છે. જાબિરે પૂછ્યું, તારાઓનું હલનચલન તેમને પડવાથી કેવી રીતે રોકી દે છે ? ઈમામ જાફર સાદિક (અ.)એ જવાબ આપ્યો, શું તમે એક ચરખીને કે જેની અંદર પથ્થર મૂકેલો હોય ક્યારેય ફેરવી છે ખરી ? જાબિરે કહ્યું કે હા. ઈમામ જાફર સાદિક(અ.)એ વિચાર વ્યક્ત કર્યો, શું ચરખીને ફેરવતાં ફેરવતાં તમે અચાનક તેને રોકી દીધી છે ખરી ? જાબિરે જવાબ આપ્યો, ના, મેં તેને અચાનક રોકી નથી.

ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું, હવે પછી જ્યારે પણ ચરખીને ફેરવો તો એક વખત અચાનક રોકીને જોઈ લેજો તમને ખબર પડી જશે કે શું થાય છે. ચરખીને રોકી લીધા પછી તે પડી જાય છે અને જે પથ્થર તેમાં લાગેલો હોય છે તે જમીન પર પડી જાય છે. આ વાત એ બાબતથી સામ્ય ધરાવે છે કે જો તારાઓ હંમેશાં હલનચલન ન કરે તો કેવી રીતે પડી જાય ?

જાબિરે કહ્યું, શું આપે ફરમાવ્યું નથી કે તારાઓમાંથી દરેક તારો એક દુનિયા છે ? ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું કે, હા. જાબિરે પૂછ્યું, એ દુનિયાઓમાં શું માણસ આપણી દુનિયાની જેમ અસ્તિત્વ ધરાવે છે ? ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું, માણસ વિશે હું તમને કંઈ કહી શકું નહીં કે તે આ દુનિયા સિવાય બીજી કોઈ દુનિયામાં છે કે નહીં. પરંતુ એ બાબતમાં કોઈ શંકા નથી કે બીજા ગ્રહોમાં ઘણી બધી મખ્લૂક રહેલી છે અને તારાઓના દૂર હોવાના કારણે આપણે તે મખ્લૂકને જોઈ શકતા નથી. (ક્રમશઃ)

# ગ ડ મ થ લ ૨૫૩

::::: સંપાદક:::::
જાફરી આવાઝ
(કાર્યાલય)



**::::: આડી ચાવીઓ :::::**

(૧) શાંતિ, સાંત્વના, આરામ (૩)
(૩) પિતા, બાપ, કન્યાના પિતાનું ઘર (૩)
(૫) વાસ, ગંધ, દુર્ગંધ, સુગંધ (૨)
(૬) ઘર, મકાન, રાજમહેલ (૩)
(૭) સજ્જન, ખાનદાન, સુશીલ, શિષ્ટ (૩)
(૮) કથા–વાર્તા કહેનાર, હઝરત મોહંમદ (સ.)ની પ્રણાલિકા કહેનાર (૨)
(૯) 'કિસ્સા' (વાર્તા)નું બહુવચન (૩)
(૧૧) પ્રતિબંધ, મનાઈ, બાંધવાનું કામ (૩)
(૧૩) મધપૂડામાંથી કાઢવામાં આવતો ખાસ પદાર્થ, મીણ (૨)
(૧૪) વર્તુળ, પરિઘ, ટોળું, સમૂહ (૩)
(૧૫) વીજળીનો કડાકો, મેઘગર્જના, કુરઆનનો સૂરો (૩)
(૧૬) ભીનાશ, ભેજ (૨)
(૧૭) કોળિયો, મોંમાં એક વાર લેવાય એટલો ખોરાક (૩)
(૧૯) અંધારું, કાળુ (૩)
(૨૧) કપાળ, લલાટ, 'જબીન'નું લઘુ સ્વરૂપ (૨)

**ગડમથલ નં.૨૫૨નો ઉકેલ**

આડી ચાવીઓ : (૧) કરાર (૩) બાબુલ (૫) બાસ (૬) મહલ (૭) શરીફ (૮) રાવી (૯) કસસ (૧૧) બંદિશ (૧૩) મોમ (૧૪) દાઈરા (૧૫) રઅદ (૧૬) નમી (૧૭) નિવાલા (૧૯) તારીક (૨૧) જબીં ઊભી ચાવીઓ: (૧) કસમ (૨) રજુલ (૩) બારિશ (૪) લતીફ (૫) બાકિરા (૯) કસીદા (૧૦) સહરા (૧૧) બંજર (૧૨) શહદ (૧૩) મોમિન (૧૭) નિસા (૧૮) લાજ (૧૯) તાના (૨૦) કલી (૨૧) જરી

**::::: ઊભી ચાવીઓ :::::**

(૧) સોગંદ, શપથ, સમ (૩)
(૨) પુરુષ, માણસ (૩)
(૩) વરસાદ, મેઘવર્ષા (૩)
(૪) નાજુક, કોમળ, સ્વચ્છ, મજેદાર (૩)
(૫) કુંવારી કન્યા (૩)
(૯) પ્રશંસા ગીત, પ્રશસ્તિ કાવ્ય (૩)
(૧૦) વન, જંગલ, અરણ્ય (૩)
(૧૧) પડતર જમીન, બિન ખેડાણ જમીન (૩)
(૧૨) મધ, મધુર, મીઠું (૩)
(૧૩) ઈસ્લામનાં વચનોને અંત:કરણથી માનનાર (૩)
(૧૭) સ્ત્રીઓ, મહિલાઓ, કુરઆનના એક સૂરાનું નામ (૨)
(૧૮) શરમ, મલાજો, અદબ, આબરૂ (૨)
(૧૯) ટોણો, મહેણું (૨)
(૨૦) વગર ખીલેલું ફૂલ, કળી, કુમારિકા (૨)
(૨૧) નીડર, શૂરવીર, સાહસિક (૨)

## મક્તૂલનામા

● સત ગુરૂ પીર મશાયખ વાચા ●

### બયાન નં.૧૧

**બીબી ફાતેમા તુઝ ઝેહરા, રઝીઅલ્લા અનહો કહીએ,**
**એ આંખુ કેરી ઠંડક, નબીજીકી લહીએ.**

(હઝરત પીર મશાયખ બાવા (રહેમતુલ્લા અલૈહે) ફરમાવે છે કે બીબી ફાતેમાતુઝ્ઝહરા (રઝી.અ.) કે જેઓ નબીજીની આંખોની ઠંડક અર્થાત્ આપ (સ.)નાં બેટી હતાં.)

**જે મોહંમદ મુસ્તફા, ખાતમ રસુલા,**
**સબ જીવ કીએ અનુસુ, સબ જીવુકા મુલા.**

(એ નબીજી કે જે મોહંમદ મુસ્તફા (સ.) છે અને રસૂલોમાં અંતિમ નબી છે. આપ (સ.) થી જ અલ્લાહે બધા જીવોને પેદા કર્યા છે અને આપ (સ.) બધા જીવોનું મૂળ છે.)

**નબી બીબી ફાતેમાકું બોત થે ચાહતે,**
**સો 'બીઝઅત મીન્ની' કર આપ ફરમાતે.**

(નબી સાહેબ બીબી ફાતેમા (અ.)ને ખૂબ જ ચાહતા હતા અને 'બિઝ્અતુ મિન્ની' એટલે કે 'મારા ગોશ્તનો ટુકડો' એવું ફરમાવતા હતા.)

**સુનો ગોશ્તકા ટુકડા, બીઝઅત કહીએ,**
**તો પુજાકે ભી માયને એ હે રે લહીએ.**

(તમે સાંભળો કે 'બિઝ્અત'નો અર્થ ગોશ્તનો ટુકડો કહેવાય છે. વળી 'પૂજા' એટલે કે સન્માનનીય એવો અર્થ પણ લઈ શકાય.)

**સુનો ફરઝંદ બીબી ફાતેમા હો કેરે,**
**સો આલ રે નબીકી મન દીજીયો સવેરે.**

(એ પણ સાંભળી લો કે બીબી ફાતેમા (અ.)ના જે ફરઝંદો છે તેમને નબીજીની આલ – નબીજીની ઓલાદ – તરીકે માનજો.)

**બડે બેટે બીબી, ફાતેમા હો કેરે,**
**સો ઈમામ હસન નામસુ પીછાનો.**

(બીબી ફાતેમા (અ.)ના મોટા ફરઝંદ જે છે તેમને ઈમામ હસન (અ.)ના નામથી ઓળખજો.)

**અને ઈમામ હુસૈન દુજે બેટે રે કહીએ,**
**સો બીબી સાહેબકે સુન કર લહીએ.**

(અને એ પણ સાંભળી લો કે બીબી સાહેબના બીજા ફરઝંદને ઈમામ હુસૈન (અ.) કહેવાય છે.)

**ભી ઈમામ મોહસીન, બેટે તીજે રે કેલાએ,**
**સો બાલપણેમાં, વફાત રે પાએ.**

(વળી આપ (અ.)ના ત્રીજા બેટા ઈમામ મોહસિન (અ.) છે કે જે બાળપણમાં જ વફાત પામ્યા હતા.)

**ઉમ્મે કુલસુમ બેટી, બીબીને જાએ,**
**અને દુજે ઝયનબ, નામસુ સુણાએ.**

(હઝરત બીબી ફાતેમા (અ.)એ ઉમ્મે

કુલસૂમ (અ.) નામનાં એક બેટીને પણ જન્મ આપ્યો હતો અને બીજાં બેટીનું નામ બીબી ઝૈનબ (અ.) સાંભળવા મળ્યું છે.)

**દો બેટીઆં એ બીબી સાહેબ કેરી,**
**અને બેટે તીન, સુન લીજીયો સવેરી.**

(તમે સાંભળી લો કે બીબી ફાતેમા (અ.)ને બે બેટીઓ હતી અને ત્રણ બેટા હતા.)

**સુનો નબીજીકી ઓલાદ, ઓર બેટીસુ નાંહાં,**
**બીબી ફાતેમા બના, જગકે માંહાં.**

(એ પણ સાંભળો કે આ દુનિયામાં બીબી ફાતેમા (અ.) સિવાય બીજી કોઈ બેટીથી નબીજીની ઓલાદ પેદા થઈ નથી.)

**રહે નવાસે ખાતમ, નબીજી હો કેરે,**
**સો ઈમામકે નામસુ, સુન લીજીયો સવેરે.**

(તમે એ પણ સાંભળી લો કે નબીજીના જે નવાસા ઈમામ હસન (અ.) અને ઈમામ હુસૈન (અ.) હતા તેમને ઈમામના નામથી ઓળખજો.)

**નેહસું નબી ફ્રઝંદ કેહ કે અનુકું બોલાએ,**
**એ સુન સુન મોમિન, મન એતના લાએ.**

**–: રે તુહી :–**

(અય મોમિનો ! તમે સાંભળી લેજો એ બાબત કે નબી સાહેબ એ બન્નેને ફરઝંદો કહીને મોહબ્બતથી બોલાવતા હતા.)

**હસન, હુસેન, મોહસિન સહી,**
**ફરઝંદ બીબીકે જાન રે, ફરઝંદ બીબીકે જાન;**
**ઉમ્મે કુલસુમ, ઝયનબ નામ હે,**
**બેટીઆં એ દો પછાન રે, બેટીઆં એ દો પછાન.**

(બીબી સાહેબ (અ.)ના ત્રણ ફરઝંદોને ઈમામ હસન (અ.), ઈમામ હુસૈન (અ.) અને ઈમામ મોહસિન (અ.) નામથી તમે જાણજો. બીબી ઉમ્મે કુલસૂમ (અ.) અને બીબી ઝૈનબ (અ.) એ બન્ને બેટીઓ છે તે પણ ઓળખજો.)

**બયાન નં.૧૨**

**સુનો નબીજીને ફ્રઝંદ, કર અનુકુ બતાએ,**
**ભી એહલેબયત, એ હે રે કેલાએ.**

(હઝરત પીર મશાયખ બાવા (રહેમતુલ્લાહ અલૈહ) ફરમાવે છે કે નબી સાહેબે હઝરત બીબી ફાતેમા (અ.)ના ફરઝંદોને પોતાના ફરઝંદો બતાવ્યા અને બીબી ફાતેમા (અ.)ની ઓલાદને પોતાની અહલેબૈત કહી છે.)

**સુનો કેતનાક ટોલા, નસારા કેરા,**
**અનુ મુબાહલા* નબીસુ, આવ કીયા રે અનેરા.**

મુબાહિલા – વાદવિવાદ, નફરત કરવી. હકીકત એવી હતી કે એક વખત નઝરાનના ઈસાઈઓ હઝરત રસૂલે ખુદા (સ.)ની સાથે, હઝરત ઈસા (અ.) ખુદાના દીકરા હોવા વિષેની ચર્ચા કરવા લાગ્યા. લાંબા સમય સુધી આ ચર્ચા ચાલી. છેવટે મુબાહિલા વિષે ખુદાનો હુકમ થયો.

બીજા દિવસે રસૂલે ખુદા (સ.) મુબાહિલા માટે એવી શાનથી નીકળ્યા કે હઝરત ઈમામ હસન (અ.)ની આંગળી પકડી હતી, ઈમામ હુસૈન (અ.)ને ગોદમાં લીધા હતા, હઝરત ફાતેમા (અ.) પાછળ અને એમની પાછળ હઝરત અલી (અ.) હતા. જ્યારે હઝરત (સ.)ને આવી શાનથી આવતા જોયા ત્યારે તેમના પાદરીએ કહ્યું કે, હે મારી કોમ ! ખરેખર હું એવા ચહેરા જોઈ રહ્યો છું કે જો આ લોકો પર્વતને હટાવવા ખુદા પાસે દુઆ કરશે તો પર્વત પણ હટી જશે. માટે એમનાથી જો મુબાહિલો કરીશું તો પૃથ્વીની સપાટી ઉપર એક પણ ઈસાઈ રહેશે નહીં. પાદરીના આ શબ્દો સાંભળીને અમૂક શરતોથી મુબાહિલો બંધ રહ્યો અને રસૂલે ખુદા (સ.)ની જીત થઈ.

આ બાબતથી જાણવા મળે છે કે રસૂલે ખુદા (સ.)ના આખા કુટુંબમાં ફક્ત હઝરત અલી (અ.), હઝરત ફાતેમા (અ.), હઝરત હસન (અ.) અને હઝરત હુસૈન (અ.) જ એવી વ્યકિતઓ હતી કે જેઓ રિસાલતના સાચા સાક્ષી બની શકતી હતી.

(તમે સાંભળો કે એક વાર મદીનામાં નસારાઓનું એક ટોળુ આવ્યું અને તેમણે નબી સાહેબની સાથે મુબાહિલો કર્યો હતો.)

**સો દીનકે કાજે આવ બહેસ રે કીતી,**
**અને દાવે કેરી ચંતા, પુરી મન રે દીતી.**

(આવી રીતે રસૂલે ખુદા (સ.)એ નજરાનના ઈસાઈઓ સાથે દીનની બાબતમાં બહસ – વિવાદ કર્યો અને પોતાના મનમાં દાવાની પૂરેપૂરી ચિંતા કરી.)

**તબ હુકમ તો એસા આયા રે ઈલાહી,**
**સો મુબાહલા હો કેરી ખબર બતાહી.**

(ત્યાર પછી અલ્લાહ તઆલા તરફથી એવો હુકમ નબી સાહેબ ઉપર આવ્યો કે તમે નજરાનના આ નસારાઓ સાથે આ રીતે મુબાહિલો કરો.)

**હે મુબાહલા તો લા'નત લોક આરબકી ઠાંમા,**
**સો સાચે ને જુઠેકી કસનીકા કામા.**

(અરબના લોકોમાં મુબાહિલો કરવો એટલે કે (જૂઠ્ઠાઓ પર) લા'નત કરવી એવો અર્થ થાય છે. આવું કરવાથી સાચા કોણ છે અને જૂઠ્ઠા કોણ છે તેની કસોટી થઈ જાય છે.)

**સો એક એક માંહે જબ હોતા રે દાવા,**
**તબ જંગલમાં જાતે ગુસ્સેકે ચાવા.**

(જ્યારે બે પક્ષો પોતે જ સાચા છે એવો દાવો કરે ત્યારે તેની કસોટી કરવા અરબના લોકો એક બીજા પ્રત્યે ગુસ્સો (લા'નત) વ્યકત કરવા જંગલમાં જતા હતા.)

**સો લડકું હો સેતી જંગલમાં જાતે,**
**અને એક એક ઉપર લા'નત ભેજાતે.**

(બન્ને પક્ષો પોત પોતાના લડકાઓને સાથે લઈને જંગલમાં જતા હતા અને એકબીજા ઉપર લા'નત મોકલતા હતા.)

**અને લેને ફરઝંદોકું આગળ ધરાતે,**
**સો રબ સામી રજૂ કર થે સોગંદ રે ખાતે.**

(બન્ને પક્ષો જંગલમાં જતા અને પોત પોતાના ફરઝંદોને આગળ ધરીને રબ્બુલ આલમીનની સામે તેમને રજૂ કરીને સોગંદ ખાતા હતા.)

**કે જુઠે બોલનાર પર હોઈએ લા'નત ઈલાહી,**
**એ રીતથી આરબકી, સહી ખબર રે પાહી.**

(બન્ને પક્ષો અલ્લાહ સમક્ષ રજૂ થઈને જૂઠ્ઠા લોકો ઉપર અલ્લાહની લા'નત થાય એવું કહેતા. અરબમાં મુબાહિલો કરવાની પધ્ધતિ આવી હતી એવી સાચી ખબર મળી છે.)

**તબ હુકમસુ નબીને, એસી કહી રે બાતી,**
**જનું દાવા રે કીયા થા નસારું કી જાતી.**

(નજરાનના નસારાઓ કે જેમણે સાચા હોવાનો પોતાનો દાવો રજૂ કર્યો હતો તેના જવાબમાં નબી સાહેબે તેમને મુબાહેલો કરવાનો અલ્લાહનો હુકમ કહી સંભળાવ્યો.)

**કહ્યા બેટે રે મેરે, અને બેટે રે તમારે,**
**અપન ઓરતું હો સેતી બહાર જઈએ રે સારે.**

(નબી સાહેબે ફરમાવ્યું કે હું મારા બેટાઓને બોલવું અને તમે તમારા બેટાઓને બોલાવો. આપણે પોત પોતાની સ્ત્રીઓની સાથે બહાર મુબાહિલો કરવા માટે જઈએ.)

**એ જાત ભી મેરી અને તમારી જાતી,**
**આઓ જંગલમાં જઈએ, કહી નબીજીને બાતી.**

(હું મારી જાત સાથે અને તમે પણ તમારી જાત સાથે આવો અને આપણે બધા જંગલમાં જઈએ. આવી વાત નબીજીએ તેમને કરી.)

**ઈમામ હસનૈનકુ લે, સીનેકુ લગાએ,**
**બીબી ફાતેમા ને અલી, સાથ ભી આએ.**

(નબી સાહેબે ઈમામ હસન (અ.) અને ઈમામ હુસૈન (અ.)ને પોતાની છાતી સાથે લગાવી દીધા અને બીબી ફાતેમા (અ.) અને હઝરત અલી (અ.)ને પણ મુબાહિલા માટે સાથે લઈને આવ્યા.)

**સુનો ઈમામકું બેટુ ઠામ, આગે નબીજીને કીતે,**
**એ સુન સુન મોમિનો, કહો નેહ કે લીતે.**

**– : રે તુહી :–**

(હઝરત પીર મશાયખ બાવા (રહે.અ.) ફરમાવે છે કે નબી સાહેબે પોતાના બેટાઓના સ્થાને ઈમામ હસન (અ.) અને ઈમામ હુસૈન (અ.)ને લીધા. હે મોમિનો ! આ બાબત તમે નેહપૂર્વક સાંભળો.)

**મુબાહલા કરને કારણે,**
**નબી સિધારે બહાર રે, નબી સિધારે બહાર;**
**ફરઝંદ કર ઈમામ દો,**
**લીએ સાથ કર પીઆર રે, લીએ સાથ કર પીઆર.**

(મુબાહિલો કરવા માટે નબી સાહેબ પોતાના ઘરમાંથી બહાર નીકળ્યા ત્યારે બન્ને ઈમામોને પોતાના ફરઝંદો ગણીને ખૂબ જ પ્યાર કરીને પોતાની સાથે લીધા.) *


## સુપ્રિમ જનરલ સ્ટોર્સ

અમારે ત્યાં કટલરી, હોઝીયરી, સ્ટેશનરી અને પ્રોવિઝન તથા કપ–રકાબીના સેટ, કાચના ગ્લાસના સેટ, ગીફ્ટ આર્ટીકલ, મુસલ્લા, ટોપી, એહરામના બેલ્ટ, ઝમઝમના પાણીની ડબ્બી, રહેલ, સ્પોર્ટ સેટ, ફાયર પ્રુફ ચુલા, ટુવાલના ટુકડા, વગેરે વસ્તુ વ્યાજબી ભાવે મળશે.

**ઈસ્માઈલહુસૈન (સેવાલણીવાળા) મો. ૯૪૨૭૦ ૮૨૭૪૫**
**અબ્બાસઅલી (સેવાલણીવાળા) મો. ૯૪૨૭૬ ૭૯૮૭૮**

**એ–૧, સિલ્વર પ્લાઝા, કાફે મિલાપ હોટલની લાઈનમાં, બસ ડેપોની પાસે, સિધ્ધપુર.**

# નહજુલ અસરાર

હઝરત અલી(અ.)ના ખુત્બાઓ, બોધવચનો, પત્રો, જવાબપત્રો, આદેશો, હુજજતો, દુઆઓ અને વસિયતોનો સંગ્રહ

:::: સંપાદક ::::
મોલ્વી સૈયદ ગુલામહુસૈન રઝા
:::: અનુવાદ ::::
મો.કાસમભાઈ વિજાપુરા

سلونی قبل ان تفقدونی
**સલૂની કબ્લ અન તફકદૂની**
(પૂછો એ પહેલાં કે મને ન પામો.)

(ગતાંકનું ચાલુ)

**ઈબ્ને અલ્કવા :** યા અમીરુલ મોમિનીન! કૌસો કઝહ (મેઘધનુષ્ય)ની બાબતમાં ઈરશાદ ફરમાવો.

**અમીરુલ મોમિનીન :** તારી મા તારા ગમમાં બેસે, કૌસો કઝહ (મેઘધનુષ્ય) ન કહે કેમકે કૌસો કઝહ (મેઘધનુષ્ય) શયતાનનું નામ છે અને કૌસે ખુદા કહે જ્યારે તે નીકળે છે તો સબ્ઝી (વનસ્પતિ)ની અને ઘાસચારાની શરૂઆત થાય છે.

**ઈબ્ને અલ્કવા :** યા અમીરુલ મોમિનીન! કહકશાં (આકાશગંગા)ની બાબતમાં કંઈ ફરમાવો કે જે આસમાનમાં છે.

**અમીરુલ મોમિનીન :** એ આસમાનમાં એક રસ્તો છે અને જમીનવાસીઓ માટે ગરક હોવાથી અમનનું કારણ છે. એમાંથી મુશળધાર વરસાદ વરસાવીને ખુદાએ નૂહ (અ.)ની કોમને ગરક કરી દીધી હતી.

**ઈબ્ને અલ્કવા :** યા અમીરુલ મોમિનીન! મને એ નિશાનો (ડાઘા)ની માહિતી આપો કે જે ચાંદમાં હોય છે.

**અમીરુલ મોમિનીન :** અલ્લાહો અકબર, અલ્લાહો અકબર ! એક આંધળો માણસ એવા મસઅલા વિષે સવાલ કરી રહ્યો છે કે જેના ઉપર પડદો પડેલો છે. શું તેં સાંભળ્યું નથી કે અલ્લાહ તઆલા ઈરશાદ ફરમાવે છે કે અમે રાત અને દિવસ બન્નેને નિશાનીઓ બનાવી છે. તો પછી અમે રાતની નિશાનીને મહ્વ (નાબૂદ) કરી દઈએ છીએ અને દિવસની નિશાનીને પ્રકાશિત બનાવી દઈએ છીએ.

**ઈબ્ને અલ્કવા :** અમીરુલ મોમિનીન ! રસૂલ (સ.)ના અસ્હાબો વિષે ઈરશાદ ફરમાવો.

**અમીરુલ મોમિનીન :** રસૂલલ્લાહ (સ.)ના કયા અસ્હાબની બાબતમાં તું સવાલ કરે છે?

**સાઈલ :** યા અમીરુલ મોમિનીન (અ.) ! અબૂ ઝર ગિફારીની બાબતમાં ફરમાવો.

**અમીરુલ મોમિનીન :** મેં રસૂલે ખુદા (સ.)થી સાંભળ્યું છે કે જે એવા કોઈ શખ્સ ઉપર ન કોઈ ઝાડે છાંયડો કર્યો છે કે ન જમીન સાંકડી થઈ ગઈ છે કે જે અબૂ ઝરથી વધારે સાચો હોય.

**સાઈલ :** યા અમીરુલ મોમિનીન ! સલમાન ફારસી વિષે ફરમાવો.

**અમીરુલ મોમિનીન :** મુબારક હો, મુબારક હો, કે સલમાન અમ અહલેબૈતથી છે અને તમારામાં હકીમ લુકમાનના જેવા છે. તેઓ અવ્વલીન અને આખેરીનનું ઈલ્મ ધરાવનારા છે.

**સાઈલ :** યા અમીરુલ મોમિનીન ! હુઝૈફા

યમાનીની બાબતમાં કંઈક ઈરશાદ ફરમાવો.

**અમીરુલ મોમિનીન :** તેઓ એક એવા મર્દ હતા કે જેઓ મુનાફિકોનાં નામ જાણતા હતા. જો તમે તેમને અલ્લાહની હદોની બાબતમાં સવાલ કરત તો તમે તેમને તેના આલિમ પામત.

**ઈબ્ને અલ્કવા :** યા અમીરુલ મોમિનીન ! અમ્માર બિન યાસરની બાબતમાં કંઈક ફરમાવો.

**અમીરુલ મોમિનીન :** તેઓ એક એવા મર્દ હતા કે જેમના ગોશ્ત પર અને ખૂન પર ખુદાએ જહન્નમને હરામ કરી દીધું છે કે તેમનાથી કોઈ ચીજને સ્પર્શ કરે.

**ઈબ્ને અલ્કવા :** યા અમીરુલ મોમિનીન ! આપના નફસની બાબતમાં કંઈક ફરમાવો.

**અમીરુલ મોમિનીન :** જે કંઈ તેં મને પૂછ્યું, મેં તેનો જવાબ આપી દીધો અને જ્યારે હું ખામોશ થઈ ગયો તો તેં શરૂઆત કરી અર્થાત્ એ બાબતમાં કંઈ ન પૂછ.

**ઈબ્ને અલ્કવા :** યા અમીરુલ મોમિનીન ! ખુદાના એ કોલ વિષે ફરમાવો : 'એમને કહી દો કે શું અમે તેની બાબતમાં ખબર આપીએ કે જે આમાલની દ્રષ્ટિએ સૌથી વધારે નુકસાનમાં છે.'

**અમીરુલ મોમિનીન :** યહૂદીઓ અને નસારાઓએ કે જેઓ અહલે કિતાબ હતા, કુફ્ર કર્યું હતું, જો કે તેઓ હક ઉપર હતા તેમ છતાંય તેમણે દીનમાં બિદ્અત પેદા કરી દીધી અને (એવું) ગુમાન કરવા લાગ્યા કે તેઓ ખૂબ સારું કામ કરી રહ્યા છે.

ત્યાર પછી અમીરુલ મોમિનીન મિમ્બર ઉપરથી નીચે તશરીફ લાવ્યા અને ઈબ્ને અલ્કવાના ખભા ઉપર હાથથી ધબ્બો લગાવ્યો અને ફરમાવ્યું,

**અમીરુલ મોમિનીન :** અય ઈબ્ને કવા ! નહેરવાનવાળાઓથી શું અલગ કરવામાં આવ્યું હતું ?

**ઈબ્ને અલ્કવા :** યા અમીરુલ મોમિનીન ! હું આપના સિવાય બીજા કોઈને સમજતો નથી અને કોઈનાથી સવાલ નથી કરતો.

**અમીરુલ મોમિનીન :** અય ઈબ્ને અલ્કવા! નહેરવાનના દિવસે મેં કંઈક જોયું હતું તેની બાબતમાં કહેવામાં આવ્યું હતું કે તારી મા તારા ગમમાં બેસે, તેં ગઈ કાલે અમીરુલ મોમિનીનને જે સવાલ કર્યો હતો તે કોની બાબતમાં હતો ? એ દિવસે તેનાથી જંગ કરી રહ્યો હતો ત્યાર પછી મેં જોયું કે એક માણસે તેના ઉપર હુમલો કર્યો અને નેઝાથી કતલ કરી દીધો.

ઈમામ જાફર સાદિક (અ.)થી રિવાયત છે કે હઝરત અમીરુલ મોમિનીન (અ.)એ ફરમાવ્યું:

"ખુદાએ અઝ્ઝ વ જલ્લની બાબતમાં મારાથી સવાલ કરી લો, ખુદાની કસમ, જે કંઈ કુરઆનમાં નાઝિલ થયું છે, ભલેને પછી તે દિવસે નાઝિલ થયું હોય કે રાતમાં, સફરમાં હોય કે હઝરમાં, રસૂલલ્લાહ (સ.)એ પઢીને મને સંભળાવ્યું અને તેની તાવીલની તાલીમ આપી.

ઈબ્ને કવા ઊભો થઈ ગયો અને અરજ કરી, યા અમીરુલ મોમિનીન ! આપની ગેરહાજરીમાં તેમના ઉપર શું નાઝિલ કરવામાં આવ્યું હતું ?

**હઝરત (અ.) :** મારી ગેરહાજરીમાં

કુરઆનથી જે કંઈ રસૂલલ્લાહ (સ.) પર નાઝિલ થતું હતું, રસૂલલ્લાહ મારો ઈન્તેઝાર કરતા હતા અને મારા આવ્યા પછી પઢી સંભળાવતા હતા અને મારાથી ફરમાવા હતા કે યા અલી ! તમારા જવા પછી ખુદાએ આવું આવું નાઝિલ ફરમાવ્યું અને તેની તાવીલ આ રીતે છે અને મને તેની તાવીલ અને તંઝીલની તાલીમ આપતા હતા.

એક વખત હઝરત અમીરુલ મોમિનીન (અ.)એ ખુત્બા દરમિયાન ફરમાવ્યું કે **સલૂની કબ્લ અન તફકદૂની,** ખુદાની કસમ, તમે લોકોએ એ ફિત્ના વિષે મને સવાલ ન કર્યો કે જેનાથી એકસો માણસો ગુમરાહ થઈ જશે અને એકસો હિદાયત મેળવશે. જાણી લો કે કયામત સુધી તેને લલકારવાવાળા અને હાંકવાવાળાની બાબતમાં તમને ખબર આપું છું.

અસ્બગ ઈબ્ને કૈસ ઊભો થયો અને પૂછયું,

**અસ્બગ :** યા અમીરુલ મોમિનીન ! એ બતાવો કે મારા માથામાં અને દાઢીમાં કેટલા બાલ છે ?

**અમીરુલ મોમિનીન :** ખુદાની કસમ, મારા ખલીલ રસૂલલ્લાહ તારા આ સવાલની બાબતમાં ઈરશાદ ફરમાવી ચૂકયા છે કે તારા માથાના દરેક બાલ પર એક (એક) ફરિશ્તો તને લાઅનત મોકલી રહ્યો છે અને તારી દાઢીના દરેક બાલ પર એક શયતાન તને બંધક બનાવી રહ્યો છે. ખરેખર તારા ઘરમાં એક ઝલીલ છોકરો છે કે જે ફરઝંદે રસૂલ (સ.)નો કાતિલ છે. તે એવું કરવાનો છે કે જેની હું તને ખબર આપું છું. અગર તું મને તેની બાબતમાં સવાલ ન કરત તો તેની દલીલ તૂટી જાત કે જેની મેં તને ખબર આપી. પરંતુ મેં તને તારા ઉપર લાઅનત થવાની બાબતની ખબર આપી અને તારો એ મલઊન બેટો અત્યારે એક બાળક છે કે જે ઈમામે હુસૈન (અ.)ના સમયે (જંગે કરબલાના દિવસે) તે કાર્યને અમલમાં મૂકશે કે જેને તેમના કતલના માટે કોઈ ઈખ્તિયાર નહીં કરે. (એવું જ બન્યું જેવું કે અમીરુલ મોમિનીન (અ.)એ ફરમાવ્યું હતું.) (કિતાબ અલ એહતિજાજ, જિલ્દ–૧, સફા–૩૭૪)

(૩) એવી જ રીતે બીજા દિવસે તમીમે પણ આવો જ સવાલ કર્યો હતો અને હઝરતે તેને પણ આવો જ જવાબ આપ્યો. તેનો બેટો હસીન ઈબ્ને તમીમ કરબલામાં ઈબ્ને ઝિયાદના લશ્કરમાં હતો. (ક્રમશ :)




# علی ہے سامنے میرے

ولی عہد پیر سید محمد کامران حسین جعفری (مد)

کہا شہ نے یہ جو فوجِ شقی ہے سامنے میرے
بس اک ذرے سے بڑھ کر کچھ نہی ہے سامنے میرے

اکھاڑا جب درِ خیبر علیؑ نے تو یہ مرحب نے
کہا کہ موت میری اب کھڑی ہے سامنے میرے

جو سوئے بسترِ احمدؐ پہ تو ہر فرد یہ بولا
نہیں احمدؐ یہ احمدؐ کا اخی ہے سامنے میرے

جو پہونچے عرش پر احمدؐ تو رب العالمیں بولا
مرا دلبر مرا پیارا نبی ہے سامنے میرے

خدا نے جب نبی سے بات کی حیدر کے لہجے میں
نبی بولے خدایا کیا علیؑ ہے سامنے میرے

پکارا جب بھی حیدر کو مصیبت میں پڑی مشکل
کہا مشکل نے اب مشکل بڑی ہے سامنے میرے

اسی کے نام سے دنیا میں میری 'کامرانی' ہے
پڑھوں کچھ اور کیوں نادِ علی ہے سامنے میرے

# અલી હૈ સામને મેરે

**વલીઅહદ પીર સૈયદ મોહંમદ કામરાનહુસૈન જાફરી (મદ્દે.)**

કહા શેહને યે જો ફૌજે શકી હૈ સામને મેરે,
બસ એક ઝર્રેસે બઢ કર કુછ નહીં હૈ સામને મેરે.

ઉખાડા જબ દરે ખૈબર અલીને તો યે મરહબને,
કહા કે મૌત મેરી અબ ખડી હૈ સામને મેરે.

જો સોયે બિસ્તરે અહમદ પે તો હર ફર્દ યે બોલા,
નહીં અહમદ, યે અહમદકા અખી હૈ સામને મેરે.

જો પહોંચે અર્શ પર અહમદ તો રબ્બુલ આલમીં બોલા,
મેરા દિલબર, મેરા પ્યારા નબી હૈ સામને મેરે.

ખુદાને જબ નબીસે બાત કી હૈદરકે લેહજે મેં,
નબી બોલે ખુદાયા ક્યા અલી હૈ સામને મેરે ?

પુકારા જબ ભી હૈદર કો મુસીબતમેં પડી મુશ્કિલ,
કહા મુશ્કિલને અબ મુશ્કિલ હૈ સામને મેરે.

ઈસીકે નામસે દુનિયામેં મેરી 'કામરાની' હૈ,
પઢું કુછ ઓર ક્યું નાદે અલી હૈ સામને મેરે.

## કુરઆને મજીદના સૂરાઓનો પરિચય

**સૂરા નં.૭૯ સૂરએ નાઝેઆત**

(ગતાંકનું ચાલુ)

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **પછી તેણે (અમારી કુદરતની) એક મોટી નિશાની તેને દેખાડી. (૨૦)**

**પરંતુ (તે) તેણે જુઠલાવી અને નાફરમાની કરી. (૨૧)**

**પછી તે પીઠ ફેરવીને ચાલ્યો ગયો કે જેથી (મૂસા વિરૂધ્ધ કોઈ) યુક્તિ શોધી કાઢે. (૨૨)**

ખુદાએ તઆલાએ જનાબે મૂસા (અ.)ને ફરમાવ્યું કે, જો કે હું જાણું છું, ફિરઓન હક કબૂલ કરશે નહીં છતાં હુજ્જત પૂરી કરવા માટે તેની પાસે જવું જરૂરી છે. કયામતના દિવસે તે એવું કહે નહીં કે તેં હિદાયત માટે પયગમ્બર કેમ ન મોકલ્યો ? જ્યારે કુદરતની આ વાત સાંભળી તો આપ ફિરઓન તરફ ગયા, તેને સાપનો મોઅજિઝો બતાવ્યો છતાં ઈમાન લાવ્યો નહીં, એ સિવાય હાથને પણ પ્રકાશિત કરી બતાવ્યો, એ મોઅજિઝો જોવા છતાં તેણે મૂસા (અ.)ને જુઠલાવ્યા, આજ્ઞા માનવાનો ઈન્કાર કર્યો અને પીઠ ફેરવી ચાલ્યો ગયો.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **પછી તેણે લોકોને ભેગા કર્યા, બાદ પોકાર્યું. (૨૩)**

**પછી કહ્યું કે હું તમો સર્વેનો સૌથી મોટો પરવરદિગાર છું. (૨૪)**

પછી ફિરઓને પોતાના તાબેદારોને ભેગા કર્યા અને કહ્યું કે હું તમારો મહાન ઈજ્જત–આબરૂવાળો ખુદા છું, હું જેને ચાહું છું તેને સજા કરી શકું છું, મને કોઈ તકલીફ આપી શકતું નથી હું સર્વેથી મોટો છું. જ્યારે ફિરઓને સાપ જોયો તો પોતાની કોમ તરફ ભાગ્યો, પરંતુ અફસોસની વાત છે કે એ કોમ એટલી અજ્ઞાન (નાદાન) હતી કે એટલું સમજી નહીં કે જે સાપથી ભાગે અને પોતાના બંદાઓ પાસે રક્ષણ લેવા આવે તે ખુદા કેમ હોઈ શકે ? તે પોતાની ભોંઠપને છુપાવવામાં આડી–અવળી વાતો કરવા લાગ્યો.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **પછી તેને અલ્લાહે પરલોક અને આલોકની શિક્ષામાં પકડી લીધો. (૨૫)**

**ખરેખર આ બનાવમાં તે શખ્સ માટે ધડો છે કે જે બીએ છે. (૨૬)**

**ભલા તમારું પેદા કરવું વધુ મુશ્કેલ છે કે આસમાનનું કે જે તેણે બનાવ્યું છે ? (૨૭)**

**તેણે તેની ઊંચાઈ વધારી, પછી તેને વ્યવસ્થિત કર્યું. (૨૮)**

**અને તેની રાત અંધારી, અને તેનો પ્રકાશ બહાર કાઢ્યો. (૨૯)**

એક રિવાયતમાં છે કે હઝરત મૂસા (અ.)એ મુનાજાત કરી કે અય મારા રબ ! તેં ફિરઓનને ચાલીસ વર્ષ સુધીની મોહલત આપી છે. છેવટે તેણે **"અના રબ્બોકોમુલ આઅલા"** (હું તમારો મોટો ખુદા છું) કહ્યું અને તારા

રસૂલને જુઠલાવ્યો, ખુદાએ વહી મોકલી કે અય મૂસા ! ફિરઓનની કેટલીક આદતો પસંદ કરવા લાયક હતી તેથી મોહલત આપી જેમકે તે લોકોની હાજતો પૂરી કરતો, કોઈને નાઉમેદ કરતો નહીં, વગેરે. તેથી મેં તેને ઢીલ આપી કે દુનિયામાં જ આરામ મેળવી લે. આ બનાવમાં એ વ્યક્તિ માટે બોધ છે કે જે ખુદાથી ડરે છે. પછી ખુદા ફરમાવે છે કે અય કયામતનો ઈન્કાર કરનારાઓ ! તમારું પેદા કરવું વધારે મુશ્કિલ છે કે આસમાનનું ? તમને ફરી પેદા કરવામાં શા માટે કુદરત રાખતો ન હોય ? પછી તેની ઊંચાઈ વધારી, તે કાંઈ પણ એબ વગરનું બનાવ્યું અને તારાઓથી શોભાયમાન કર્યું. તેની (આસમાનો) રાત્રી અંધારી રાખી અને સૂર્યના પ્રકાશને બહાર કાઢ્યો એટલે દિવસ કર્યો.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **અને ત્યાર બાદ જમીન પાથરી દીધી. (૩૦)**

**તેમાંથી તેનું પાણી કાઢ્યું અને તેનો ચારો પણ. (૩૧)**

**અને પહાડોને પણ તેણે જ સ્થાયી કર્યા છે. (૩૨)**

**તમારા માટે તથા તમારા પશુઓના ફાયદા માટે. (૩૩)**

તે પછી જમીનને પાણી ઉપર ફેલાવી કે તેના ઉપર લોકો વસે. કેટલાક આલિમો કહે છે કે ખુદાએ આસમાનના પહેલાં જમીનને પેદા કરી પણ આસમાન પેદા કર્યા પછી તેને ફેલાવી છે. પછી જમીનમાંથી પાણીનાં ઝરણાં કાઢ્યાં અને ઘાસ પેદા કર્યું અને પહાડોને સ્થાયી કર્યા. એ વસ્તુઓ તમારા અને પશુઓના ઉપયોગ માટે કરી.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **પછી જ્યારે મહાન આપત્તિ (કયામત) આવી પહોંચશે. (૩૪)**

**તે દિવસે ઈન્સાને (જગતમાં) જે કર્યું હશે તે તેને સાંભરી આવશે. (૩૫)**

**અને દરેક તે શખ્સ માટે કે જે દેખતો હશે જહન્નમ જાહેર કરી દેવામાં આવશે. (૩૬)**

**પછી જેણે શીરજોરી કરી હશે. (૩૭)**

**અને આલોકની જિંદગીને પસંદ કરી હશે. (૩૮)**

**તો બેશક જહન્નમ એ જ તેનું ઠેકાણું હશે. (૩૯)**

ઉપરની તમામ બાબતો ખુદાએ કયામત હક હોવા વિષે બયાન કરી છે. કયામત વિષે ફરમાવે છે કે જ્યારે મોટી બલા (કયામત) આવે છે તે આપત્તિ બધાથી ભારે હોય છે. તે દિવસે ઈન્સાન પોતાના કૃત્યો યાદ કરશે તે દિવસે તેનું આમાલનામું તેના હાથમાં આપવામાં આવશે. બૂરા આમાલ જોઈને ઈન્સાન અફસોસ કરશે, જહન્નમ તેઓની સમક્ષ જાહેર કરવામાં આવશે અને જે વ્યક્તિ હદથી વધી ગઈ છે અને ઈમાન લાવી નથી અને આખેરત છોડી દુનિયાનું જીવન ગ્રહણ કર્યું છે તેનું રહેઠાણ જહન્નમ છે.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **અને જે પોતાના પરવરદિગારની હુઝૂરમાં ઊભા**

**થવાથી ડર્યા હશે તથા નફસને મનોકામનાથી અટકાવતો રહ્યો હશે. (૪૦)**

**તો બેશક જન્નત એ જ તેનું ઠેકાણું હશે.(૪૧)**

ખુદાની બારગાહમાં ઊભા રહેવાથી ડર્યો હશે, પોતાના નફસને બૂરા કામથી દૂર રાખ્યો હશે તેના માટે જન્નત છે. કહે છે કે આ આયત એ લોકો માટે છે કે જે એકાંતમાં ગુના કરવા માટે શકિત ધરાવતો હોય છતાં ગુના ન કરે અને ખુદાનો ભય રાખે. હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું કે, "જે માણસ એમ જાણે કે ખુદા જુએ છે અને બધી વાત સાંભળે છે અને પ્રત્યેક કાર્યને જાણે છે. એ બધી વસ્તુઓને ખ્યાલમાં રાખી ગુના ન કરે તો તે ખુદાથી ડર્યો અને આત્માને હરામ કામથી અટકાવ્યો."(ક્રમશ:)


ફોન : ૨૫૬૨૦૧૮૦
મો. ૯૪૨૬૩૨૮૫૭૦
મો. ૯૮૯૮૬૬૭૭૪૧

**સરહિંદ**

**રેફ્રીજરેશન સર્વિસ**

ડીપ ફ્રીજ, વર્ટીકલ ફ્રીજ, બોટલ કુલર તેમજ વૉટર કુલર ઊંચી ગુણવત્તા અને વ્યાજબી ભાવે બનાવનાર તેમજ રીપેરીંગ અને સર્વિસ સંતોષકારક રીતે કરી આપનાર

**મળો જૂના અને જાણીતા**
**☞ બશીરભાઈ**
**દિલ્હી ચકલા, ઘી કાંટા રોડ,**
**આર. સી. હાઈસ્કૂલની પાસે, અમદાવાદ.**

મો.આબિદઅલી ડી. સુથાર (શેખપુર–ખેરાલુવાળા) મો.૯૮૯૮૪૩૫૮૦૯
મો.સાદિકઅલી આર. ભોરણીયા (રસુલપુર–ખેરાલુવાળા) મો.૯૯૨૪૪૧૮૨૪૩

**કામરાન એક્રેલીક & L.E.D. સાઈન બોર્ડ**

- એક્રેલીક બોક્સ લેટર સાઈન બોર્ડ
- L.E.D. સાઈન બોર્ડ
- ઓપન L.E.D. સાઈન બોર્ડ
- ક્લીયર એક્રેલીક સાઈન બોર્ડ
- મીરર એક્રેલીક સાઈન બોર્ડ
- A.C.P. લેટર સાઈન બોર્ડ
- સ્ટીલ લેટર સાઈન બોર્ડ
- રેડીયમ સાઈન બોર્ડ
- વિનાઈલ & ફ્લેક્સ સાઈન બોર્ડ
- ચેનલ સાઈન બોર્ડ
- આર્ટીકલ સાઈન બોર્ડ
- ડીઝીટલ મુવીંગ મેસેજ ડીસ્પ્લે

તેમજ હોટલ, દુકાનને લગતાં દરેક પ્રકારનાં સાઈન બોર્ડ અને L.E.D.નું કામ અને ઈલેક્ટ્રીક વાયરીંગ, ઈલેક્ટ્રીક પેનલનું કામ કરી આપવામાં આવશે.

**આફિસ : ન્યૂ ચિરાગ L.E.D. હાઉસ, બસ સ્ટેન્ડ પાસે, વડનગર.**
email : newchiragled@gmail.com

# બાબુલ હવાએજ અબ્બાસ અલમદાર(અ.)

**લેખન : જનાબ સૈયદ ઓવેસએહમદ જાફરી સાહેબ**

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

...قَالَ اِنَّ اللّٰهَ مُبْتَلِيْكُمْ بِنَهَرٍ ۚ فَمَنْ شَرِبَ مِنْهُ فَلَيْسَ مِنِّيْ ۚ وَمَنْ لَّمْ يَطْعَمْهُ فَاِنَّهٗ مِنِّيْٓ اِلَّا مَنِ اغْتَرَفَ غُرْفَةًۢ بِيَدِهٖ ۚ ...

*'...અલ્લાહ તમારી આઝમાઈશ એક ઝરણા વડે કરશે : જે તે ઝરણામાંથી પીશે તે અમારામાંથી નથી અને જે ઝરણામાંથી નહીં પીએ તે અમારામાંથી હશે સિવાય કે તે વ્યક્તિ જે ઝરણામાંથી એક ખોબો ભરશે...''*

ઉપરોક્ત અનુવાદ સૂરએ બકરાની આયત ર૪૯ના એક ભાગનો છે. જે અલ્લાહે ઈમાનની ચકાસણી કરવા માટે નિર્ધારિત કરેલી એક વિશેષ કસોટી તરફ નિર્દેશ કરે છે.

અલ્લાહે આ આયત તેના આખરી નબી રસૂલલ્લાહ (સ.) તરફ મોકલી છે અને તે માનવજાત માટે એક કાયમી ચેતવણી સમાન છે. તેના વડે જુઠ્ઠાણા અને સચ્ચાઈ વચ્ચેનો ફેર પારખી શકાય છે. આ આયતનો અભ્યાસ કરતાં હઝરત અબ્બાસ અલમદાર (અ.)ની યાદ આવ્યા વગર રહેતી નથી જેમણે આ કસોટી સચોટ રીતે પાર કરી હતી. આ અબ્બાસ અલમદાર (અ.) તે હસ્તીના ફરઝંદ હતા કે જેમને અલ્લાહના રસૂલ (સ.)એ બે વખત પોતાના ભાઈ તરીકે જાહેર કર્યા હતા.

તેઓ બીજા કોઈ નહીં, પરંતુ અમીરુલ મોમિનીન અલી ઈબ્ને અબૂ તાલિબ (અ.)ના ફરઝંદ હતા.

સૈયદા ફાતેમા (અ.)ની શહાદત પછી ઈમામ અલી (અ.)એ તેમના ભાઈ હઝરત અકીલની સલાહ મુજબ ઉમ્મુલ બનીન સાથે નિકાહ કર્યા હતા. આ નેક બીબીએ બાળપણથી જ અબ્બાસ (અ.)ને રસૂલ (સ.)ના નવાસાઓની અદબ જાળવવાનું શીખવ્યું હતું. આ જ કારણે હઝરત અબ્બાસ (અ.) ઈમામ હસન (અ.)ને યા સૈયદી (મારા સરદાર) અને ઈમામ હુસૈન (અ.)ને યા મૌલાઈ (મારા માલિક) કહેતા હતા.

કરબલામાં જ્યારે હઝરત અબ્બાસ (અ.) અને તેમના ભાઈઓ માટે ઈબ્ને ઝિયાદે શિમ્રના કહેવાથી અમાનનામું જાહેર કર્યું ત્યારે હઝરત અબ્બાસે આ માફીનામાને ફગાવી દીધું અને નીચે મુજબના સખ્ત શબ્દોમાં માફીનામાની ઝાટકણી કાઢી. ''અમને તારા તરફની સલામતીની કોઈ જરૂર નથી. અલ્લાહે અમને જે સલામતી આપી છે તે ઈબ્ને ઝિયાદે આપેલી સલામતીથી બેહતર છે.'' તેમણે શિમ્રને સંબોધીને કહ્યું, ''અલ્લાહ તને લકવાગ્રસ્ત કરીને નષ્ટ કરે અને તારા કાગળને પણ નષ્ટ કરે. શું તું તે સંજોગોમાં અમને સલામતીની બાંહેધરી આપે

છે કે જે સંજોગોમાં અલ્લાહના રસૂલ (સ.)ના ફરઝંદ સલામત નથી ?''

આ રીતે હઝરત અબ્બાસ અલમદારે સલામતીની મળેલી તકને ફગાવી ઈમામ (અ.)ની નુસરત કરતાં બન્ને હાથો કપાવી શહાદત વહોરી લીધી અને જંગ દરમિયાન નેહરે ફુરાત સુધી પહોંચીને પણ પાણી પીધું નહીં અને અલ્લાહે નિર્ધારિત કરેલી ઈમાનની કસોટી શાનદાર રીતે પાર કરી.

અહીં ઈમામે ઝમાના ઈમામ મહદી (અ.)નું હઝરત અબ્બાસ (અ.) વિષે શું વિધાન છે તે પણ જાણી લઈએ.

''અમીરુલ મોમિનીનના ફરઝંદ અબુલ ફઝલ અબ્બાસ ઉપર સલામ કે જેમણે ભાઈના રક્ષણ માટે પોતાની જાન કુરબાન કરી અને ભવિષ્ય માટે ભાથું ભેગું કર્યું. તે એ છે કે જેમણે ભાઈ માટે પોતાની જાતને કુરબાન કરી, પોતાના જીવનને ઢાલ બનાવીને ભરપૂર પ્રયત્નો કર્યા.''

**ઝહીર હોસ્ટેલ અને ફાતેમા ગર્લ્સ હોસ્ટેલને ઈફતારી માટે મળેલ ડોનેશન**

રૂા.૩૦૦૦૦/– બંદએ ખુદા તરફથી

રૂા.૫૦૦/– મો.શબ્બીરઅલી શરીફભાઈ રાજપુરા(કનાઈ)

રૂા.૫૦૦/– ડો.હાસમભાઈ જલાલ દેધરોટીયા (ઝહીરાબાદ)

રૂા.૧૦૦૦/– મો.મદદઅલી નશીરભાઈ વિજાપુરા (જેઠીપુરા)

રૂા.૧૦૦૦/– મર્હૂમ મો.સુલેમાનભાઈ ઈબ્રાહીમભાઈ માસ્ટર (જેઠીપુરા)

રૂા.૨૫૦૦/– મો.ઈમદાદઅલી ગુલામભાઈ કડીવાલા (વાઘરોલ–ઝહીરાબાદ)

૧૫ મણ ઘઉં શીઆ જાફરી મશાયખી મોમિન જમાઅત, મહેરપુરા તરફથી

રૂા.૨૦૦૦/– મો.જી.એન.કરારીયા (પ્રાઈમ હોટલ)

રૂા.૧૦૦૦/– મો.ગુલામભાઈ કડીવાલા (કાકોશી)

રૂા.૨૦૦૦/– મો.અલીરઝા વી. ઢુકા (કાકોશી)




મીકદાદઅલી
MO 99257 47592
(જેઠીપુરાવાળા)

**મંઝર ચશ્માઘર**

Manzar Optical

**નંબરના ચશ્મા, ફેન્સી ગોગલ્સ તથા સનગ્લાસના ચશ્મા બનાવી આપવામાં આવશે.**

**L-5, આકાશગંગા કોમ્પલેક્ષ, નિરાલી બસ સ્ટેન્ડ રોડ, હિંમતનગર.**

# ખુત્બો : બીમારોના ખબરઅંતર પૂછવા ૪

પ્રસ્તુતકર્તા : મોલ્વી મો.શેરઅલી એસ. નાંદોલીયા (બાદરગઢ)

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعَالَمِيْنَ وَالصَّلَاةُ وَالسَّلَامُ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِهِ الطَّيِّبِيْنَ

હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.)થી મન્કૂલ છે કે, "જે વ્યકિત કોઈ મોમિનની ખબરઅંતર પૂછવા જાય છે તો અલ્લાહની રહેમત તેની સાથે હોય છે અને જ્યારે તેની પાસે જઈને બેસે છે ત્યારે અલ્લાહની રહેમત તેણે ઘેરી લે છે અને જ્યારે તે ત્યાંથી પાછો આવે છે ત્યારે અલ્લાહ તઆલા ૭૦ હજાર ફરિશ્તાઓને નકકી કરે છે કે જે બીજા દિવસે એ સમય સુધી તેના ઉપર દુરૂદ મોકલે અને તેના માટે મગ્ફેરતની દુઆ કરે અને કહેતા રહે કે અય ખુશનસીબ ! તારી જન્નત તારા માટે મુબારક થાય, અને તેને જન્નતમાં એટલી બધી જગ્યા અતા કરે છે કે ઘોડેસવાર ૪૦ વર્ષ સુધી એમાં ઘોડો દોડાવી શકે." (તેહઝીબુલ ઈસ્લામ, પેજ-૩૮૦)

રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું કે, "જે માણસ કોઈ બીમારની અયાદત (ખબરઅંતર) પૂછવા માટે જાય તો બીમારની પાસે બેસી રહે ત્યાં સુધી (અલ્લાહની) રહેમતમાં ડૂબતો જાય છે અને જ્યારે તેની પાસે બેસે છે અલ્લાહની રહેમત તેને ઢાંકી દે છે.

(ઈર્શાદાતે રસૂલ, પેજ-૩૧૦, હદીસ-૯૩૨)

એક અન્ય હદીસમાં આપ (સ.)એ ફરમાવ્યું કે, "કોઈ માણસ જ્યારે કોઈ બીમારની ખબર કાઢવા જાય છે તો ખબર કાઢવા માટે નીકળે તે સમયથી લઈને જો દિવસ હોય તો રાત્રીનો અંધકાર છવાઈ જાય ત્યાં સુધી અને રાત હોય તો સુબ્હ થાય ત્યાં સુધી ૭૦ હજાર ફરિશ્તાઓ તેના ઉપર દુરૂદ મોકલે છે." (ઈર્શાદાતે રસૂલ, પેજ-૩૧૦, હદીસ-૯૩૩)

મોમિનીન અને મોમિનાત ! અહીંયા આ હદીસોથી આપણને જાણવા મળે છે કે બીમારોની ખબરઅંતર પૂછવાની કેટલી બધી ફઝીલત બતાવવામાં આવી છે. જો કોઈ બીમાર માણસ હોય અને તેની ખબર પૂછવા જવામાં આવે તો આપણે જાણ્યું કે ફરિશ્તાઓ તેના ઉપર દુરૂદ મોકલે છે અને એને જન્નતમાં એટલી બધી જગ્યા આપવામાં આવે છે કે ઘોડેસવાર ૪૦ વર્ષ સુધી ઘોડાને દોડાવતો રહે અને સાથે સાથે એ પણ જાણ્યું કે જ્યાં સુધી તેની પાસે બેસી રહે ત્યાં સુધી અલ્લાહની રહેમત તેના ઉપર ઉતરતી રહે છે અને તે અલ્લાહની રહેમતમાં ડૂબતો જાય છે.

**ખબરઅંતર પૂછવાનો તરીકો :**

હઝરત અમીરુલ મોમિનીન (અ.)થી મન્કૂલ છે કે, "ખબરઅંતર પૂછવાવાળાઓમાં એ વ્યકિતને સવાબ વધારે મળે છે કે જે જલ્દી પાછો ચાલ્યો જાય સિવાય કે બીમાર પોતે તેનું બેસવું પસંદ કરે અને તેને બેસવાનો આગ્રહ કરે." એક બીજી હદીસમાં ફરમાવ્યું છે કે, "ખબરઅંતર પૂછવાની સાચી રીત એ છે કે તેના હાથ પર હાથ રાખીને તેની તંદુરસ્તી માટે દુઆ કરે અને જલ્દી ઊભો થઈ જાય કેમકે નાસમજનું ખબરઅંતર પૂછવું બીમારને પોતાની બીમારી કરતાં વધારે તકલીફદાયક લાગે છે."

**ખબરઅંતર પૂછવા જતી વખતે બીમાર માટે કંઈક લેતા જાઓ :**

બીજી એક હદીસમાં ફરમાવ્યું છે કે, "જ્યારે કોઈ બીમારની ખબર પૂછવા જાઓ તો સફરજન અથવા (બરિયા) સફરજન જેવું એક ફળ અને ઉદ (એક જાતની સુગંધિત લાકડી) પોતાની સાથે લઈ જાય કે આ બધી વસ્તુઓથી બીમારને રાહત પહોંચે છે.'' જો તમે કોઈ બીમારની મુલાકાતે જાઓ છો તો તે ખુશ થાય છે. તે શા માટે ખુશ થાય છે ?

તેની ખુશી એટલા માટે હોય છે કે તેને ખબર હોય છે કે તેનું ધ્યાન રાખવા માટે તમે છો. બીમાર માણસને એ વાતનો સંતોષ થાય છે કે કોઈ એવું છે કે જે તેની ચિંતા કરે છે અને તેની પીડાને સમજે છે.

ઈમામ સાદિક (અ.)એ ફરમાવ્યું, "તમારા ઓછામાં ઓછા દિલાસાની જરૂર એટલી જ છે કે આફતમાં ફસાયેલી વ્યકિત તમને હાજર રહેલા જુએ."

પયગમ્બર (સ.)એ ફરમાવ્યું કે, "જે કોઈ દુઃખમાં સપડાયેલા માણસને દિલાસો આપે છે તે તેના જેટલો જ સવાબ (કે જેટલો દુ:ખગ્રસ્ત માણસ પીડા સહન કરવાથી) મેળવે છે."

એક સમયે એક ઘરડી સ્ત્રી હતી કે જે રસૂલલ્લાહ (સ.) ઉપર દરરોજ કચરો નાખતી હતી કે જ્યારે આપ તેના ઘર પાસેથી પસાર થતા હતા, પરંતુ આપે કદી તેના પર ગુસ્સો ન કર્યો. એક દિવસ જ્યારે રસૂલલ્લાહ (સ.) તેના ઘર પાસેથી પસાર થયા ત્યારે આપની ઉપર કોઈએ કચરો ફેંક્યો નહીં. આપ રોકાયા અને તે ઘરડી સ્ત્રીના પાડોશીને તેની માહિતી પૂછવા લાગ્યા. પાડોશીએ કહ્યું કે, "તે ઘરડી સ્ત્રી આજે બીમાર છે અને પથારીવશ છે." એટલે રસૂલલ્લાહ (સ.) તેની ખબરઅંતર પૂછવા તેની પાસે ગયા એટલા માટે કે બીમારોની ખબરઅંતર પૂછવી એ નેક કાર્ય છે.

પેલી ઘરડી સ્ત્રીએ વિચાર કર્યો કે, રસૂલલ્લાહ (સ.) તેને ધમકી આપવા આવ્યા છે. તેણે પૂછ્યું, "મને ધમકી આપવા તમે હું બીમાર થઈ જાઉં ત્યાં સુધી કેમ રાહ જોઈ ? તમે ત્યારે કેમ ન આવ્યા કે જ્યારે હું તંદુરસ્ત હતી ?"

રસૂલલ્લાહ (સ.)એ તેને જવાબ આપ્યો કે, "હું તમને ધમકી આપવા નથી આવ્યો, પરંતુ તમારી ખબરઅંતર પૂછવા આવ્યો છું કારણ કે અલ્લાહ આપણને હુકમ કરે છે કે બીમારોની

દેખભાળ કરો." પેલી ઘરડી સ્ત્રી આશ્ચર્યમાં પડી ગઈ. તેણે આવું અભદ્ર વર્તન રસૂલલ્લાહ (સ.) સાથે કર્યું તેમ છતાંય રસૂલલ્લાહ (સ.) તેની સાથે કેટલી બધી રહેમદિલીથી વર્તી રહ્યા છે ! તેણે નક્કી કરી લીધું કે તે હવે રસૂલલ્લાહ (સ.)નું આજ્ઞાપાલન કરશે અને મુસલમાન થઈ ગઈ.

આજના જમાનામાં આ પ્રકારના બનાવો જોવા મળવા મુશ્કેલ છે, પરંતુ આપણે રસૂલલ્લાહ (સ.)ની સીરત પર ચાલનારા છીએ તો એમની પાસેથી સબક લેવો જોઈએ કે પેલી ઘરડી સ્ત્રીએ જે વર્તન કર્યું તે હકીકતમાં સારું ન હતું છતાં અલ્લાહના રસૂલે તેમની સાથે કેવો વ્યવહાર કર્યો? તો આપણે પણ ગમે તેની સાથે કોઈ અણબનાવ બનેલો હોય અથવા કોઈ કારણસર રિસાયેલા હોઈએ તો બીમારીના સંજોગોમાં તેની ખબરઅંતર પૂછવા જવું જોઈએ. તેનાથી આપણા જે અણબનાવ બનેલો હોય તે દૂર થઈ જશે અને આપસમાં મોહબ્બત પણ પેદા થઈ જશે. ખરેખર આવા સારા અખ્લાકી ગુણો આપણને એકતા તરફ લઈ જવાની પ્રેરણા આપે છે.

અંતમાં દુઆ માગીએ :

- અય અલ્લાહ ! અમને બીમારોના ખબરઅંતર પૂછવા જવાની નેક તૌફીક અતા ફરમાવજે.
- અય અલ્લાહ ! અમને સારા અખ્લાક કેળવવાની નેક તોફીક અતા કરજે.
- મોહંમદ વ આલે મોહંમદ પરના અમારા ઈમાનને વધારીને મજબૂત બનાવજે, આમીન.

સલવાત


મોમિન રોશનઅલી મો.૯૪૨૭૦ ૮૬૦૧૦ મોમિન મોહસિનઅલી મો.૯૦૯૯૬૧૭૯૫૦

મોમિન હાસમભાઇ મો.૯૪૨૯૩ ૮૨૬૬૪

(રસુલપુર – ખેરાલુવાળા)





યાદગાર હાર્ડવેર

હાર્ડવેર, પ્લાયવુડ, પ્લમ્બર પાઇપ ફીટીંગ

સામાનના છૂટક તથા જથ્થાબંધના વહેપારી.

30, ડિવાઇન પ્લાઝા શોપીંગ સેન્ટર, બસ સ્ટેન્ડ રોડ, વડનગર.

મૌલા અલી(અ.)ના જીવન પ્રસંગો પર આધારિત કિતાબ

# અલ ઈર્શાદ

:: લેખક ::
શેખ મુફીદ

## જંગે અહઝાબનાં મિત્રદળો સામે જંગ

(ગતાંકનું ચાલું)

આં હઝરત (સ.)એ જવાબ આપ્યો,

"આ પ્રકારની કોઈ ઈલ્હામી હિદાયત મને અલ્લાહ તરફથી મળી નથી. તેમ છતાં સઘળા અરબ લોકો સામૂહિકરીતે તમારા વિરોધી થઈ ગયા છે (એક કમાનથી તીર ચલાવી રહ્યા છે.) તેઓ જુદા જુદા ઈલાકાઓમાંથી આવેલા છે અને હું ઈચ્છું છું કે તેમના હુમલાઓને નિષ્ફળ બનાવી દો."

આ સાંભળીને સઅદ બિન મઆઝે જવાબ આપ્યો કે –

"તે લોકો અને અમે લોકો બુતપરસ્ત હતા અને બુતોની પૂજા કરતા હતા. અમે અલ્લાહની બાબતમાં કંઈ જાણતા ન હતા કે ન તો અમે તેની ઈબાદત કરતા હતા. અમે જે પણ પેદા કરતા હતા એમાંથી કંઈ પણ અમે એમને આપતા ન હતા સિવાય એના કે અમે બધી પેદાવારને વેચી દેતા હતા. પરંતુ હવે અલ્લાહે અમને એવી ઈજ્જત બક્ષી છે કે અમે ઈસ્લામથી સન્માનિત થઈ ગયા છીએ અને અલ્લાહે અમને હિદાયત આપી છે અને આં હઝરત (સ.) ! આપની બદૌલત અલ્લાહે અમને તાકતવર બનાવી દીધા છે. હવે અમારી જે મિલકત છે શું અમે તેને તે લોકોના હવાલે કરી દઈએ ? અમારે આવું કરવાની શું જરૂર છે ? ખુદાની કસમ, અમે તેમને કંઈ પણ નહીં આપીએ. તલવાર દ્વારા અલ્લાહ અમારા અને તેમના વચ્ચે ફેંસલો કરશે."

પયગમ્બરે ખુદા (સ.)એ જવાબ આપ્યો,

"હું તમારા મનના ભાવ સમજું છું એટલા માટે તમારા અકીદા ઉપર કાયમ રહો. અલ્લાહ તઆલા પોતાના રસૂલ (સ.)ને એકલો નહીં છોડે કે ન તો પોતાના રસૂલ (સ.)ને દુશ્મનના હવાલે થવા દેશે. અલ્લાહ પોતાના વાયદાને પૂરો કરશે."

ત્યાર પછી પયગમ્બર (સ.) મુસલમાનોના રૂબરૂ ખડા થઈ ગયા અને તેમને તાકીદ કરી કે દુશ્મનોના વિરૂધ્ધ સંઘર્ષને તેજ કરી દો. આં હઝરત (સ.)એ તેમના ઉત્સાહમાં વધારો કર્યો અને તેમને અલ્લાહની મદદનો વાયદો કર્યો.

કુરૈશના સરદારોએ લલકારીને કહ્યું કે તેઓ એકની સામે એક (દ્વંદ્યુધ્ધ) લડવા માગે છે. કુરૈશના સરદારોના પ્રતિનિધિ–લડવૈયાઓમાં અમ્ર બિન અબ્દેવદ બિન અબી કૈસ બિન આમિર બિન લવી બિન ગાલિબ અને અક્રમા બિન અબૂ જહલ અને હુબૈરા બિન અબી વહબ (બન્ને મખ્ઝૂમ કબીલાથી હતા) અને ઝરાર બિન ખત્તાબ અને મિરદાસ ફહેરી શામેલ હતા. આ લોકો લશ્કરી પોષાક પહેરેલા હતા અને

ઝડપથી આગળ વધી રહ્યા હતા એટલે સુધી કે તે લોકો બની કનાનાના મહોલ્લામાં આવી ગયા. ત્યાં તે લોકોએ નાઅરો લગાવ્યો કે, "બનૂ કનાનાના લોકો ! જંગ માટે તૈયાર થઈ જાઓ." તે લોકો પોતાના ઘોડાઓને આગળ વધારતા રહ્યા એટલે સુધી કે તેમની સામે ખંદક બાધારૂપ બની ગઈ. તે જોઈને તે લોકોએ વિચાર કર્યો અને કહ્યું,

"આ એક ફરેબી ચાલ છે. જંગમાં અરબ આ પ્રકારની મકકારી કરતા નથી."

ત્યાર પછી તેઓ એક એવી જગ્યાની શોધ કરવા લાગ્યા કે જ્યાં ખંદકની પહોળાઈ ઓછી હતી. પછી તેમણે પોતાના ઘોડાઓને એડ લગાવી અને ખૂબ ઝડપથી દોડાવતા દોડાવતા ખંદકને પાર કરી દીધી. એ લોકો એવી જગ્યાએ આવી ગયા કે હવે તેમની પાછળ ખંદક અને આગળના ભાગમાં સુલીઅની પહાડી હતી. આ લોકોને જોઈને અમીરુલ મોમિનીન કેટલાક મુસલમાનોને પોતાની સાથે લઈને આગળ વધ્યા અને પોતાના રક્ષણને મજબૂત કરવા લાગ્યા. અમ્ર બિન અબ્દેવદ પણ પોતાના સાથીઓની સાથે આગળ વધ્યો. તેણે પોતાના લશ્કરી ઝંડો ઊંચો કર્યો જેથી પોતાના વ્યકિતત્વનું પ્રદર્શન કરી શકે. જ્યારે તેણે પોતાની આગળ મુસલમાનોને આવતા જોયા તો તે લોકો થંભી ગયા.

તેણે પડકાર ફેંક્યો,

"તમારામાંથી કોણ એવો છે કે જે મારી સાથે એકલો મુકાબલો કરી શકે ?"

આ સાંભળીને અમીરુલ મોમિનીન (અ.) આગળ વધ્યા અને તેના મુકાબલા માટે આવી ગયા. અમ્ર બોલી ઉઠ્યો,

"અય મારા ભાઈના બેટા ! તમે પાછા ચાલ્યા જાઓ. હું તમને કતલ કરવા માગતો નથી."

આ સાંભળીને અમીરુલ મોમિનીન (અ.) એ કહ્યું,

"તમે અલ્લાહ સાથે એક વાયદો કર્યો છે, અય અમ્ર ! કે અગર કોઈ કુરેશ તમારી સામે બે પ્રકારની ફરમાઈશ કરે તો તમે તેમાંથી એક જરૂર મંજૂર કરી લો છો."

તેણે જવાબ આપ્યો,

"ચોકકસ, એ ફરમાઈશ શું છે ?"

આપ (અ.)એ કહ્યું,

"હું દાવત આપું છું કે અલ્લાહ અને તેના રસૂલ (સ.) ઉપર ઈમાન લાવો."

તેણે જવાબ આપ્યો,

"હું તેને જરૂરી સમજતો નથી."

તેણે બીજી વાર કહ્યું,

"પાછા ચાલ્યા જાઓ. તમારા બાપ મારા નિકટના દોસ્ત હતા એટલે હું તમને હલાક કરવાનું ઈચ્છતો નથી."

અમીરુલ મોમિનીન (અ.)એ ફરીથી જવાબ આપ્યો,

"ખુદાની કસમ, હું તમને હલાક કરવા માગું છું અથવા તો તમે હકને કબૂલ કરી લો."

તે પણ ગુસ્સાથી લાલ પીળો થઈ ગયો અને બોલ્યો,

"શું તમે મને હલાક કરશો ?"

તે પોતાના ઘોડા ઉપરથી નીચે કૂદી પડ્યો અને ઘોડાને ચાબુક ફટકારીને દોડાવી દીધો એટલે સુધી કે ઘોડો નજરોથી ગાયબ થઈ ગયો. ત્યાર પછી તે હઝરત અલી (અ.)ની તરફ આગળ વધ્યો. તેના હાથમાં ઊઘાડી તલવાર હતી. તેણે ઝડપથી પોતાની તલવારનું રૂખ આપની તરફ ફેરવી દીધું અને ભરપૂર હુમલો કર્યો. હઝરત અલી (અ.)એ તલવારના વારને ઢાલ ઉપર રોકી લીધો અને એક જ ક્ષણમાં હઝરત અલી (અ.) એ પોતાની શમશેરથી ગઝબનાક વાર કર્યો અને તેને હલાક કરી દીધો. જ્યારે અક્રમા બિન અબી જહલ અને હુબૈરા બિન અબી વહબ અને ઝરાર બિન ખત્તાબે જોયું કે અમ્ર ઊંધો પડ્યો છે તો તે લોકોએ પોતાના ઘોડા પાછા દોડાવ્યા અને ખંદકની પેલે પાર ભાગી ગયા. (ક્રમશઃ)


# વફાદાર ટૂર

**ઝિયારત–૨૦૧૩**

ઝિયારત પ્રોગ્રામ

ઈરાન–ઈરાક : ૨૪ દિવસ

(૧૮ ઝિલહજ થી ૧૩ મોહર્રમ)

ઈરાક : ૧૪ દિવસ

(૨૮ ઝિલહજ થી ૧૪ મોહર્રમ)

::::::::: **સંપર્ક** :::::::::

જાફરઅલી ભટ્ટ - Mo. 9998897720

હસનભાઈ ભટ્ટ - Mo. 9979991779

બાકરઅલી ભટ્ટ - Mo. 9998822121



# S.A.S.

**Cement Bricks & Block Product**



Size : 9 x 4 x 3

Size : 12 x 8 x 4

**Paver Tiles, Paver Blocks, Cement Bricks & Rubber Blocks**



**Sabirali A. Saleh**
( Sedrana )
Mo.99799 25530



Floring Tiles

Floring Block

Sidhpur Sedrana Road, Opp. Rajena Agro, At.Po.Sedrana,
Ta.Sidhpur, Dist.Patan - 384151.

# મીર અનીસના મરસિયા

**મરસિયા—૧** (ગતાંકનું ચાલું) مرثیہ-۱

| | |
|---|---|
| **શહાદત જનાબે અમીરુલ મોમિનીન અલી ઇબ્ને અબીતાલિબ (અ.)** | **شہادت جناب امیرالمومنین علی ابنِ ابی طالبؑ** |
| **દુશ્મન પે ભી મૌલા કા યે થા લુત્ફો મુદારા** | دشمن پہ بھی مولا کا یہ تھا لُطف و مدارا |
| **પ્યાસા રહે કાતિલ ન અલી કો થા ગવારા** | پیاسا رہے قاتل نہ علیؑ کو تھا گوارا |
| **વો લોગ થે કૈસે કરો ઈન્સાફ ખુદારા** | وہ لوگ تھے کیسے کرو انصاف خدارا |
| **પ્યાસા જિન્હોંને હઝરતે શબ્બીર કો મારા** | پیاسا جنہوں نے حضرتِ شبّیرؑ کو مارا |
| **કાતિલ પે યે એહસાન થા જિસ હક કે વલીકા** | قاتل کے پہ یہ احسان تھا جس حق کے ولی کا |
| **પાનીસે તરસતા રહા ફરઝંદ ઉસીકા** | پانی سے ترستا رہا فرزند اسی کا |

(દુશ્મન ઉપર પણ મૌલા અલી (અ.)ની કેવી મહેરબાની અને ખાતિરદારી હતી ! પોતાનો કાતિલ તરસ્યો રહે એ બાબત મૌલા અલી (અ.)ના દિલને રૂચતી ન હતી. ખુદાના વાસ્તે ઈન્સાફ કરજો કે એ લોકો કે જેમણે ઈમામ હુસૈન (અ.)ને તરસ્યા જ શહીદ કર્યા, અલ્લાહના જે વલીનો પોતાના કાતિલ ઉપર આ કેવો એહસાન હતો અને એમના જ ફરઝંદ હુસૈન (અ.) પાણી માટે તરસતા રહ્યા.)

| | |
|---|---|
| **કાતિલ કે યદુલ્લાહ ને ખુલવાયે બંધે હાથ** | قاتل کے یداللہ نے کھلوائے بندھے ہات |
| **ઔર બાઝૂએ કુલસૂમ બંધે રસ્સી મેં હૈહાત** | اور بازوئے کلثومؑ بندھے رسی میں ہیہات |
| **બાંધે હૂએ થે બાઝૂએ ઝૈનબ કો ભી બદઝાત** | باندھے ہوئے تھے بازوئے زینبؑ کو بھی بدذات |
| **ફરમાતે હૈ યે સૈયદે સજ્જાદે ખુશ ઔકાત** | فرماتے ہیں یہ سیّد سجادِؑ خوش اوقات |
| **ઝાલિમ હમેં દરબારમેં જબ લે કે ચલે થે** | ظالم ہمیں دربار میں جب لے کے چلے تھے |
| **એક રસ્સી થી ઔર બારા અસીરોંકે ગલે થે** | اک رسّی تھی اور بارہ اسیروں کے گلے تھے |

(અલ્લાહના શેર મૌલા અલી (અ.)એ પોતાના કાતિલના બંધાયેલા હાથ ખોલાવી દીધા અને હાય, હાય ! કરબલામાં દુશ્મનોએ બીબી કુલસૂમના હાથ રસ્સીઓથી બાંધી દીધા. એ નાલાયકોએ બીબી ઝૈનબ (અ.) ના હાથ પણ બાંધી દીધા હતા. સૈયદે સજ્જાદ (અ.) એવું ફરમાવતા હતા કે ઝાલિમો અમને યઝીદના દરબારમાં એવી રીતે લઈ ગયા હતા કે રસ્સી એક જ હતી અને તે એક જ રસ્સીથી બાર અસીરોનાં ગળાં બાંધેલાં હતાં.)

| | |
|---|---|
| **અલ કિસ્સા યે ફરઝંદોંસે જબ કહે ચૂકે હૈદર** | القصّہ یہ فرزندوں سے جب کہہ چکے حیدرؑ |
| **રોને લગે બાબા સે વો શેહઝાદે લિપટ કર** | رونے لگے باباسے وہ شہزادے لپٹ کر |
| **ચાહા કે ઊઠે, ઊઠ ન સકે ફાતહે ખૈબર** | چاہا کہ اٹھیں اٹھ نہ سکے فاتحِ خیبر |
| **બેટાં સે કહા બાંધો અમામા મેરે સર પર** | بیٹوں سے کہا باندھو عمامہ مرے سر پر |
| **જાં ઝૈનબો કુલસૂમ કી હોવેગી પિદરમેં** | جاں زینبؑ و کلثومؑ کی ہووے گی پدر میں |
| **મસ્જિદસે ઊઠા કે મુઝે અબ લે ચલો ઘરમેં** | مسجد سے اٹھا کر مجھے اب لے چلو گھر میں |

(ટૂંકમાં કહું તો જ્યારે મૌલા અલી (અ.) પોતાના ફરઝંદોને વસિયત કરી ચૂકયા તો બન્ને શાહઝાદાઓ પોતાના બાબાને વળગીને રડવા લાગ્યા. મૌલા અલી (અ.)એ ઊભા થવાની ઈચ્છા કરી પરંતુ ખૈબરના વિજેતા મૌલા અલી (અ.) ઊભા ન થઈ શકયા તો પોતાના બન્ને દીકરાઓને કહ્યું કે મારા માથા ઉપર અમામો બાંધી દો. મસ્જિદમાંથી ઉઠાવીને મને ઘેર લઈ ચાલો કેમકે મારી બન્ને દીકરીઓ ઝૈનબો કુલસૂમનો જીવ તો એમના બાપની અંદર હશે.)

| | |
|---|---|
| **રોતે હુએ સિબ્તૈને નબી બાપકો લાયે** | روتے ہوئے سبطینِ نبیؐ باپ کو لائے |
| **સર પિટતે નામૂસે મોહંમદ નિકલ આયે** | سر پیٹتے ناموسِ محمدؐ نکل آئے |
| **ઝૈનબ ને કહા, હાય પિદર ખૂંમે નહાયે** | زینبؑ نے کہا ہائے پدر خوں میں نہائے |
| **નાના નહીં, ઝૈનબ યે સિતમ કિસકો દિખાયે** | نانا نہیں زینبؑ یہ ستم کس کو دکھائے |
| **બરબાદ હૂઈ બેટીયાં ભી, બેટે ભી, ઘર ભી** | برباد ہوئیں بیٹیاں بھی بیٹے بھی گھر بھی |
| **બિન માંકે તો થી છોડ ચલે હાય પિદર ભી** | بن ماں کے تو تھی چھوڑ چلے ہائے پدر بھی |

(નબી (સ.)ના બન્ને નવાસાઓ પોતાના બાપને રડતા રડતા ઘેર લાવ્યા. મોહંમદ (સ.)ની નવાસીઓ પોતાનાં માથાં કૂટતી કૂટતી બહાર નીકળી આવી. બીબી ઝૈનબ (અ.) કહેવા લાગ્યાં, હાય હાય ! મારા

બાબા તો ખૂનમાં નહાયેલા છે. મારા નાના જીવતા નથી. હવે ઝૈનબ આ સિતમ કોને બતાવે ? મૌલા અલી (અ.)ની બેટીઓ બરબાદ થઈ ગઈ, બેટાઓ બરબાદ થઈ ગયા, આખું ઘર બરબાદ થઈ ગયું. મા વગરનાં તો હતાં જ, હવે બાબા પણ છોડીને ચાલ્યા ગયા.)

| | |
|---|---|
| **દો દિન રહા ઉસ સૈયદે આલમ કા યે આલમ** | دو دن رہا اُس سیّد عالم کا یہ عالم |
| **રૂખ ઝર્દ થા લબ ખુશ્ક થે ગશ આતે થે પૈહમ** | رُخ زرد تھا لب خشک تھے غش آتے تھے پیہم |
| **સર તા કદમ ફૈલ ગયા થા અસરે સમ** | سر تا بہ قدم پھیل گیا تھا اثرِ سم |
| **ઘટતી થી જો તાકત તો વરમ બઢતા થા હરદમ** | گھٹتی تھی جو طاقت تو ورم بڑھتا تھا ہر دم |
| **આયી જો શબે બિસ્તો યકમ મર ગયે હૈદર** | آئی جو شبِ بست و یکم مر گئے حیدرؑ |
| **ગુલ પડ ગયા દુન્યા સે સફર કર ગયે હૈદર** | غل پڑ گیا دنیا سے سفر کر گئے حیدرؑ |

(બે દિવસ સુધી દુનિયાના સરદાર મૌલા અલી (અ.)ની હાલત આવી જ રહી. મોઢું પીળુ પડી ગયું હતું, હોઠ સૂકાઇ ગયેલા હતા, વારંવાર બેભાન થઈ જતા હતા, માથાથી લઈને પગ સુધી ઝેરની અસર ફેલાઈ ગઈ હતી, જ્યારે શરીરમાં તાકાત ઘટી જતી હતી તો એકદમ સોજા વધી જતા હતા. જ્યારે માહે રમઝાનની એકવીસમી રાત આવી તો મૌલા અલી (અ.)ની શહાદત થઈ ગઈ. કૂફા શહેરમાં શોર મચી ગયો કે મૌલા અલી (અ.) દુનિયાથી કૂચ કરી ગયા.)

| | |
|---|---|
| **હાં અહલે અઝા રોવો કે યે વકતે બુકા હૈ** | ہاں اہلِ عزا روؤ کہ یہ وقتِ بُکا ہے |
| **પીટો કે મોહંમદકા વસી કત્લ હુવા હૈ** | پیٹو کہ محمدؐ کا وصی قتل ہُوا ہے |
| **હાદી જો તુમ્હારા હૈ વો દુન્યાસે ઉઠા હૈ** | ہادی جو تمہارا ہے وہ دنیا سے اُٹھا ہے |
| **દિન આજ કા સોચો તો કયામત સે સવા હૈ** | دن آج کا سوچو تو قیامت سے سوا ہے |
| **ઈક શોર હૈ માતમ કા બપા ઘરમેં નબી કે** | اک شور ہے ماتم کا بپا گھر میں نبیؐ کے |
| **બેટે લિયે જાતે હૈ જનાઝે કો અલી કે** | بیٹے لیے جاتے ہیں جنازے کو علیؑ کے |

(હાય, અઝાદારો ! રડતા જાઓ કે આ સમય રડવાનો છે. માતમ કરો કે હઝરત મોહંમદ મુસ્તફા (સ.)ના વસી કતલ થઈ ગયા છે. તમારા જે હાદી છે તે દુનિયાથી ચાલ્યા ગયા છે. જો તમે વિચાર કરો તો આજનો દિવસ કયામત કરતાં પણ વધીને છે. નબી (સ.)ના ઘરની અંદર માતમનો એક શોર ઉઠ્યો છે. મૌલા અલી (અ.)ના ફરઝંદો પોતાના બાપનો જનાઝો લઈને જઈ રહ્યા છે. ✻ (મરસિયો સમાપ્ત)

# સર્વશ્રેષ્ઠ સ્મરણ

મૌલાના ઓબયદુલ્લાહ અમૃતસરી
દ્વારા સંપાદિત
'અર્જહુલ મતાલિબ'નો અનુવાદ

## જનાબે અમીર (અ.)ના અમલી ફઝાએલનું વર્ણન

### ઔલાદે સાલેહ

(ગતાંકનું ચાલુ)

### ઈમામ હુસૈન (અ.)ના કાતિલોને સજા

(૧૦) બારઝી, મન્સૂર દવાનકીથી નકલ કરે છે કે તેમણે શામમાં એક આદમીને જોયો કે તેનું મોઢું જંગલી સુવ્વરના જેવું છે. તે કહેવા લાગ્યો કે હું જનાબે અલી (અ.) ઉપર દરરોજ એક હજાર વખત લા'નત કર્યા કરતો હતો. દર જુમ્આના દિવસે ચાર હજાર વખત તેમના પર અને તેમની ઓલાદ એ બધા ઉપર પણ લા'નત કર્યા કરતો હતો. એક વખત મેં જનાબે રસૂલલ્લાહ (સ.) ને સપનામાં જોયા. મન્સૂર કહે છે કે તે માણસે લાંબું સપનું બયાન કર્યું તેમાંથી એ પણ છે કે જનાબે ઈમામ હુસૈન (અ.)એ નબી (સ.)ની હુઝૂરમાં તે માણસની શિકાયત કરી. આં હઝરત (સ.)એ તેના મોઢા ઉપર પ્રહાર કર્યો. જ્યાં હુઝૂર (સ.)નો માર પડ્યો તે જગ્યા જંગલી સુવ્વરના જેવી બની ગઈ અને તે આદમી લોકોના માટે અલ્લાહની એક નિશાની બની ગયો.

(૧૧) જ્યારે અમ્ર બિન સઅદે અમ્ર બિન હુજ્જાજને પાંચસો સવાર આપીને મોકલ્યો અને તે ફુરાતના કિનારા પર જઈને ઉતર્યો અને ઈમામ હુસૈન (અ.) અને ફુરાત નદીના વચ્ચે તે લોકો અડચણરૂપ બની ગયા તો અબ્દુલ્લાહ બિન હસીન અલ લાઝદીએ પોકારીને કહ્યું, યા હુસૈન ! પાણીની તરફ નજર ઊંચી કરીને જુઓ. આપ તેમાંથી એક ટીપુ ય પી શકતા નથી એટલે સુધી કે આપ તરસને લીધે મરી જાઓ. જનાબે ઈમામ હુસૈન (અ.)એ ફરમાવ્યું, અય મારા પરવદિગાર ! આને હલાક કર અને તેને બક્ષતો નહીં. કહેવાય છે કે કરબલાના પ્રસંગ પછી તે બીમાર થઈ ગયો અને પાણીની (આખી) મશ્ક પી જતો હતો અને ત્યાર પછી ઊલટી કરી નાખતો હતો અને ફરી પાછો પાણી પીતો હતો અને ફરીથી ઊલટી કરી દેતો હતો અને તેની તરસ કદાપિ બુઝાતી નહોતી. મરતા દમ સુધી તેની આવી હાલત રહી.

(૧૨) મસ્રૂક (રઝી.અ.) કહે છે કે એક માણસ અમ્ર બિન સઅદના લશ્કરનો, જેમકે ઈબ્ને હૌઝા કહ્યા કરતા હતા, આગળ વધીને કહેવા લાગ્યો, અય હુસૈન ! તમને આગની બશારત થાય. ઈમામ હુસૈન (અ.)એ ફરમાવ્યું, તું જુઠ્ઠું બકે છે બલ્કે હું તો રબ્બુર્રહીમ, અને નબીએ શફીઅ અને મતાઅની તરફ આગળ વધનારો છું અને ફરમાવ્યું, તારું નામ શું છે ? તેણે કહ્યું, મારું નામ ઈબ્ને હૌઝા છે. ઈમામ (અ.)એ બન્ને હાથ બુલંદ કરીને ફરમાવ્યું, અય મારા રબ ! આને આગમાં જલાવી દે. ઈબ્ને

હૌઝા ગુસ્સામાં બગડી બેઠો. તેનો ઘોડો એક નહેરમાં કૂદી પડ્યો. તેનો પગ પેગડામાં ફસાઈ ગયો અને ઘોડો ઉછળવા કૂદવા લાગ્યો. તે તેના ઉપરથી નીચે પડી ગયો અને તેની રાન અને પગ જુદા થઈ ગયા. તેનો બીજો ભાગ પેગડામાં ફસાયેલો રહી ગયો. તે પથ્થરો ઉપર અને ઝાડ પર તેને મારતો ફરતો હતો એટલે સુધી કે તે મરણને શરણ થયો.

**એ કુદરતી આસાર (ચિહ્નો)નું વર્ણન કે ઈમામ હુસૈન (અ.)ની શહાદતથી જોનારાઓની ઈબ્રતના માટે નમૂદાર થયા.**

(૧) બસ્રહ અઝદિયા કહે છે કે ઈમામ હુસૈન (અ.) શહીદ થઈ ગયા તો મેહ વરસ્યો. સવારે અમારી ડોલ અને માટલાં, અમારી દરેક વસ્તુ ખૂનથી ભરેલી હતી.

(૨) ઝહરી (રહે.) કહે છે કે મને એ ખબર મળી કે ઈમામ હુસૈન (અ.)ની શહાદતના દિવસે બૈતુલ મુકદ્દસનો કોઈ પથ્થર એવો ઉપાડવામાં નથી આવ્યો કે જેની નીચે તાજુ ખૂન જોવા ન મળ્યું હોય.

(૩) ઉમ્મે હુબાન કહે છે કે ઈમામ હુસૈન (અ.)ની શહાદતના દિવસે ત્રણ દિવસ સુધી અમારા ઉપર અંધારું છવાઈ ગયું અને એવું ન બન્યું કે જાફરાન (કેસર)ને અમારામાંથી કોઈએ સ્પર્શ ન કર્યો હોય કે તેને મોઢા ઉપર ન ચોપડ્યું હોય અને તે ન સળગી ઉઠ્યો હોય. અને બૈતુલ મુકદ્દસનો કોઈ એવો પથ્થર ઉપાડવામાં ન આવ્યો હોય કે જેની નીચેથી તાજુ ખૂન જોવા ન મળ્યું હોય.

(૪) જમીલ બિન મર્રા કહે છે કે ઈમામ હુસૈન (અ.)ની શહાદતના દિવસે એ લોકોને એક ઊંટ જોવા મળ્યું અને તેને ઝિબ્હે કરીને પકાવ્યું તો તે (ખાણું) હંજલ (એક કડવા છોડ) ની માફક કડવું થઈ ગયું. તેમાંથી કોઈ પણ કંઈ ખાઈ શક્યો નહીં.

(૫) સુફયાન સૂરી (રહે.અ.) કહે છે કે મારી દાદી બયાન કરતી હતી કે હું ઈમામ હુસૈન (અ.)ની શહાદતના દિવસે જવાન લોંડી હતી, આસમાન કેટલાય દિવસો સુધી તેમના ઉપર રડતું રહ્યું હતું. (ક્રમશ:)



**ફારસીના મહાન કવિ શેખ સાઅદીની**

# શાયરીનો રસાસ્વાદ

**'ગુલિસ્તાન'માંથી પસંદ કરેલ પંક્તિઓ**

## WIDSOM (સમજદારી/ડહાપણ)

سُخــن آنگه کُـنَـد حکـیم آغـاز
یا سر انگشت سـوی لقمه دراز
کـه ز ناگـفـتـنـش خلل زایـد
یا ز نـاخـوردنـش به جـان آیـد
لاجـرم حـکـمتش بـود گـفـتـار
خـوردنـش تـنـدرسـتـی آرد بـار

**સુખન આન્ગા કુનદ હકીમ આગાઝ**
**યા સર અંગુશ્ત સવી લુકમા દરાઝ**
**કે ઝ નાગુફ્તનશ ખલલ ઝાયદ**
**યા ઝ નાખૂરદનશ બે જાન આયદ**
**લા જુર્મ હિકમતશ બૂદ ગુફ્તાર**
**ખૂર્દનશ તંદુરસ્તી આરદ બાર.**

(સમજદાર માણસ ફક્ત ત્યારે જ બોલવાનું શરૂ કરે છે કે જ્યારે તેને એવો ભય હોય છે કે તેના મૌન રહેવાથી કોઈ નુકસાન થશે અને જમવા માટે ત્યારે જ હાથ લંબાવે છે કે જ્યારે તેને એવો ભય હોય છે કે ખોરાકની અવગણના કરવાથી તે મરી જશે. ટૂંકમાં, તેની વાતચીત હિકમત હોય છે અને તેના ખાવાથી તંદુરસ્તી જળવાય છે.)

دو عـاقـل را نـباشـد کـیـن و پـیـکـار
نـه دانـایی ستیزد. بـــا سـبـکـسـار
اگر نادان به وحـشــت سخت گویـد
خـردمـنـدش بـه نـرمـی دل بـجـویـد
دو صـاحـبـدل نگـهـدارنـد مـویـی
همـیـدون سرکـشـی و آزرم جـویـی
و گـر بر هـر دو جـانـب جـاهلانند
اگـر زنـجیر بـاشـد، بـگـسـلانـنـد

**દર આકિલ રા નબાશદ કીન વ પૈકાર,**
**ન દાનાઈ સતીઝદ બા સબકસાર**
**અગર નાદાન બે વહશત સખત ગવીદ**
**ખુર્દમંદશ બે નર્મી દિલ બજવીદ**
**દો સાહબદલ નિગહદાર નદ મવી**
**હમીદૂન સરકશી વ આઝરમ જવી**
**વ ગર બર હર દો જાનિબ જાહલાનન્દ**
**અગર ઝંજીર બાશદ બ ગુસ્લાનન્દ**

(બે સમજદાર માણસો કદી પણ વેરવૃત્તિવાળા હોતા નથી કે એક બીજા સાથે ઝઘડતા નથી કે ન તો કોઈ સમજદાર માણસ કોઈ અજ્ઞાની માણસ સાથે લડાઈ કરવાનો. જો કોઈ અજ્ઞાની માણસ કડક શબ્દોમાં બોલશે તો સમજદાર માણસ તેને શાંત પાડવાનો પ્રયત્ન કરશે. બે ધાર્મિક માણસો કોઈનો વાળ પણ વાંકો કરવા નહીં દે, આવું જ કોઈ માથાભારે માણસ અને શાંતિના ચાહક માણસની બાબતમાં છે (કેમકે શાંતિનો ચાહક નરમ પડી જશે). પરંતુ જો બન્ને પક્ષો અજ્ઞાની હોય તો તેઓ લોખંડની સાંકળને પણ તોડી નાખશે.

**نگویند از سر بازیچه حرفی**
**کزان پندی نگیرد صاحب هوش**
**وگر صد باب حکمت پیش نادان**
**بخوانند، آیدش بازیچه در گوش**

**ન ગવીનદ અઝ સર બાઝીચા હરફ**
**કઝાન પંદી ન ગયરદ સાહબ હવશ**
**વ ગર સદ બાબ હિકમત પેશ નાદાન**
**બ ખવાનદ, આયદશ બાઝીચા દર ગવશ**

(સમજદાર માણસ મશ્કરીમાં કહેલી બાબતમાંથી પણ હિદાયત મેળવશે, પરંતુ જો કોઈ અજ્ઞાની માણસની આગળ હિકમતનાં એકસો પ્રકરણ વાંચી સંભળાવવામાં આવે તો પણ તે તેને એક રમત જ સમજશે.)

**فریدون گفت نقّاشان چین را**
**که پیرامون خرگاهش بدوزند**
**بدان را نیک دار، ای مرد هشیار**
**که نیکان خود بزرگ و نیک روزند**

**ફરીદૂન ગુફ્ત નક્કાશાન ચીન રા**
**કે પીર અમૂન ખર ગાહશ બદૂઝનદ**
**બદાન રા નેક દાર, અય મર્દ હોંશિયાર**
**કે નેકાન ખૂદ બુઝુર્ગ વ નેક રોઝનદ**

(ફરીદૂને ચીનના ગૂંથણકામ કરનારાઓને એવો હુકમ આપ્યો કે મારા તંબુના ફરતે આવા શબ્દોમાં ગૂંથણકામ કરી દો : "અય સમજદાર માણસ ! જે લોકો ખરાબ છે તેમની સાથે ભલાઈપૂર્વકનું વર્તન કર કારણ કે જે લોકો સદગુણી હોય છે તેઓ પોતે જ મહાન (બુઝુર્ગ) અને નસીબદાર હોય છે.)

### WORLD (દુનિયા)

**جهان ای برادر نَمانَد به کس**
**دل اندر جهان آفرین بند و بس**
**مکن تکیه بر مُلک دنیا و پُشت**
**که بسیار چون تو پرورد وکُشت**
**چو آهنگ رفتن کند جان پاک**
**چه برتخت مُردن ، چه بر روی خاک !**

**જહાન અય બિરાદર નમાનદ બે કસ**
**દિલ અંદર જહાન આફરીન બંદ વ બસ**
**મકુન તકીહ બર મુલ્ક દુન્યા વ પુશ્ત**
**કે બસયાર ચૂન તૂ પરૂરદ વ કુશ્ત**
**ચૂ આહંગ રફતન કુનદ જાન પાક**
**ચે બર તખત મુર્દન, ચે બર રવી ખાક !**

(અય બિરાદર ! દુનિયા કોઈની ય સાથે હંમેશાં રહેવાની નથી. તારા દિલને સમગ્ર કોઈનાતના સર્જનહારની સાથે જોડી દે. ન તો તું આ દુનિયાના સામ્રાજ્ય ઉપર આધાર રાખ કે ન તો તેનો આધાર શોધ કેમકે તેણે તારા જેવા તો ઘણાયને પોષણ પણ આપ્યું છે અને મારી પણ નાખ્યા છે. જ્યારે શરીરમાંથી રૂહ નીકળી રહી હોય છે ત્યારે માણસ રાજગાદી પર બેઠેલો રહીને ઈન્તેકાલ પામે કે ઊઘાડી જમીન પર રહીને ઈન્તેકાલ પામે એમાં કશો ફેર પડતો નથી.)

# ચમકતા સિતારા એસ.એસ.સી. ૨૦૧૩



શેલીયા મેઅરાજફાતેમા
ગુલામમહંમદ (કાકોશી)
P.R. 99.30




પલસાણીયા આબેદા
મહંમદઅલી (મેતા)
P.R. 99.10



કડીવાલા સાજિદહુસૈન
મુસ્તુફા (સેદ્રાણા)
P.R. 99.05



મતિયા અકબરઅલી
આબિદઅલી(તેજપુરા)
P.R. 97.28



લોઢા કામયાબઅલી
મહંમદરઝા (ઈલોલપ.)
P.R. 96.07



કડીવાલા રાહતઅલી
અનવરઅલી (કાકોશી)
P.R. 95.96



મસી મોહંમદઅલી
હૈદરઅલી (બાદરપુર)
P.R. 95.84




પલસાણીયા અઝમતફાતેમા
અનવરઅલી (મેતા)
P.R. 95.48



ધરખડ અઝમતફાતેમા
આબિદહુસૈન (બાદરપુર)
P.R. 94.96



ગોદડ સાજેદાબેન
મહદીઅલી (ઈલોલપ.)
P.R. 93.83




વિજાપુરા મહંમદઅલી
સાબિરહુસૈન
P.R. 91.62



મસી મુખ્તારઅલી
મુસ્તાકઅલી(બાદરપુર)
P.R. 85.34



મોમિન શબાના
મંજૂરઅલી (દમણ
P.R. 84.82



મોમિન વારિસઅલી
ઈસ્ફાકઅલી
CBSE



હુસૈનમોહંમદ
મીકદાદઅલી (કનાઈ)
CBSE



રોકડીયા આબિદઅલી
સાદિકઅલી
CBSE




બસારતફાતેમા
હૈદરઅલી (વસો)
P.R. 99.44



મંજૂરફાતેમા
શબ્બીરઅલી (વસો)
P.R. 93.68




રાહતફાતેમા
મંજૂરઅલી (વસો)



મુસમજી અબ્બાસઅલી
શૌકતઅલી (શેરપુરા)
P.R. 98.86

# ચમકતા સિતારા એસ.એસ.સી. ૨૦૧૩

## વિજ્ઞાન પ્રવાહ



મોમિન રહેમાનઅલી
અનવરઅલી
P.R. 98.42




માંકણોજીયા મૈસમઅલી
શબ્બીરભાઈ (ચડોતર)
P.R. 87.74



નૂરભાણેજ મકબૂલફાતેમા
બાકરઅલી
P.R. 84.10



જાવદી મોહંમદહસન
ઈબ્રાહીમભાઈ
P.R. 83.83



જાવદી મેઅરાજફાતેમા
ઈબ્રાહીમભાઈ
P.R. 78.40



પલસાણીયા અહમદઅબ્બાસ
મોહંમદ (મેતા)
P.R. 54.44



વરાળીયા કામરાનઅલી
અકબરઅલી (વેળાવાપુરા)
76.50%



બટ્ટી અકબરઅલી
અબ્બાસઅલી
CBSE

B.Pharm.




ભોવણીયા કનીઝફાતેમા
અકબરઅલી(ઈલોલ પ.)

B.R.S.



સુરપુરા ઈરફાનહૈદર
મોહંમદઅલી (સુરપુર)

## સામાન્ય પ્રવાહ



ભોવણીયા મેઅરાજફાતેમા
શબ્બીરઅલી(ઈલોલ પ.)
P.R. 99.82



કોજર કુલસૂમફાતેમા
શૌકતઅલી (જાફરીપુરા)
P.R. 99.04



મોમિન મેઅરાજફાતેમા
માસૂમઅલી
P.R. 95.61



લોઢા મહંમદઅલી
નાસિરહુસૈન (કિશોરગઢ)
P.R. 95.38



સુથાર મકબૂલફાતેમા
ગુલામઅલી (મોલીપુર)
P.R. 95.24



માકણોજીયા ઝૈનબબેન
શબ્બીરભાઈ (ચડોતર)
P.R. 93.12



શેરસીયા વારિસઅલી
મહંમદઅલી
P.R. 90.86



મોમિન સાકેરાબાનુ
રઝાહુસૈન (વસો)
P.R. 81.00



સુથાર વારિસહુસૈન
જાફરઅલી (નડીયાદ)
P.R. 63.96



માકણોજીયા રૂબાબફાતેમા
શબ્બીરભાઈ (ચડોતર)
P.R. 46.21

એસ.એસ.સી. / એચ.એસ.સી. / M.A.



સુણસરા સાજિદઅલી
આબિદઅલી (મેતા)
P.R. 85.82

એસ.એસ.સી.



શેલીયા હસનઅલી
મંજૂરહુસૈન (મેતા)
P.R. 98.00



મોમિન રાશેદાફાતેમા
ગુલામમોહસિન (વસો)
P.R. 96.50

એચ.એસ.સી.



મંજૂરફાતેમા
મહંમદહનીફ (વસો)
P.R. 98.12

M.A.



ભટ્ટ ફૈઝએહમદ
નૂરમોહંમદ (જેઠીપુરા)

અન્ય →



ચૌધરી તાહેરાબેન
કમરઅલી (મેતા)
B.Ed.



ગોદડ કનીઝફાતેમા
અકબરઅલી (કિશોરગઢ)
B.Ed.



પરબડીયા કનીઝઝેહરા
મોહંમદઅલી (સુરપુર)
B.Sc.



પલસાણીયા ફૈઝમોહંમદ
ગુલામમહંમદ (રસૂલપુર મે.)
B.Com.



બાલવા હસનઅલી
નૂરઅલી (ડીંડરોલ)
B.Com.

**જાફરી આવાઝ (માસિક) પરિવાર તરફથી તમામ વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન.**


**ખુશ ખબર... ખુશ ખબર... ખુશ ખબર...**

**આથી છાપી તથા આજુબાજુની તમામ જનતાને જણાવતાં આનંદ થાય છે કે**

# GREEN DUST

૩૦% સુધી છૂટ

બ્રાન્ડેડ ફેક્ટરી ડેમેજ
વોરંટી સાથે

**હવે છાપી હાઈવે ઉપર**

LCDs, વોશીંગ મશીન, એયર કન્ડીશનર, માઈક્રોવેવ, રેફ્રીજરેટર, મોબાઈલ, હોમ એપ્લાયાંસસ

## એસ. વી. ઈલેક્ટ્રોનિક્સ

પીરોજપુરા એપ્રોચ રોડ, સાગર કોમ્પલેક્ષની સામે, છાપી હાઈવે, મુ.પો. છાપી,
તા. વડગામ, જિ. બનાસકાંઠા – ૩૮૫૨૧૦

**સુલેમાનભાઈ વજીરભાઈ અઘારીયા (શેરપુરાવાળા)**

મો. ૯૮૭૯૪૦૧૬૯૯, ૯૮૯૮૯૦૫૪૨૯, ૧૮૦૦–૧૦૨–૩૮૭૮

www.greendust.com

| Blog બ્લોગ | : લેખન : |
|---|---|
| Ref : Wayfaring (My search for Truth) | હાજર પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ (મદ્દે.) |

- **Impression** (પ્રભાવ/છાપ)

  Work impresses, style doesn't. If you want to create an impression, let your work do it. Put your artificial style to rest.

  કાર્ય પ્રભાવ પાડે છે, (કાર્ય કરવાની) શૈલી પ્રભાવ પાડતી નથી. જો તમારે કોઈના ઉપર છાપ પાડવી હોય તો તમારા કાર્યને કરવા દો. તમારી બનાવટી શૈલીને આરામ કરવા માટે મૂકી રાખો.

- **Style** (શૈલી)

  There's a natural style for everyone, which suits him the best. Any style other than the natural style is affectation.

  દરેક વ્યક્તિ માટેની શૈલી કુદરતી હોય છે, કે જે તેને સૌથી સારી અનુકૂળ આવે છે. કુદરતી શૈલી સિવાયની બીજી કોઈ પણ શૈલી દંભ (દેખાડો) હોય છે.

- **Donation** (દાન/સખાવત)

  Never ask for more donation than what the donor can afford, but when the Donor is God Himself, never settle for anything less than what you can imagine. There's no limit to what God can give you except your own imagination.

  દાન આપનારને જેટલું પરવડતું હોય તેના કરતાં વધારે દાનની તેની આગળ કદી માગણી ન કરો. પરંતુ દાતા તરીકે અલ્લાહ પોતે જ હોય તો તમે ધારણા કરી હોય તેના કરતાં કંઈ પણ ઓછું કદી નક્કી ન કરતા. તમારી ધારણાની મર્યાદા ઉપરાંત અલ્લાહ જે કંઈ આપી શકે તેમ છે તેની કોઈ મર્યાદા જ નથી.

- **Decision** (નિર્ણય)

  Never implement your decision without convincing the people concerned how your decision will benefit them.

સંબંધિત લોકોના મનમાં ઠસાવ્યા વગર તમારા નિર્ણયને કદી પણ અમલમાં મૂકતા નહીં ભલેને પછી તમારો નિર્ણય તેમને ફાયદો કરે તેવો કેમ ન હોય.

- **Blog** (બ્લોગ)

  Instead of delivering your precept to people and spoiling relation with them, blog your precept and leave it for the later generations to savour.

  લોકોને તમારો (મૌખિક) ઉપદેશ આપવા અને તેમની સાથેના સંબંધો બગાડી નાખવાને બદલે તમારા ઉપદેશને બ્લોગ ઉપર મૂકો અને તેમને પાછળની પેઢીઓ માટે સ્વાદ માણવા મૂકતા જાઓ.

- **Strength** (તાકાત)

  Your strength lies in knowing and accepting your weakness.

  તમારી તાકાત ઈલ્મ મેળવવામાં અને તમારી નબળાઈઓનો સ્વીકાર કરવામાં રહેલી છે.

- **Reasoning and Rhetoric** (વિવેકબુધ્ધિ અને વાકચાતુર્ય)

  Never mistake rhetoric for reasoning. Rhetoric, without reasoning, will mislead and cause mayhem; reasoning, even without rhetoric, will be effective in solving your problems.

  કદી પણ વિવેકબુધ્ધિને વાકચાતુર્ય ગણી લેવાની ભૂલ ના કરતા. વિવેકબુધ્ધિ વગરનું વાકચાતુર્ય ગેરમાર્ગે દોરી જશે અને કાયમી ઈજા પહોંચાડશે, વાકચાતુર્ય વગરની વિવેકબુધ્ધિ પણ તમારી સમસ્યાઓના ઉકેલમાં અસરકારક બનશે.

- **Indulgence** (રીઝવવું તે/રાજી રાખવું)

  Indulge in God, and God and His entire creation will indulge in you. Indulge in yourself, and you'll be left alone.

  અલ્લાહને રાજી રાખો અને અલ્લાહ અને તેની સમગ્ર ખિલ્કત તમારાથી રાજી રહેશે. (જો તમે) તમારી જાતને રાજી રાખશો તો તમને એકલા છોડી દેવામાં આવશે.

**જાફરી આવાઝના ગ્રાહકના સરનામામાં ફેરફાર કરવાનો હોય કે અંક ન મળતો હોય તો મો.અકબરઅલી મસી (મો.૯૮૨૫૪૯૭૧૭૮, ૯૪૨૯૩૭૦૮૫૨)નો સંપર્ક કરવો**

# જ્ઞાન ગોષ્ઠિ

: સંપાદક :

**'મોમિન રત્ન'**

## વસિયત વિષે

(ગતાંકનું ચાલું)

**મય્યતના તર્કામાં (મય્યત જે વસ્તુઓ છોડી ગઈ હોય તેમાં)થી જે બાબત પહેલાં શરૂ કરવામાં આવે તે :**

સકૂનીએ હઝરત ઈમામ જાફ્રર સાદિક (અ.)થી રિવાયત કરી છે કે આપ (અ.)એ ફરમાવ્યું કે પહેલી વસ્તુ જે મય્યતના માલમાંથી શરૂ કરવામાં આવે તે તેનું કફ્રન છે, ત્યાર પછી કર્ઝ (દેવું) છે, ત્યાર પછી વસિયત છે, ત્યાર પછી મીરાસ (વારસો) છે. (૫૪૩૭)

આસિમ બિન હમીદે મોહંમદ બિન કૈસથી, તેમણે હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.)થી રિવાયત કરી છે કે આપ (અ.)એ બયાન ફરમાવ્યું કે અમીરુલ મોમિનીન (અ.)નો ઈરશાદ છે કે કર્ઝ વસિયતના પહેલાં, ત્યાર પછી કર્ઝના પછી વસિયત, પછી વસિયત પછી મીરાસ એટલા માટે કે બેહતરીન ફેંસલો કિતાબે ખુદાનો છે :

...مِنْۢ بَعْدِ وَصِيَّةٍ يُّوْصِيْنَ بِهَآ اَوْ دَيْنٍ...

(સૂરએ નિસા, આયત–૧૨)

*(વસિયત પછી જે થઈ ચૂકી છે અથવા કર્ઝના પછી.)* (૩૪૩૮)

હસન બિન મહબૂબે અબ્દુલ્લાહ બિન સિનાનથી, તેમણે હઝરત ઈમામ જાફ્રર સાદિક (અ.)થી રિવાયત કરી છે કે આપ (અ.)એ ફરમાવ્યું કે કફ્રન કુલ માલમાંથી હશે. (૫૪૩૯)

વળી આં જનાબ (અ.)એ ફરમાવ્યું કે અગર સ્ત્રી મરી જાય તો તેનું કફ્રન શોહરના માલમાંથી હશે. (૫૪૪૦)

**કોઈ માણસ મરી જાય અને તેના ઉપરનું કર્ઝ તેના કફ્રનની કિંમત બરાબર હોય તો... ?**

હસન બિન મહબૂબે અલી બિન રતાબથી, તેમણે ઝરારાથી રિવાયત કરી છે, તેમનું બયાન છે કે મેં આં જનાબ (અ.)થી એક માણસની બાબતમાં પૂછયું કે જે મરી ગયો અને તેના ઉપર કર્ઝ એટલું જ છે કે જેટલી તેના કફ્રનની કિંમત છે તો આપ (અ.)એ ફરમાવ્યું, કેટલાક લોકોને અજ્રો સવાબ લેવાનું કહેવામાં આવશે તે લોકો તેને કફ્રન આપી દેશે અને જે કંઈ તેણે પોતાના કફ્રનની કિંમત છોડી હોય તેનાથી તેનું કર્ઝ અદા કરી દેવામાં આવશે. (૫૪૪૧)

ઈબ્ને બકીરે મોહંમદ બિન મુસ્લિમથી, તેમણે હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.)થી રિવાયત કરી છે. તેમનું બયાન છે કે એક વખત મેં આં જનાબ (અ.)થી વારિસના માટે વસિયતની બાબતમાં પૂછયું. તો આપ (અ.)એ ફરમાવ્યું, તે જાઈઝ છે. પછી આપ (અ.)એ આ આયતની તિલાવત ફરમાવી :

...اِنْ تَرَكَ خَيْرًا ۖۚ اَلْوَصِيَّةُ لِلْوَالِدَيْنِ وَ الْاَقْرَبِيْنَ...

(સૂરએ બકરા, આયત–૧૮૦)

*(એ શરત સાથે કે છોડે કંઈ માલ તો સારી વસિયત કરે પોતાના મા–બાપના વાસ્તે અને રિશ્તેદારોના માટે.)* (૫૪૪૨)

મસ્નફ (અ.ર.) ફરમાવે છે કે એ હદીસ કે જેમાં એવું કહેવામાં આવ્યું છે કે વારિસના માટે કોઈ વસિયત નથી તે આ હદીસના વિરૂધ્ધ નથી. તેનો અર્થ એ છે કે એક તૃત્યાંશ (ત્રીજા ભાગ)થી વધારે કોઈ વારિસ માટે વસિયત નહીં થાય જેવી રીતે બિનવારિસના માટે પણ વસિયત ત્રીજા ભાગથી વધારે નથી. (૫૪૪૩)

અબ્દુલ્લાહ બિન મોહંમદ મજાલથી, તેમણે શોઅલ્બા બિન મયમૂનથી, તેમણે મોહંમદ બિન કૈસથી રિવાયત કરી છે. તેમનું બયાન છે કે એક વખત મેં હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.) થી એક એવા માણસની બાબતમાં પૂછયું કે જે પોતાની કોઈ ઓલાદને કોઈનાથી વધારે આપે છે તો આપ (અ.)એ ફરમાવ્યું, હા, અને પોતાની સ્ત્રીઓને પણ. (કેટલીકને કેટલીકથી વધારે આપી શકે છે.) (૫૪૪૪)

જુમ્લા ફરઝંદાને હૈદર ઔલિયા
જુમ્લા યક નૂરંદ હક કર્દ ઈ નિદા
પાકો મા'સૂમો મુતલ્હર ચૂં નબી
ઈ સુખનરા કસ નદાનદ જુઝ વલી

**–શેખ ફરીદુદ્દીન અત્તાર (રહે.અ.)**

**(હઝરત અલી (અ.)ના બધા જ ફરઝંદો વલીઓ છે અને અલ્લાહ તઆલાએ એ વાતનો ઈશારો કર્યો છે કે તેઓ સૌ એક જ નૂરના વિભાગો છે. તેઓ સૌ નબી (સ.)ની માફક જ પાક અને નિર્દોષ અને નિષ્કલંક છે અને આ વાત વલી સિવાય બીજું કોઈ જાણતું નથી.)**

### વસિયતને કબૂલ કરવાથી ઈન્કાર

હમ્માદ બિન ઈસાએ રબીઅ બિન અબ્દુલ્લાહથી, તેમણે મોહંમદ બિન મુસ્લિમથી, તેમણે હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી રિવાયત કરી છે કે અગર કોઈ માણસ કોઈ માણસને વસિયત કરે અને તે માણસ ગાયબ (ગેરહાજર) હોય તો તે માણસ માટે જાઈઝ નથી કે તેની વસિયતને રોકી દે, હા, જે માણસને વસિયત કરવામાં આવે અને તે શહેરમાં મોજૂદ ન હોય તો તેને ઈખ્તિયાર છે કે ચાહે કબૂલ કરે અને ચાહે કબૂલ ન કરે. (૫૪૪૫)

રબીએ ફઝીલ બિન યસારથી, તેમણે હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી એક એવા માણસની બાબતમાં રિવાયત કરી છે કે જેને વસિયત કરવામાં આવી. આપ (અ.) એ ફરમાવ્યું, અગર તેને આ વસિયત શહેરથી મોકલવામાં આવી હોય તો તેના માટે જાઈઝ નથી કે તેને રદ કરી દે, હા, અગર તે શહેરમાં મોજૂદ હોય અને તેમાં બીજો માણસ વસિયતના માટે મળી જાય છે તો તેને ઈખ્તિયાર છે. (૫૪૪૬)

સહલ બિન ઝિયાદે અલી બિન રયાનથી રિવાયતક રી છે. તેમનું બયાન છે કે મેં એક વખત હઝરત ઈમામ અબુલહસન (અ.)થી

પૂછયું કે એક માણસને તેના બાપે પોતાની વસિયતને કબૂલ કરવાની દાવત આપી, શું તેના માટે એ જાઈઝ છે કે તેની વસિયતને કબૂલ કરવાથી ઈન્કાર કરી દે ? તો આં જનાબ (અ.)ની તરફથી લખાણ આવ્યું કે તેનો ઈન્કાર કરવો જાઈઝ નથી. (૫૪૪૭)

મોહંમદ બિન અબી ઉમૈરે હિશામ બિન સાલિમથી, તેમણે હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી રિવાયત કરી છે, એક એવા માણસની બાબતમાં કે જે એક આદમીને વસિયત કરે છે અને તે આદમી તે વસિયતને કબૂલ કરવાનું નાપસંદ કરે છે. તો હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું કે તે આવી હાલતમાં માયૂસ ન કરે. (૫૪૪૮)

અલી બિન હકમે સૈફ બિન ઉમૈરથી, તેમણે મન્સૂર બિન હાઝિમથી, તેમણે હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી રિવાયત કરી છે કે આપ (અ.)એ ફરમાવ્યું કે જ્યારે કોઈ માણસ પોતાના ભાઈને વસિયત કરે અને તે ગાયબ હોય તો તેના ભાઈ માટે જાઈઝ નથી કે તે તેની વસિયતને રદ કરી દે એટલા માટે કે અગર તે મોજૂદ હોત અને કબૂલ કરવાથી ઈન્કાર કરી દેત તો તે કોઈ બીજા માણસને શોધી લેત. (૫૪૪૯)

**ઉંમરની એ હદ કે જેના પર છોકરા પહોંચી જાય તો તેની વસિયત જાઈઝ છે.**

મોહંમદ બિન અબી ઉમૈરે અબાન બિન ઉસ્માનથી, તેમણે અબ્દુર્રેહમાન બિન અબ્દુલ્લાહથી, તેમણે હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી રિવાયત કરી છે કે આપ (અ.)એ ફરમાવ્યું, જ્યારે છોકરો દસ વર્ષનો થઈ જાય તો તેની વસિયત જાઈઝ છે. (૫૪૫૦)

સફ્વાન બિન યહ્યાએ મૂસા બિન બકરથી,

## શબ્દ પરિચય

### તસ્બીહ

**તસ્બીહ :** (تسبيح) તસ્બીહ અરબી ભાષાનો શબ્દ છે. તેના અર્થ આ પ્રમાણે થાય છે : એકસો મણકાની માળા, જપમાળા, સુબ્હાનલ્લાહ (અલ્લાહ પવિત્ર છે)નો ઝિક્ર, અલ્લાહને યાદ કરવો, સ્મરણ, રટણ. **તસ્બીહ**નું બહુવચન **તસ્બીહાત** થાય. **તસ્બીહ** ઉપરથી બનતા શબ્દો **તસ્બીહખ્વાં** – તસ્બીહ પઢનાર (ફેરવનાર) **તસ્બીહખ્વાની** – વઝીફો પઢવો **તસ્બીહે સુલયમાની** – સુલયમાની પથ્થરના દાણાની તસ્બીહ કે જેની કાળાશ નીચે સફેદ લીટી હોય છે. **તસ્બીહે ફાતેમા (અ.)** – એ વઝીફો (ઝિક્ર) કે જે નબી (સ.)એ પોતાની સાહબઝાદી હઝરત બીબી ફાતેમા (અ.) ને દરેક ફર્ઝ નમાઝ પછી પઢવાની તાલીમ ફરમાવી હતી જેમાં ૩૩ વખત સુબ્હાનલ્લાહ ૩૩ વખત અલ્હમ્દોલિલ્લાહ અને ૩૪ વખત અલ્લાહુ અકબરનો ઝિક્ર છે. તસ્બીહ શબ્દ ઉપરથી બનતા કેટલાક રૂઢિપ્રયોગો. **તસ્બીહ પઢતે રહેના** – દરેક વખતે કોઈની યાદમાં રહેવું, હર વકત અલ્લાહની યાદમાં રહેવું **તસ્બીહ પઢી જાના** – વારંવાર કોઈનું નામ લેતા રહેવું. **તસ્બીહ ફેરના** – અલ્લાહના નામનો ઝિક્ર કર્યા કરવો.

તેમણે ઝરારાથી, તેમણે હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.)થી રિવાયત કરી છે. આપ (અ.) એ ફરમાવ્યું કે જ્યારે છોકરાની ઉંમર દસ વર્ષે પહોંચી જાય તો તેના માટે જાઈઝ છે કે પોતાના માલમાંથી કોઈને આઝાદ કરે અને તે શું ન્યોછાવર કરે અને એક હદ્દે મારૂફે હક સુધી વસિયત કરે તો તે જાઈઝ છે. (૫૪૫૧)

મોહંમદ બિન અબી ઉમૈર અબી અલમગરાથી, તેમણે અબી બસીરથી, તેમણે હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી રિવાયત કરી છે કે આપ (અ.)એ ફરમાવ્યું કે જ્યારે છોકરો દસ વર્ષની ઉંમરે પહોંચી જાય અને પોતાના માલમાંથી ૧/૩ એક તૃત્યાંશ માટે અને હક કામના માટે વસિયત કરે તો તેની વસિયત જાઈઝ છે અને જ્યારે સાત વર્ષનો હોય અને પોતાના થોડા માલ માટે હકના માટે વસિયત કરે તો તેની વસિયત જાઈઝ છે. (૫૪૫૨)

અને અલી બિન અલહકમે દાવૂદ બિન નોઅમાનથી, તેમણે અબી અય્યૂબથી, તેમણે મોહંમદ બિન મુસ્લિમથી રિવાયત કરી છે. તેમનું બયાન છે કે મેં હઝરત ઈમામ જાફર સાદિક (અ.)ને ફરમાવતા સાંભળ્યા, તેઓ ફરમાવી રહ્યા હતા કે જ્યારે કોઈ છોકરાની વફાતનો સમય નજીક હોય અને વસિયત કરે, હજુ તે બાલિગ ન થયો હોય, તો તેની વસિયત પોતાના કરાબતદારો માટે જાઈઝ છે પરંતુ ગરીબ માટે જાઈઝ નથી. (ક્રમશ:)

## નુસ્ખા

**પેશાબ**

* ક્યારેક ડાયાબીટીસ ન હોવા છતાં વારંવાર પેશાબ કરવા જવું પડતું હોય તો પેટ પર ડુંટીની નીચે કોઈ પણ તેલનું માલિસ કરવું પછી બાજરીને તાવડી પર ગરમ કરી કપડામાં બાંધી, પેટ, પેઢુ તથા કમર પર ૧૦–૧૫ મિનિટ રોજ શેક કરવાથી આરામ મળે છે.
* આમલી ૧૦ ગ્રામ લઈ રાતે એક કપ પાણીમાં પલાળી સવારે મસળીને પાણીને કપડાથી ગાળવું તે પાણીમાં આદુનો રસ એકથી બે ચમચી તથા એક ચમચી ખાંડ મેળવી શરબત કરીને સવાર સાંજ પીવાથી વારંવાર પેશાબ કરવા જવું પડતું હોય તો તે અટકે છે.
* કાળા તલ ૨૫૦ ગ્રામ, ખસખસ ૧૦૦ ગ્રામ તથા અજમો ૧૦૦ ગ્રામ અધકચરો શેકીને ખાંડીને ચૂર્ણ બનાવી શીશીમાં ભરી રાખવું. તેમાંથી દરરોજ ૨ થી ૫ ગ્રામ ચૂર્ણ, થોડી સાકર અને ચપટી હળદર મેળવીને સવાર–સાંજ બે વાર લેવાથી બહુમૂત્ર રોગ મટે છે.
* મેથી ત્રણ ભાગ, સૂંઠ એક ભાગ તથા અજમો એક ભાગનો લઈ તેનું ચૂર્ણ બનાવી મધ કે પાણીમાં દિવસમાં સવાર–સાંજ બે વાર લેવાથી બહુમૂત્ર રોગ મટે છે.
* મેથીની ભાજીનો રસ દસ તોલા, તેમાં પા ચમચી કાથો અને અડધી ચમચી સાકર મેળવીને પીવાથી બહુમૂત્ર રોગ મટે છે.

# આપણા ઘરની વાતો

**● કનાઈ મુકામે હાજરપીરે અને વલીઅહદે ઇસ્લામિક લાયબ્રેરીનું ઉદ્દઘાટન કર્યું તેમજ સૈયદા ખૈરુન્નિસા શિફાખાનાની મુલાકાત લીધી.**

તા. ૧૫–૬–૨૦૧૩, મુ.તા. ૫, શાબાન–૧૪૩૪, વિલાદત જનાબે અલી અકબર (અ.)ના દિવસે હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ (મદ્દે.) અને વલીઅહદ પીર સૈયદ મોહંમદ કામરાનહુસૈન બાવા સાહેબ (મદ્દે.)એ **'મક્તબુસ સકલૈન ઈસ્લામિક લાયબ્રેરી'**નું ઉદ્દઘાટન કર્યું હતું. **મોલ્વી સાહેબ ઈસ્માઈલભાઈ ચૌધરી**એ કલામે પાકની તિલાવત કરીને દુઆ પઢી હતી અને ત્યાર બાદ **'સૈયદા ખૈરૂન્નિસા શિફાખાના'**ની મુલાકાત લીધી હતી. મજલિસની શરૂઆત કલામે પાકની તિલાવત, દુરૂદ શરીફ અને આભારવિધિથી કરવામાં આવી હતી. નામદાર બાવા સાહેબે દુઆ માગી હતી કે – "દુઆ કરું કે આપણે આ જગ્યાએ લાઈબ્રેરી ખોલી છે અલ્લાહ આપણને તેની એવી કામયાબી આપે કે તેની કુર્બત અપાવે અને આપણને ઈલ્મ અલ્લાહની કુર્બત માટે પ્રાપ્ત કરવાની નેક તૌફિક અતા ફરમાવે, પોતાની અંદર અહંકાર આવી જાય તે માટે નહીં, અને આપણે જ્યારે ઈલ્મ પ્રાપ્ત કરીએ તો એમાં વિનમ્ર બંદા બનીને જ ફરીએ કે જેથી લોકોને ગમીએ અને જેમ મૌલા અલી (અ.)એ ફરમાવ્યું છે વિનયશીલ બની જાઓ કે જેથી દુનિયાની બધી કોમો તમને પોતાના સમજે. એવી વિનયશીલતાથી આપણે દુનિયામાં જીવીએ અને ક્યારેય પણ આપણા હિદાયતના સિલસિલા સાથે બેવફાઈ ન કરીએ અને હંમેશાં બારમા ઈમામના ઝુહૂર સુધી આ રસ્તા પર કાયમ રહીએ, આમીન.

**● શીઆ જાફરી મશાયખી મોમિન જમાઅત માટે 'પ્રોગ્રેસિવ બુક બેંક' :**

અલ્લાહ સુબ્હાનહૂ વ તઆલા અને મોહંમદ વ આલે મોહંમદની દુઆથી આપણા સમાજમાં ચાલુ સાલે ધોરણ ૮,૯,૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે **"પ્રોગ્રેસિવ બુક બેંક"** પાયલટ પ્રોજેક્ટ તરીકે મોમિન સમાજમાં અમુક શાખાઓમાં શરૂ કરવામાં આવેલ છે. આપણે જાણીએ છીએ કે બાળકો દર વર્ષે અભ્યાસ માટે નવા પુસ્તકો ખરીદે છે અને વર્ષના અંતે બીજા વર્ષે ઉપયોગમાં લઈ શકાય તેવી પરિસ્થિતિ હોતી નથી. તો આ બાબતને ધ્યાન પર લઈ બુક બેંક યોજના દ્વારા નવી તથા વપરાયેલી સારી સ્થિતિવાળી ચોપડીઓ તથા ગાઈડોનું બાઈન્ડીંગ કરી વિદ્યાર્થીઓને નજીવો ઘસારો લઈ આપવાનું શરૂ કરવામાં આવેલ છે, જેનાથી સમાજમાં શિક્ષણક્ષેત્રે આર્થિક ફાયદો થાય તથા એકતાની ભાવના કેળવાય. આ યોજનામાં વર્ષના અંતે આપવામાં આવેલ પુસ્તકો જમા કરાવવાના હોય છે. આપણા સમાજમાં આર્થિક રીતે નબળી પરિસ્થિતિવાળા વાલીઓના બાળકોને વિના મૂલ્યે પુસ્તકો આપવામાં આવે છે. સાથે સાથે વાલીઓનું આર્થિકભારણ ઓછું થાય તે પણ આ યોજનાનો હેતુ છે. સાબરકાંઠાના ૧૦ તથા પાટણ જિલ્લાના ૧

એમ કુલ ૧૧ શાખાઓમાં કુલ ૧૭૭ વિદ્યાર્થીઓએ લાભ લીધો છે. જેમાં ૧૧ વિદ્યાર્થીઓને વિના મૂલ્યે પુસ્તકો આપવામાં આવ્યાં છે. આ યોજનામાં વાર્ષિક ઘસારો ધો.૮ના રૂા.૨૦૦, ધો.૯ના રૂા.૨૫૦ અને ધો.૧૦ના રૂા.૩૦૦ રાખેલ છે અથવા જે વિદ્યાર્થીઓને ભાડે ચોપડીઓ ન લેવી હોય પરંતુ નવીન સેટ જોઈતો હોય તો પણ કિફાયત ભાવે આપવામાં આવશે. જે ગામોએ લાભ લીધેલ છે તેનો સંપૂર્ણ અહેવાલ નીચે મુજબ છે :

| ગામ | ધો.૮ | ધો.૯ | ધો.૧૦ | કુલ |
|---|---|---|---|---|
| સુરપુર | ૦૫ | ૦૮ | ૧૧ | ૨૪ |
| ઈલોલ તલાવ | ૧૮ | ૨૯ | ૦૭ | ૫૪ |
| ઈલોલ પહાડીયા | ૧૨ | ૧૦ | ૦૪ | ૨૬ |
| કનાઈ | ૦૬ | ૦૭ | ૦૯ | ૨૨ |
| કિશોરગઢ | ૦૧ | ૦૪ | ૦૭ | ૧૨ |
| કાટવાડ | ૦૦ | ૦૨ | ૦૧ | ૦૩ |
| જેઠીપુરા | ૦૪ | ૦૩ | ૦૬ | ૧૩ |
| ઈમાનપુરા | ૦૫ | ૦૩ | ૦૬ | ૧૪ |
| હરિપુરા | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૨ |
| ઝહીરપુરા કંપા | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૨ |
| જાફરીપુરા | ૦૦ | ૦૪ | ૦૧ | ૦૫ |

**નોંધ :** જે મોમિન ભાઈઓને આ "પ્રોગ્રેસિવ બુક બેંક"નો લાભ લેવા પોતાના ગામમાં શાખા શરૂ કરવી હોય તો તેમણે નીચે આપેલ નંબર પર સંપર્ક કરવો.

બાકરઅલી પરબડીયા મો.૯૨૨૭૭૮૬૪૪૦

ખાદિમહુસૈન બાદરપુરા મો.૯૭૧૨૮૦૧૯૭૧ / અકબરઅલી મતિયા મો.૭૬૦૦૮૧૦૭૫૪

● **ઇન્નાલિલ્લાહે..:**



ખાટાઆંબા (ઝહીરાબાદ–હિંમતનગર) નિવાસી **મર્હૂમ મો.અમદૂભાઈ અમીભાઈ સુથાર** મુ.તા. ૧૨ રજબ–૧૪૩૪, તા.૨૩–૫–૨૦૧૩ને ગુરૂવારના રોજ ૯૦ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. ⟶



⟵ ઝહીરપુરા (દિશોત્તર) નિવાસી **મર્હૂમ મો.મહંમદઅલી હાસમભાઈ મસી** મુ.તા. ૧૨, રજબ–૧૪૩૪, તા.૨૩–૫–૨૦૧૩ને ગુરૂવારના રોજ ૪૧ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે.

બાદરપુર નિવાસી **મર્હૂમા સકીનાબેન મહંમદભાઈ સાઠીયા** મુ.તા.૨, શાબાન–૧૪૩૪, તા.૧૨–૬–૨૦૧૩ને બુધવારના રોજ ૬૨ વર્ષની વયે અલ્લાહ તઆલાની




રહેમતે પહોંચ્યા છે. મર્હૂમા સ્વભાવે ભોળા, મિલનસાર, હસમુખા અને પીરો મુરશિદના ચાહક તથા અહલેબૈત (અ.)ના મોહિબ હતા. ⟶



⟵ બાદરપુર નિવાસી **મર્હૂમા મો.હુરીબેન વલીભાઈ શાહુ** મુ.તા. ૮, શાબાન–૧૪૩૪, તા.૧૮–૬–૨૦૧૩ને મંગળવારના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. તેઓ સ્વભાવે ભોળાં અને હસમુખાં હતાં, મોહંમદ વ આલે મોહંમદનાં મોહિબ, પીરો મુરશિદનાં આશિક હતાં.



⟵ ઈલોલ પહાડીયા નિવાસી **મર્હૂમા મો.ઝૈનબબેન ઈસ્માઈલભાઈ દાંત્રેલિયા** મુ.તા. ૧૬, શાબાન–૧૪૩૩, તા.૨૬–૬–૨૦૧૩ને બુધવારના રોજ ૫૪ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે.



જેઠીપુરા નિવાસી **મર્હૂમ હાજી મો.હસનભાઈ નુરભાઈ માણશિયા** મુ.તા.૨૮, શાબાન–૧૪૩૪, તા.૮–૭–૨૦૧૩ના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. તેઓ સ્વભાવે દયાળુ, સેવાભાવી અને પાંચ ટાઈમના નમાઝી હતા. ⟶

અલ્લાહ તઆલા તમામ મર્હૂમીનને ગરીકે રહેમત કરે અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.


**એહસાનઅલી એચ. બધરા**
(હૈદરપુરા)
મો. ૯૫૩૭૬૭૨૧૭૨
મો.૯૫૩૭૬૬૭૪૧૪
ઓ. ૦૨૭૬૬ ૨૩૪૭૮૬

કમ્પ્યૂટર તેમજ લેપટોપનું રિપેરીંગ કામ સંતોષકારક કરી આપવામાં આવશે.

**આશિષ ઈન્ફોટેક**

**કમ્પલિટ કોમ્પ્યૂટર સોલ્યુશન**

✲ કોમ્પ્યૂટર સેલ્સ એન્ડ સર્વિસ
✲ નેટવર્કીંગ, પેરીફેરલ્સ ✲ લેપટોપ રીપેરીંગ
✲ એન્યુઅલ મેઇનટેનન્સ ✲ સીસીટીવી કેમેરા
✲ સોફ્ટવેર

દુ.નં.૪, સંતોકબા હોલની બાજુમાં, રાજમહેલ રોડ, પાટણ (ઉ.ગુ.) ૩૮૪૨૬૫



**મંજુરઅહેમદ આઈ. ભાગળીયા** (કાકોશીવાળા)
**ફોન : ૦૨૭૬૬ - ૨૨૦૪૨૯**
**મો. : ૯૪૨૯૩ ૮૪૧૨૪**



# ગેલેક્સી ઈન્ફોટેક

- → **કોમ્પ્યુટર વેચાણ અને રીપેરીંગ.**
- → **લેપટોપ વેચાણ અને રીપેરીંગ.**
- → **જુના તથા નવા કોમ્પ્યુટર અને લેપટોપ મળશે.**
- → **કોમ્પ્યુટરને લગતી તમામ એસેસરીઝ મળશે.**
- → **દરેક કંપનીના કોમ્પ્યુટર એસેમ્બલીંગ અને લેપટોપ મળશે.**
- → **Hotels & office & college CCTV Camera installation**

**ડેસ્ટોપ, લેપટોપ, પ્રિન્ટર, સ્કેનર, સોફ્ટવેર એસેસરીઝ**

(અમારા ત્યાં દરેક રીપેરીંગ કામકાજ સંતોષકારક કરી આપવામાં આવશે)

૧૦૬, પહેલો માળ, પાલિકા બજાર, રાજમહેલ રોડ, પાટણ.

# જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

રૂા.૫૧/- મો.ફિરોઝહુસૈન કાસિમભાઇ (કઠોર)તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.) તથા મર્હૂમ કાસિમભાઇની રૂહના સવાબ અર્થે.

**મો.મોહંમદહુસૈન અનવરઅલી વાઘ (ઈલોલ તલાવ) ધોરણ ૧૦માં પાસ થયા તેની ખુશાલી પ્રસંગે તેમના પરિવાર તરફથી મળેલ ડોનેશન.**

રૂા.૧૦૦/- મો.નૂરીબેન નૂરમોહંમદ વાઘ
રૂા.૧૦૦/- મો.અનવરઅલી નૂરમોહંમદ વાઘ
રૂા.૧૦૦/- મો.ફાતેમાબેન અનવરઅલી વાઘ
રૂા.૧૦૦/- મો.હબીબાબેન અનવરઅલી વાઘ
રૂા.૧૦૦/- મો.તાહેરાબેન આબિદઅલી ખાણશીયા
રૂા.૧૦૦/- મો.આબેદાબેન અનવરઅલી વાઘ

રૂા.૧૦૦/- મો.મોહંમદહુસૈન અનવરઅલી વાઘ (ઈલોલ તલાવ) તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા (રહે.અ.)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦/- મો.મહદીઅલી ઈસ્માઈલભાઈ ગોદડ (ઈલોલ પહાડીયા) તરફથી તેમની દીકરી સાજેદાબેન ધો.૧૦માં ઉત્તીર્ણ થઈ તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦૦/- અયમન બિલ્ડકોન (અમદાવાદ–જુહાપુરા)ના ભાગીદારો તરફથી અયમન પાર્ક રેસીડેન્ટ ફ્લેટની સ્કીમ લોન્ચ કરી તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦/- મો.તાહેરાબેન કમરઅલી ચૌધરી તરફથી બી.એડ્.માં પાસ થયાં તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.અકબરઅલી દાવૂદભાઈ ગોદડ (કિશોરગઢ) તરફથી તેમની દીકરી કનીઝફાતેમા બી.એડ્.માં પાસ થઈ તેની ખુશાલી પ્રસંગે.

**ખાટાઆંબા (ઝહીરાબાદ, હિંમતનગર) નિવાસી મર્હૂમ મો.અમદૂભાઈ અમીભાઈ સુથારની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૦૦/- મો.નઝીરહુસૈન અમદૂભાઈ સુથાર
રૂા.૧૦૦/- મો.ઝૈનબબેન નઝીરહુસૈન સુથાર
રૂા.૧૦૦/- મો.મન્સૂરઅલી નઝીરહુસૈન સુથાર
રૂા.૧૦૦/- મો.સકીનાબેન મન્સૂરઅલી સુથાર
રૂા.૫૦/- મો.કુતૂબઅલી મન્સૂરઅલી સુથાર
રૂા.૫૦/- મો.સુગરાફાતેમા મન્સૂરઅલી સુથાર
રૂા.૫૦/- મો.યૂસુફભાઈ અમદૂભાઈ સુથાર
રૂા.૫૦/- મો.હાજેરાબેન યૂસુફભાઈ સુથાર
રૂા.૫૦/- મો.બતૂલફાતેમા મન્સૂરઅલી સુથાર
રૂા.૫૦/- મો.સાબિરઅલી મન્સૂરઅલી સુથાર

રૂા.૫૦૦/- ઈલોલ તલાવ તથા ઈલોલ પહાડીયાના ઝવ્વારે હુસૈન તરફથી ચૌદ માઅસૂમીન (અ.)ની પાક અરવાહના સવાબ અર્થે.

રૂા.૧૦૦/- મો.મોહંમદરઝા ગુલામહુસૈન લોઢા (ઈલોલ પહાડીયા) તરફથી તેમના દીકરા કામયાબઅલી ધો.૧૦માં પાસ થયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૧/- મો.શબાનાબાનુ મંજૂરઅલી (દમણ)તરફથી એસ.એસ.સી.માં પાસ થયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૧/- મો.મર્હૂમ અબ્દેરહેમાન

હાજી નાથાભાઈ તથા મર્હૂમા અમીનાબેન અબ્દેરહેમાનની રૂહના સવાબ અર્થે.

મર્હૂમ મો.મોહંમદઅલી હાસમભાઈ મસી (ઝહીરપુરા કંપા–દેશોત્તર)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.

રૂા.૧૦૦/- મો.હાસમભાઈ વજીરભાઈ મસી
રૂા.૧૦૦/- મો.હુસૈનાબેન હાસમભાઈ મસી
રૂા.૧૦૦/- મો.અકબરભાઈ હાસમભાઈ મસી
રૂા.૧૦૦/- મો.રોશનબેન અકબરભાઈ મસી
રૂા.૧૫૦/- મો.કુલસૂમબેન સાદિકભાઈ પટેલ
રૂા.૧૫૦/- મો.સુગરાબેન રજબઅલી માણસીયા
રૂા.૧૦૦/- મો.કુલસૂમબેન શબ્બીરભાઈ પટેલ
રૂા.૧૦૦/- મો.ઝૈનબબેન મીકદાદભાઈ શેરસીયા
રૂા.૧૦૦/- મો.કુવરબેન રસૂલભાઈ મસી

રૂા.૨૦૦/- મો.અઝમતફાતમા આબિદઅલી ધરખડ (બાદરપુર) તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા (રહે.અ.)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૧/- મો.મોહંમદઅલી હૈદરઅલી મસી (બાદરપુર) તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા (રહે.અ.)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૧/- મો.મુખ્તારઅલી મુસ્તાકઅલી મસી (બાદરપુર) તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા (રહે.અ.)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦૧/- મો.મર્હૂમા સકીનાબેન મોહંમદભાઈ સાઠીયા (બાદરપુર)ની રૂહના સવાબ અર્થે તેમના કુટુંબીજનો તરફથી.

રૂા.૧૦૦૦/- હોટલ માઈલ સ્ટોન, (હિંમતનગર)ના ભાગીદારો તરફથી હોટલના ઉદ્દ્ઘાટનના ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.રાહતઅલી અનવરઅલી કડીવાલા (કાકોશી) તરફથી તેઓ એસ.એસ. સી.માં પાસ થયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.મર્હૂમ હબીબભાઈ જીવાભાઈ બાલવા તથા મો.મર્હૂમા રાજી હબીબ બાલવાની રૂહના સવાબ અર્થે.

રૂા.૨૫/- મો.જાફરઅલી ગુલામહુસૈન (નડીયાદ–સાલડી) તરફથી તેમના દીકરા વારિસહુસૈન એચ.એસ.સી.માં ૬૦% ગુણ મેળવી પાસ થયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૨૫/- મો.જાફરઅલી ગુલામહુસૈન (નડીયાદ–સાલડી) તરફથી તેમના દીકરા અબ્બાસઅલી ધો.૯માં ૬૭% ગુણ મેળવી પાસ થયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.શબ્બીરભાઈ હાસમભાઈ ભોવણીયા તરફથી તેમની દીકરી મેઅરાજફાતેમા એચ.એસ.સી.માં પાસ થઈ તેની ખુશાલી પ્રસંગે.

**મર્હૂમા હુરીબેન વલીભાઈ શાહુ (બાદરપુર) ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૦૧/- મો.હબીબભાઈ દાવૂદભાઈ શાહુ
રૂા.૧૦૧/- મો.અબ્બાસ રસૂલભાઈ શાહુ
રૂા.૧૦૧/- મો.આબિદ રસૂલભાઈ શાહુ
રૂા.૧૫૧/- મો.નૂરીબેન શરીફભાઈ શાહુ
રૂા.૧૫૧/- મો.મહદીઅલી શરીફભાઈ શાહુ
રૂા.૧૦૧/- મો.સકીનાબેન મહદીઅલી શાહુ
રૂા.૧૦૧/- મો.ઈનાયતફાતેમા મહદીઅલી શાહુ
રૂા.૧૦૧/- મો.સકીનાબેન યૂસુફભાઈ શાહુ
રૂા.૧૦૧/- મો.ઈસ્માઈલ યૂસુફભાઈ શાહુ
રૂા.૧૦૧/- મો.હૈદરઅલી હબીબભાઈ મેડા

રૂા.૧૦૧/- મો.ઝહરાબેન હૈદરભાઈ મેડા
રૂા.૧૦૧/- મો.સુગરાબેન ઈમ્દાદ રાબડી
રૂા.૫૧/- મો.અમીનાબેન દાવૂદ મસી
રૂા.૫૧/- મો.અવલીબેન હબીબ ઢાબરા
રૂા.૧૦૧/- મો.ગુલામઅબ્બાસ વલીભાઈ શાહુ
રૂા.૧૦૧/- મો.રેશમાબેન અબ્બાસભાઈ શાહુ
રૂા.૨૧/- મો.ફિઝઝાફાતમા ગુલામઅબ્બાસ શાહુ
રૂા.૧૧/- મો.હસનઅલી અબ્બાસ શાહુ
રૂા.૧૦૧/- મો.મુસ્તાકઅલી વલીભાઈ શાહુ
રૂા.૧૦૧/- મો.આબેદા મુસ્તાકઅલી શાહુ
રૂા.૧૦૧/- મો.સાજેદા મુસ્તાકઅલી શાહુ
રૂા.૧૦૧/- મો.આબિદહુસૈન મુસ્તાકઅલી શાહુ
રૂા.૪૨૯/- મો.ગુલામહૈદર વલીભાઈ શાહુ
રૂા.૧૦૧/- મો.સકીના ગુલામહૈદર શાહુ
રૂા.૫૧/- મો.રહેમતફાતમા ગુલામહૈદર શાહુ
રૂા.૧૦૧/- મો.અઝમતફાતમા ગુલામહૈદર શાહુ
રૂા.૫૧/- મો.કનીઝઝહરા ગુલામહૈદર શાહુ
રૂા.૫૧/- મો.અબ્બાસઅલી ગુલામહૈદર શાહુ

રૂા.૧૦૦/- બંદએ ખુદા તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા (રહે.અ.)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૧૧/- મો.મેઅરાજફાતમા ઈબ્રાહીમભાઈ જાવદી (બાદરપુર) તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા (રહે.અ.)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૧૧/- મો.મોહંમદહસન ઈબ્રાહીમભાઈ જાવદી (બાદરપુર) તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા (રહે.અ.)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦/- મો.કનીઝઝહરા મહંમદઅલી પરબડીયા (સુરપુર) તરફથી તેઓ એચ.એસ. સી.માં પાસ થયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦૦/- બંદએ ખુદા તરફથી જાફરી આવાઝ (માસિક)ને ઉત્તેજન અર્થે.

રૂા.૧૦૦/- મો.મકબૂલફાતેમા ગુલામઅલી સુથાર (મોલીપુર) તરફથી તેઓ ૧૨ કોમર્સમાં પાસ થયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.કામરાનઅલી અકબરભાઈ વરાળીયા (વેળાવાપુરા) તરફથી તેઓ ૧૨ સાયન્સમાં પાસ થયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦/- મો.હસનઅબ્બાસ ગુલામઅબ્બાસ મોમિન (વસો) તરફથી જાફરી આવાઝ (માસિક)ને ઉત્તેજન અર્થે.

રૂા.૧૫૦/- મો.મોહંમદઅલી શબ્બીરહુસૈન વિજાપુરા તરફથી તેઓ એસ.એસ.સી.માં પાસ થયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૩૦૦/- મો.મર્હૂમ હસનભાઈ નુરભાઈ માણશીયા (જેઠીપુરા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.

રૂા.૧૦૦/- મો.ઝૈદઅલી ગુલામમહંમદ ભગત (સુરત) તરફથી તેમના પરિવારના સભ્યો ઉમરા કરવા ગયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૧/- મો.ગુલામજાફર મહંમદહુસૈન મુખી (વસો) તરફથી તેમના પૌત્રી નફીસાફાતેમા મુર્તઝાઅલીના જન્મની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦/- મો.મોહસિનઅલી ગુલામઅબ્બાસ મોમિન (વસો) રાઈસમીલવાળા તરફથી અતીકમોહંમદની શાદીના ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦/- મો.શબ્બીરહુસૈન ગુલામનબી મોમિન (વસો) રાઈસમીલવાળા તરફથી તેમની દીકરી તરન્નુમફાતેમાની શાદીની ખુશાલી

પ્રસંગે.

રૂા.૧૧૦/- મો.મીકદાદહૈદર ગુલામમોહંમદ ભગત (વસો) તરફથી તેમની દીકરી નાદેરાફાતેમાની શાદીની ખુશાલી પ્રસંગે.

રૂા.૩૦૧/- મો.તાલિબઅલી હાજી ગુલામઅલી મોમિન તરફથી તેમના દીકરા એહમદઅલીની શાદીની ખુશાલી પ્રસંગે.

રૂા.૨૫૧/- મો.સલમાનભાઈ હાસમભાઈ ભગત (આણંદ) તરફથી તેમના દીકરા મંજૂરઅલીની શાદી પ્રસંગે.

રૂા.૧૧૦/- મો.અઝમતઅલી નૂરમોહંમદ ભગત (દમણ) તરફથી તેમના દીકરા અકબરઅલીની શાદી પ્રસંગે.

રૂા.૨૦૦/- મો.હૈદરઅલી અલાદઅલી (વસો) તરફથી તેમની દીકરી રહમતફાતેમાની શાદી પ્રસંગે.

રૂા.૫૦/- મો.મોહંમદઈલ્યાસ ગુલામઅલી મોમિન (વસો) તરફથી તેમની દીકરી રહેમતફાતેમાના શાદી પ્રસંગે.

રૂા.૫૦૦/- મો.અમીનાબેન ગુલામમોહંમદ (વસો) તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા સાહેબ (રહે.અ.)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦/- મો.નસીમાબાનુ ગુલામમોહંમદ (વસો) તરફથી તેમના દીકરા હસનઅબ્બાસની શાદીની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૧/- મો.આબિદઅલી ગુલામનબી રોયલવાળા (વસો–લંડન) તરફથી મર્હૂમ રૂશેદઅલી ગુલામઅલીની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૧/- મો.આબિદઅલી ગુલામનબી રોયલવાળા (વસો–લંડન) તરફથી મર્હૂમ મોહંમદઅલી અબ્દુલરહીમ રોયલવાળાની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૧/- મો.આબિદઅલી ગુલામનબી રોયલવાળા (વસો–લંડન) તરફથી મર્હૂમ અબ્દુર્રહીમ અલીભાઈ રોયલવાળાની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૧/- મો.આબિદઅલી ગુલામનબી રોયલવાળા (વસો–લંડન) તરફથી મર્હૂમા ગફૂરબેન અબ્દુલરહીમ રોયલવાળાની રૂહના સવાબ અર્થે.

**મર્હૂમા મો.ઝૈનબબેન ઈસ્માઈલભાઈ દાંત્રેલિયા (ઈલોલ પહાડીયા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૨૦૦/- મો.શબ્બીરઅબ્બાસ ઈસ્માઈલભાઈ દાંત્રેલિયા
રૂા.૨૦૦/- મો.એહસાનઅલી ઈસ્માઈલભાઈ દાંત્રેલિયા
રૂા.૧૦૦/- મો.તાહેરાબેન એહસાનઅલી દાંત્રેલિયા
રૂા.૫૦/- મો.સદાકતફાતેમા એહસાનઅલી દાંત્રેલિયા
રૂા.૫૦/- મો.મુનવ્વરહુસૈન એહસાનઅલી દાંત્રેલિયા
રૂા.૧૦૦/- મો.શબ્બીરઅલી મોહંમદઅશરફ બલોસપુરા
રૂા.૧૦૦/- મો.હુસૈનાબેન શબ્બીરઅલી બલોસપુરા
રૂા.૫૦/- મો.ફિઝ્ઝાફાતેમા શબ્બીરઅલી બલોસપુરા
રૂા.૫૦/- મો.રહેમતફાતેમા શબ્બીરઅલી બલોસપુરા
રૂા.૫૦/- મો.સાજેદાફાતેમા શબ્બીરઅલી બલોસપુરા
રૂા.૧૦૦/- મો.મરયમબેન નુરભાઈ બલોસપુરા
રૂા.૧૦૦/- મો.આયશાબેન ઈબ્રાહીમભાઈ લોઢા
રૂા.૧૦૦/- મો.ઝૈનબબેન અશરફભાઈ મસુ
રૂા.૧૦૦/- મો.નજબઅલી શરીફભાઈ ભુરા
રૂા.૫૦/- મો.ઝેહરાબેન નજબઅલી ભુરા
રૂા.૧૦૦/- મો.મુસ્તાકભાઈ શરીફભાઈ ભુરા
રૂા.૫૦/- મો.ઝેહરાબેન મુસ્તાકભાઈ ભુરા
રૂા.૫૦/- મો.અલીરઝા હાસમભાઈ ભુરા
રૂા.૫૦/- મો.એહમદઅલી હાસમભાઈ ભુરા
રૂા.૧૦૦/- મો.કુલસૂમબેન યાકૂબભાઈ બાદરપુરા
રૂા.૧૦૦/- મો.સકીનાબેન યૂસુફભાઈ દેધરોટીયા

# જાફરી પંચાંગ

**ચાંદ દેખાય તે પ્રમાણે અમલ કરવો.**

| અંગ્રેજી તારીખ | ઈસ્લામી તારીખ | વાર | તા.૧૬ માહે ઓગસ્ટ–૨૦૧૩ થી તા. ૧૫, માહે સપ્ટેમ્બર–૨૦૧૩ મુ.તા. ૮, શવ્વાલ–૧૪૩૪ થી મુ.તા. ૮, ઝિલકાદ–૧૪૩૪ |
|---|---|---|---|
| ઓગ. | શવ્વાલ | – | |
| 16 | ૮ | શુક્ર | યૌમે ગમ ❖ વીંછુડો ઉતરે : રાત્રે ૧૧–૦૭ |
| 18 | ૧૦ | રવિ | **બારમા ઈમામની ગૈબતે કુબરાનો પ્રારંભ** |
| 20 | ૧૨ | મંગળ | વફાત : પીર સૈયદ ગાલિબુદ્દીન (રહે.) ❖ **રક્ષાબંધન** |
| 21 | ૧૩ | બુધ | **રદ્દે શમ્સ ❖ હઝરત અલી (અ.) માટે અસ્ત થયેલો સૂર્ય પાછો ફર્યો.** |
| 23 | ૧૫ | શુક્ર | **વિલાદત : પીર સૈયદ મોહંમદ અબ્દુલ મજીદ (રહે.)** ❖ વફાત : ઈમામ જાફર સાદિક (અ.) |
| 28 | ૨૦ | બુધ | **જન્માષ્ટમી** |
| સપ્ટે.-9 | ઝિલકાદ- ૨ | સોમ | વફાત : જનાબા સૈયદા ખૈરૂન્નિસા બેગમ સાહેબા ❖ **ગણેશ ચતુર્થી** |
| 10 | ૩ | મંગળ | વીંછુડો બેસે : રાત્રે ૧–૪૫ |
| 11 | ૪ | બુધ | વીંછુડો |
| 12 | ૫ | ગુરુ | વીંછુડો ઉતરે : રાત્રે ૫–૨૨ |

## શું તમે આ જાફરી આવાઝ વાંચ્યું ?

## લ્યો ત્યારે, આપો આના જવાબ.

**સંપાદક : મો.અકબરઅલી અબ્બાસભાઈ મસી (ઈલોલ તલાવ)**

(૧) "રાવી" કોને કહેવાય ?

(૨) જહન્નમની એક ખીણનું નામ શું છે ?

(૩) "અમને તારા તરફની સલામતીની કોઈ જરૂર નથી. અલ્લાહે અમને જે સલામતી આપી છે તે ઈબ્ને ઝિયાદે આપેલી સલામતીથી બેહતર છે" આ વાકય કોણે કહ્યું છે ?

(૪) કયા બે માણસો કદી પણ વેરવૃત્તિવાળા હોતા નથી કે એક બીજા સાથે ઝઘડતા નથી ?

(૫) હઝરત અબ્બાસ અલમદાર (અ.)ની માતાનું નામ શું છે ?

(૬) નમાઝની દસ વિશિષ્ટતાઓ કઈ છે ?

(૭) "હું તમને એવાં ઘરવાળાં દેખાડું કે જે તમારી ખાતર આ બાળકનું જતન કરે અને તેઓ તેના શુભેચ્છક પણ હોય ?" આ વાકય કોણે બોલે છે ?

(૮) મૌલા અલી (અ.)ની શહાદત કયાં અને કઈ તારીખે થઈ હતી ?

(૯) જો બે પક્ષો અજ્ઞાની હોય, તો તેઓ ......................ને પણ તોડી નાખશે.

(૧૦) હઝરત અલી (અ.) અને હઝરત અકીલ બન્ને શું સગા થાય ?